# અમૃત મંથન

અમૃત સરિતા પ્રશ્નોત્તરી સ્વરૂપે

## ભાગ-૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૭૮

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.


**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.



**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.




**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.


## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો




**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.



**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.




**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.



**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.



**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.



**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.



**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ. ॥

॥ બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ. ॥

॥ કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ. ॥

॥ અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ. ॥



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# અમૃત મંથન

ભાગ-૧

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૭૮

સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૩૮૦૦૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક:*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**



© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ



(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદઃ ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

**પ્રથમ આવૃત્તિ**

પ્રત : ૨૦૦૦

૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય*** : રૂ. ૪૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ

આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ, અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ, અનાદિમુક્તોને પ્રગટ થવાનો મુખ્ય હેતુ અનંત જીવોને ભગવાનના સર્વોત્તમ સુખનો અનુભવ કરાવી અને ભગવાનના સ્વરૂપમાં જોડવાનો છે.

પરમકૃપાળુ શ્રીજીમહારાજ આ દિવ્ય કલ્યાણકારી કાર્ય જુદાં જુદાં અનેક માધ્યમો દ્વારા કરતા રહે છે. તેમાંનું એક સર્વોત્તમ માધ્યમ છે અનાદિમુક્ત.

અનાદિમુક્તની દિવ્યવાણી અતિ સુખકારી અને કલ્યાણકારી હોય છે. કારણ કે તેમના દ્વારા સ્વયં શ્રીહરિ બોલતા હોય છે.

આપણા સૌના લાડીલા પ્રાતઃસ્મરણીય ગુરુવર્ય અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈ ગી. ઠક્કરની અનુભવસિદ્ધ દિવ્યવાણીને ધ્વનિ મુદ્રણના આધારે ‘‘અમૃત સરિતા’’ ગ્રંથ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલો છે. ‘‘અમૃત સરિતા’’ સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ પ્રવર્તાવેલ સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ, ધર્મ-ભક્તિ, જ્ઞાન-ધ્યાન, કાર્ય-કારણ સત્સંગ, સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા વિશ્વધર્મ વગેરે જેવા અનેક ગહન વિષયોથી ભરપુર છે.

**“જે જ્ઞાન આપણા જીવન ઘડતરમાં ઉપયોગી ન થાય તો તેનો અર્થ ખરો? જીવન ઘડતરમાં ઉપયોગી થાય એ જ્ઞાન કામનું.”**

- પૂજ્યશ્રી નારાયણભાઈ

જીવન ઘડતર માટે આ દિવ્ય પરાવાણી “અમૃત સરિતા” ને પ્રશ્નોત્તરી સ્વરૂપે આ “અમૃત મંથન” ગ્રંથ ત્રણ ભાગમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ. આશા રાખીએ કે આ ગ્રંથ મુમુક્ષુ માટે પ્રભુ પ્રાપ્તિરૂપ અંતિમ મુકામ તરફ દોરી જનારી દીવાદાંડી સમ બની રહે.

સર્વોપરી શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી, મહાન સદ્‌ગુરુશ્રીઓ તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના આદ્ય સંસ્થાપક, પ્રેરક, પોષક ને સંવર્ધક એવા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા આ ગ્રંથનો અભ્યાસ કરનાર, પ્રસાર અને પ્રચાર કરનાર સર્વે સત્સંગી-બિનસત્સંગી ભાઈ-બહેનો સર્વ કોઈ ઉપર ઊતરે એવી અંતરની અભ્યર્થના.

સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ — **પ્રકાશન સમિતિ**
ઈ.સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# ૧

## સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રગટ થવાનો હેતુ શો છે?

જો શરૂ કરવાની કોઈ બાબત હોય તો તે ભગવાન સ્વામિનારાયણથી શરૂઆત કરવી જોઈએ અને ભગવાન સ્વામિનારાયણ પછી તેમના અનાદિ મહામુક્તો જે કામ કરી રહ્યા છે તેમને યાદ કરવા ઘટે. ભગવાન સ્વામિનારાયણ શા માટે પ્રગટ થયા? ભાગવતધર્મના પોષણ માટે, આત્યંતિક મોક્ષ કોને કહેવાય એ સમજાવવાને માટે, પોતાના સ્વરૂપમાં છે એવું દિવ્યત્તમ સુખ ક્યાંય નથી તે સમજાવવાને માટે આવ્યા. સાથે સાથે લોકોને સત્યનો અને અહિંસાનો ધર્મ સમજાવ્યો, બ્રહ્મચર્યની સ્થાપના કરી, નિષ્કામધર્મને દૃઢ બનાવ્યો, નીચલા સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધીના બધા લોકોનો સંપર્ક સાધીને તેમને ઉર્ધ્વગામી બનાવીને પોતાના સુખભોક્તા કરી દીધા. એમણે પૂર્વના અવતારો જેવું કામ કરવાનું રહ્યું નહોતું. તે કામ તો પતી ગયું હતું. એ કામ પતી ગયા પછી બાકી શું રહ્યું? તો ભગવાનના સુખમાં લઈ જવા માટેની પાત્રતા ઊભી કરી દીધી. કંસોને મારવા, મોટા યુદ્ધો જીતવા એ બધું તો ઍલેકઝાન્ડર ધ ગ્રેટ, નેપોલિયન જેવા માણસો પણ કરી

ગયા. એ બધું મોટી વાત નથી. અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયમાં આવું તો ખૂબ ચાલે છે.

જેને આપણે ઐતિહાસિક રીતે મહાન કહીએ છીએ એવા એ નેપોલિયન અને ઍલેકઝાન્ડરની ભગવાન પાસે કોઈ જ ગણતરી નથી. ભગવાન સ્વામિનારાયણમાંથી આ તમામ વિદ્યાઓ પ્રગટ થઈ છે. એની કલ્પના ત્યારે જ આવે કે જ્યારે એ પ્રભુની દિવ્ય અનુભૂતિ થાય. ત્યારે આ લોકના બધા જ વૈજ્ઞાનિક ચમત્કારો, કાર્યો, ઐશ્વર્યો એ ક્ષુલ્લક લાગે. એમ થાય કે આવા કાર્યો તો એના સંકલ્પ માત્રે થાય છે. સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી પર પ્રગટ થયા પછી કંઈ કરવાનું બાકી નથી રાખ્યું. જુઓ, એમણે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી શોભતા હજારોની સંખ્યામાં સંતો તૈયાર કર્યા. જો કે, નંદસંતોને તો અક્ષરધામમાંથી પોતાની સાથે જ લાવ્યા હતા. એ પછી કેવા હોય! નંદસંતોને તો બીજાના કલ્યાણ કરવાને માટે લાવ્યા હતા. એમણે સમાજસેવાની સામાજિક પ્રવૃત્તિ કે આધ્યાત્મિક સેવા, સંગીત, કળા, સાહિત્ય, જ્ઞાન કે એવું કોઈ ક્ષેત્ર બાકી રાખ્યું નથી.

## ૨

## મનુષ્ય જન્મનો ઉચ્ચત્તમ ધ્યેય શું છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જીવનનું ઉચ્ચત્તમ ધ્યેય, દરેક મનુષ્યનું ઉચ્ચત્તમ ધ્યેય ભગવાનના સ્વરૂપમાં જોડાવવાનું છે. એ પ્રાપ્તિ થઈ ગયા પછી કંઈ જ કરવાનું રહેતું નથી. એ કામ શ્રીજીમહારાજે બાપાશ્રીને દ્વાર બનાવીને કર્યું. શ્રીજીમહારાજનું કામ બાપાશ્રીએ એમના સંકલ્પ મુજબ સંપૂર્ણ પૂરું કરાવ્યું. અનાદિ મુક્તરાજનો ધ્યેય દરેકને સર્વોપરી મહાપ્રભુની મૂર્તિમાં રસબસ રાખી દિવ્યસુખને પમાડવાનો હોય છે. અનાદિમુક્તે આપેલા આશીર્વાદ અવિચળ છે. આપણે શ્રદ્ધા અને મહિમા એવા રાખીએ કે બધું ચલિત થઈ જાય, પણ આશીર્વાદમાં કોઈ પણ જાતની અસ્થિરતા આવે નહિ. એક વાત તદ્દન હકીકત છે કે જો આશીર્વાદ મહિમા સાથે, સંપૂર્ણ શ્રદ્ધાથી અને કોઈ પણ જાતના વિકલ્પ વગર ઝીલીએ, તો આપણું સમગ્ર જીવન દિવ્ય બની જાય એમાં કોઈ શંકા નથી. આપણા બધા અવયવો ફરી જઈ ભગવાનનું સ્વરૂપ આપણા અંતરમાં અનાયાસે દેખાશે અને અંત વખતે અથવા તે પહેલાં સ્વામિનારાયણ ભગવાન એ આશીર્વાદ મૂર્તિમાન કરી આપણને એ મૂર્તિના સુખભોક્તા કરશે. આ કંઈ થોડી વાત? આ સત્ય છે એમ માનવાનું. આશીર્વાદ ફરવાના નથી, ભલે આપણે બરાબર પાત્ર ન હોઈએ તો પણ ચિંતા કરવાની જરૂર નથી.

ભગવાન કહે છે કે હું તમારો સર્વોત્તમ ઉદ્ધાર કરી દઈશ અને હું તમને મારી મૂર્તિના સુખમાં રાખીશ એ

ભગવાન પરમાત્મા બોલે એમાં કંઈ ફેર પડે ખરો? ત્યારે આપણે એક નિરાંત તો થઈ ગઈ કે પૂર્ણકામપણું ભગવાનના આશ્રિત થયા એટલે થયું અને બીજું એ પણ પૂર્ણકામપણું હૃદયમાં દૃઢ થઈ ગયું કે હવે પછી આપણો જન્મ રહેશે નહિ. અનેક જન્મ સુધી આપણે કેટલા બધા દુઃખો ભોગવ્યા? હેરાન-પરેશાન થયા. પૂર્વે કોઈ મોટા મુક્તના જોગમાં આવી ગયા તો આ કારણ સત્સંગરૂપ બગીચો જે બાપાશ્રીએ ખીલવ્યો એમાં આપણે પણ આવી ગયા. હું સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરું છું કે આપની દિવ્યસ્મૃતિ પરમપૂજ્ય બાપાશ્રી સહિત હંમેશાં સામે રહે. આપણે એ મૂર્તિરૂપ થઈને કાર્ય કરી શકીએ એવી કૃપાવર્ષા કરી છે તે મહાપથારી સુધી જાળવી રાખી અમારું સેવન કરજો. અને અમને એ દિવ્યસુખના અનુભવમાં મૂકી દેશો કે જે મૂર્તિના સુખમાં અત્યારથી જ અમને રાખવાના આશીર્વાદ આપી દીધા છે. એ આશીર્વાદમાં મુખ્ય બોલનારા તો ભગવાન સ્વામિનારાયણ જ છે. મહારાજ સુખદાતા અને અનંત મુક્તો સુખભોક્તા છે, મુક્તને નિમિત્ત બનાવી પોતે કામ કરે છે.

સર્વોત્તમ માધ્યમ તો અનાદિમુક્ત જ કહેવાયને? કારણ કે અનાદિમુક્ત દ્વારા ભગવાને અનેક કામ કર્યા. આ સદાવ્રત માત્ર થોડા સમય માટે જ નહિ, પણ આ પૃથ્વી - બ્રહ્માંડ ચાલશે ત્યાં સુધી સ્વામિનારાયણ ભગવાન તેમના

અનાદિમુક્તોને આ પૃથ્વી ઉપર પ્રગટ કરી અને ચાલુ જ રાખશે.

## 3

## મનુષ્ય દેહથી કયું દુર્લભ કાર્ય સિદ્ધ કરવાનું છે?

એવું કહેવાય છે કે મનુષ્ય દેહ દુર્લભ છે. મનુષ્ય દેહનો હેતુ ત્યારે જ સર્યો કહેવાય કે જ્યારે એ દુર્લભ કામ સાધ્ય બને. તે દુર્લભ કામ શું, તો પ્રભુના સાધર્મ્યપણાને પમાય. એ દુર્લભ કાર્ય સિદ્ધ કરવા માટે ભગવાનને પામેલા મુક્ત-સંતનો સમાગમ અનિવાર્ય છે. એવા સંતના સમાગમ વગર સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી. આ દુર્લભ મનુષ્ય દેહ દ્વારા એ જ કાર્ય સિદ્ધ કરવાનું છે.

## ૪

## મનુષ્ય દેહ મળ્યા પછી આપણે કેવું જીવન જીવવું જોઈએ? અને પાપ અને પુણ્ય એટલે શું?

મનુષ્યજન્મમાં ભગવાને બુદ્ધિ આપી છે. વિચારશક્તિ આપી છે. બીજી યોનીમાં પશું વગેરે યોનીમાં બુદ્ધિશક્તિ નથી. વિચાર કરવાની શક્તિ નથી. પ્રભુને ઓળખવાની શક્તિ નથી. જ્યારે મનુષ્યજન્મમાં પ્રભુને ઓળખી શકાય. માટે મનુષ્યજન્મ વેડફાઈ ન જાય તે માટે

કાળજી રાખવી જોઈએ. મનુષ્યજન્મમાં દિવસના ચોવીસ કલાક પૂરા થાય ત્યારે એમ તો થવું જોઈએને કે આજની સ્થિતિ શું? આજે આપણે કેટલી પ્રગતિ કરી? કેટલું આગળ વધ્યા કે પાછળ પડ્યા? એ બેયનો સરવાળો કરવો જોઈએ, વિચાર કરવો જોઈએ. પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવું. પ્રભુને ન ગમે એવું વર્તન એનું નામ પાપ અને પ્રભુને ગમે એવું કાર્ય કરીએ તે પુણ્ય. કોઈનો તિરસ્કાર કરીએ તો પ્રભુને ન ગમે. કારણ કે, દરેકની અંદર ભગવાન રહેલા છે. કોઈનું અપમાન કરીએ તો પ્રભુને ન ગમે. કોઈની વસ્તુ ચોરી લઈએ તો ભગવાનને ન ગમે. છાનુંમાનું કોઈનું લઈ લઈએ તો પણ ભગવાનને ન ગમે. સરકારી ચોરી કરવી એ પણ પાપ છે. એ પણ પ્રભુને ન ગમે. કાયદાનું પાલન ન કરવું એ પણ પ્રભુને ન ગમે. કાયદા-કાનૂન એ પ્રભુએ રચેલા કાનૂનો છે. એ પ્રમાણે બધાએ વર્તવું જોઈએ. પ્રભુપરાયણ જીવન જીવવું એનો અર્થ એ છે કે જે જે કાર્યો કરીએ તેમાં સૌ હા પાડે કે આ બરોબર છે. આપણે કોઈ કાર્ય એવું કરીએ કે જે કોઈને ન ગમે તો સમજવું કે એ બરાબર નથી.

કેટલીકવાર એવું બને કે સમજનારની સમજણ ખોટી હોય એના લીધે સંતપુરુષનું વચન એને ન ગમે. એ વિચારવાની બાબત છે. પાપ અને પુણ્ય. પુણ્યનો અભાવ એનું નામ પાપ અને પાપનો અભાવ એનું નામ પુણ્ય. પ્રભુનો સંબંધ રાખીએ તો કોઈ ખોટી વસ્તુ આપણા મન,

કર્મ, વચને ન થાય. પ્રભુને રાખવાનો અર્થ એ છે કે પ્રભુથી કોઈ ખોટું કામ થતું નથી. સંપૂર્ણ સત્ય એટલે પરમાત્મા. પરમાત્માનું સ્વરૂપ એ સંપૂર્ણ સત્ય અને પ્રેમ સ્વરૂપ છે. માટે જે પ્રભુને સાથે રાખે એ હંમેશાં સારી રીતે વર્તી શકે. પ્રભુ અંતર્યામી છે. મનની અંદર પણ ખોટો સંકલ્પ કરીએ, ખોટો વિચાર કરીએ, કોઈનું ખોટું થાય એવો પણ સંકલ્પ કરીએ, પોતાના સ્વાર્થને ખાતર બીજાનું જરાકે ય બગાડીએ એ પણ પ્રભુ તો જાણે છે. આડંબર કરીએ તે પણ પ્રભુ જાણે છે. તો આ બધી જ વાત ભગવાન જાણે છે. પોતાના અંતરાત્મામાં બિરાજેલા ભગવાન આ બધું જાણે છે. એમ જો બરોબર મનુષ્ય વિચાર કરે તો એ ખોટું નહિ કરે.

## ૫

## મનુષ્ય જીવનના મહત્ત્વ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આ મનુષ્ય જન્મની એકે એક પળ અમૂલ્ય છે. મૂલ્યવાન છે. એના તુલ્ય કોઈ મૂલ્યવાન વસ્તુ નથી. એ અમૂલ્ય છે. આ જન્મે પ્રભુને મેળવવા માટે થોડો પ્રયત્ન કર્યો હોય તો એ જરૂર ઊગી નીકળશે, પણ બીજો જન્મ ધરવો પડશે. અને ત્યાંથી શરૂઆત કરવી પડશે. એ કરતાં સંત મળે તો તરત જ ન કરી લઈએ? જેથી આ જન્મે જ પાર આવે.

# ૬
## આપણને દેહભાવ રહે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

પ્રભુની કૃપાદૃષ્ટિ પડી જાય અને એમ કહે કે તમને અમે અમારી મૂર્તિમાં રાખ્યા છે એનો વિશ્વાસ રાખજો. સમય આવ્યે એ સુખ ભોગવાવશે. તો આ કૃપાનું કામ છે. એકવાર કૃપાથી જો અલગ રીતે જુઓ તો શ્રીજીમહારાજના સુખમાં સંપૂર્ણ પાત્રતા વગર રહી શકાતું નથી. ગમે તેટલા ઉત્સવ સમૈયા કરે, ગમે તેટલી ભક્તિ કરે, ખૂબ જપ-તપ બધું જ કરે, છતાં પણ એ સુખમાં રહેવાની પાત્રતા કેળવી શકાતી નથી. અનેક જન્મ સુધી કરે ત્યાર પછી ભગવાનના અનાદિમુક્ત એને પ્રાપ્ત થાય છે. અને એ અનાદિમુક્ત દ્વારા ભગવાન એના ઉપર કૃપા વરસાવી આશીર્વાદ આપે ત્યારે જ એ સુખમાં રહેતા આવડે. બાપાએ ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો, છતાં આપણને સૌને એમ લાગે કે આ દેહભાવ કેમ જણાય છે? એ દેહભાવ ખોટો સમજવો. કેવળ વધુ સુખ આપવાને માટે, આ અવરભાવના કામ કરાવવાને માટે શ્રીજીમહારાજ અને બાપાશ્રીને ઓળખાવવાને માટે બાધિતાનુવૃત્તિ રાખી છે.

## ૭

## દેહની માવજત શા માટે કરવી જોઈએ? અને જાગૃત અવસ્થાનું અનુસંધાન સમૂળગું કેવી રીતે નીકળી જાય?

આ દેહ મહારાજનું દેહ મંદિર છે એમ માની એની માવજત કરવી. એમાં દેહબુદ્ધિ રાખીને ન કરવું બરોબર? એ તો જાળવવું પડે ને? નહિ તો મહારાજ રાજી ન થાય. આપણે અહીં આ જુઓ બધા છોકરાઓએ ભેગા થઈને હૉલ કેવો સરસ રાખ્યો. મહારાજ રાજી થાય એવું કર્યું ને? ત્યારે આપણે મહારાજનું દિવ્ય સ્થાન સમજીને મંદિર જેવું બનાવવું. આપણા ચૈતન્યને ભગવાન બિરાજે એવો મંદિર જેવો બનાવી દેવાનો.

હવે દેહમંદિર બીજાના કલ્યાણ કરવામાં ઉપયોગી ખરું કે નહિ? આ દેહ અદૃશ્ય થઈ જાય એટલે મહારાજના મુક્ત કેવી રીતે વાત કરે કહો? પછી દિવ્ય સ્વરૂપમાં એકે ય અવયવ કે શક્તિ ત્યાં પહોંચતી નથી. તો અદૃશ્ય થઈ ગયા પછી ગતિ ન હોય તો શું કરો તમે? એ વાત કેવી રીતે સાંભળો? ગોપાળાનંદ સ્વામી હતા ત્યારે વાત કરે, બે જણ ભેટે એ તો બધું ન થાય ને? એ ક્યારે થાય? કે જ્યારે એ સ્થિતિ થઈ જાય ત્યાર પછી વાત છોડી મૂકો. મનુષ્યરૂપમાં ભેટતા એના કરતાં ઔર આલિંગન થાય બરોબર? એ તો

વાત જ મૂકી દો. જ્યાં સુધી ભગવાનના મુક્ત હોય, ત્યાં સુધી આપણને લાભ લેવાનું કહ્યું. બાપા બિરાજતા હતા ત્યારે બધાએ લાભ લીધો. મોટા-મોટા એ જોગમાં રહી સુખિયા થઈ ગયા. એમ આપણે પણ એ સદ્ગુરુઓ, એ બાપાને યાદ કરી એમના વચનોનું સ્મરણ કરતા રહેવું. જેથી આપણામાં બળ આવે. ભગવાનની મૂર્તિ સાંભરે અને સ્વપ્ન અવસ્થા ટળી જાય, સુષુપ્તિએ ટળી જાય અને જાગૃત અવસ્થાએ ટળી જાય, પરંતુ જાગૃત અવસ્થા ટળી જાય તો પછી રહ્યું શું ભાઈ? જાગૃત અવસ્થામાં અનુસંધાન રાખવું પડે. સ્વપ્ન અવસ્થામાં હેરાનગતિ થાય. સ્વપ્ન અવસ્થા એટલે સૂક્ષ્મ સૃષ્ટિમાં ચૈતન્યની ગતિ થઈ જાય છે બરાબર? એના લીધે જાત-જાતના દશ્યો પૂર્વ જન્મમાં થયા હોય એ અને પોતાની નબળાઈઓ બધાય દશ્યનું એ અવસ્થામાં અંદર દર્શન થાય. ત્યારે જાગૃત રહે તો ન થાય.

જાગૃત અવસ્થામાં અનુસંધાન રાખવું પડે કે હું મહારાજની મૂર્તિમાં છું અને હું અનાદિમુક્ત છું. એવું અનુસંધાન રાખ્યા જ કરવું પડે. પણ એવું ને એવું ચાલે ને? તો એ જાગૃત અવસ્થા પણ ટળવી જોઈએ. એટલે અનુસંધાન માત્ર નીકળી જવું જોઈએ. પાણી ભર્યું હોય અને આપણે કાંઠે બેઠા હોઈએ ને હવા આવે એનું અનુસંધાન રહ્યા કરે, પણ આપણે એમાં ડૂબકી મારી દઈએ તો? તો હું પાણીમાં છું, પાણીમાં છું એવું અનુસંધાન રાખવું પડે? ના રે

ના એ તો પાણીનું સુખ અનુભવવાથી ખબર પડે. ત્યાર પછી અનુસંધાનની વાત ગઈ. અનુસંધાન રહે ત્યાં સુધી સાધનદશા. અનુસંધાન સમૂળગું નીકળી જાય. સતત ભજન કરવાનું, મહારાજની મૂર્તિ સંભારવી. એટલે સ્વપ્ન અવસ્થા જાય. પછી જાગૃત અવસ્થા ય જાય અને સુષુપ્તિ અંધ-ધંધ અવસ્થા ય જાય એમ. પણ એ બધું શેના લીધે થાય? મહારાજની મૂર્તિને લીધે.

## ૮

## આપણે જીવન પર્યંત કયું કાર્ય કરવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે બીજા જે જે સંપર્કમાં આવે એને ગળે ઊતરે એવી રીતે આ વાત જો કરાય કે ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે, કઈ રીતે છે એ વાતને જો સમજાવી શકીએ અને મહારાજની મૂર્તિરૂપ બનવા માટે ભગવાનની એકતા કરવાને માટેની જે અલૌકિક લટક છે એ પણ જો એને સમજાવી શકીએ. અને ભગવાનને જેમ છે તેમ ઓળખે એવું જો આપણે એક જીવને સમજાવીએ તો પણ મહારાજ એક-એક બ્રહ્માંડ ઊગાર્યા જેટલું ફળ આપે. તો અત્યારે સાર્ધ શતાબ્દી નિમિત્તે બાપાશ્રીએ આપણને સોંપેલું કાર્ય કરવું જોઈએ. આપણે બહુ જનના સમાસ માટે ભલે મહોત્સવ ઉજવીએ. પણ ખરું આ કામ છે કે જણ-જણ પ્રત્યે આ સંદેશો

પહોંચે એવું કરવું. પ્રવૃત્તિમાં રહેતા હોઈએ. વ્યવહારમાં મથતા હોઈએ છતાં પણ કોઈ પ્રસંગ ઊભો કરીને પણ આ વાત તરફ જીવોનું ધ્યાન દોરવું. થોડો સમય લેવો. જીવન પર્યંત આ કામ કરવાનું. બાપાએ અને મહારાજે જીવન પર્યંત આ જ કર્યું. તો આપણે પણ એ કરીએ. મહારાજ પ્રગટ હતા ત્યારે પણ સર્વોપરીતા સમજવી અઘરી હતી. એ સમજવી અઘરી તો પડેને? જીવોની કક્ષા ન હોય અને સર્વોપરીતા સમજવી એ એટલું બધું દુર્લભ છે, એટલું બધું કલ્પનાતીત છે કે જ્યારે પાત્રતા આવે, ત્યારે જ આ વાત સમજાય. આપણે પૂર્વે પુણ્ય કર્યા હશે ત્યારે આ સર્વોપરીતા સમજાય છે. સાર્ધ શતાબ્દીએ અનાદિમુક્ત બાપાશ્રીની ઉજવણી કરવી એના જેવો કોઈ આનંદ, એના જેવું કોઈ મહાપર્વ નથી. આ લોકમાં મનુષ્યો પોતાનો જન્મદિન ઉજવે છે. કેટલી બધી ધમાલ મચાવે છે. કેટલો બધો ખર્ચ કરે છે? કેટલાક લગ્નની જયંતી પણ ઉજવે છે. પણ અનાદિમુક્તની જયંતી ઉજવવી એટલે મહારાજની મૂર્તિના સુખમાં રહેવા જેટલા પાત્ર બની જવું. એ પણ મહારાજની કૃપાથી. અને એ આશીર્વાદ ઝીલવા માટે તૈયાર રહેવું. સારામાં સારી કોઈ વાત જો આપણે ઝીલવાની હોય તો તે આ અભય આશીર્વાદ છે. ભગવાન અને ભગવાનના મુક્તો ગયા નથી, પણ એવાને એવા પ્રત્યક્ષ છે. અને એવું જ કામ કરે છે.

## ૯

## આપણે દરેક ક્રિયા, પ્રવૃત્તિ અને કર્મ કેવી રીતે કરવા જોઈએ?

મહારાજ કહે મારી મૂર્તિના સંબંધ વિનાની કથા-વાર્તા, વિદ્યા ભણવી એ બધું જ નિર્બીજ છે. સબીજ ન ગણાય. ભગવાનના સંબંધવાળી બધી જ વાર્તા, કથા-વાર્તા, ઉત્સવ સમૈયા એ બધું જ ભગવાનના સંબંધવાળું હોય તો સબીજ કહેવાય, અને નિર્ગુણ કહેવાય. ત્યારે આપણી બધી જ ક્રિયા, બધી જ પ્રવૃત્તિઓ નિવૃત્તિ કર્મ અને પ્રવૃત્તિ કર્મ બધાય ભગવાનની મૂર્તિના સંબંધવાળા થવાં જોઈએ.

## ૧૦

## કથા, વાર્તા, ભજન, પાઠ, પૂજા વગેરે સાધનો કરવાનું શું મહત્ત્વ છે? અને આ બધા સાધનો ક્યારે પડતા મૂકવા જોઈએ?

કથા-વાર્તા બધું કરવું જોઈએ. બધું જરૂરી છે. શા માટે જરૂરી? એ મહાપ્રભુજીને પામવા માટે, પાત્ર થવા માટે. એ સુખમાં પહોંચ્યા પછી કથા-વાર્તા, પૂજા-પાઠ કશું જ રહેતું નથી, છતાં પણ ભગવાન સમાસને અર્થે એ કરે છે કે જેથી

બીજાને સ્થિતિ કરાવી શકે.

આ સ્થિતિમાં પહોંચવા માટે આ બધું જરૂરી છે. કથા-વાર્તા બધા સાધનો છે. કાંટો કાઢવા માટે સોય લઈએ છીએ. કાંટો નીકળી ગયા પછી સોયને ચોવીસ કલાક ખિસ્સામાં પાસે ને પાસે કાંઈ રાખીએ છીએ? એને ય મૂકી દઈએ છીએ. એમ કથા-વાર્તા, બીજા શાસ્ત્રોનું વાચન કર્યું હોય કંઈક માથાકૂટ કરી હોય એ બધું ભૂલવું પડેને. પંડિતો કેટલું બધું મગજમાં ઘાલે છે. એ ભૂલવા ધારે તો પણ ન ભૂલી શકે. પછી એ જ્ઞાન એને એવું પજવે કે પછી ભગવાનને કહે, મને અજ્ઞાની બનાવી દે. એમ કહે છે કે અજ્ઞાનના બે પ્રકાર. જે જ્ઞાન ખોટું ભર્યું હોય તેને ભૂલવું એ અજ્ઞાન. એવું અજ્ઞાન જોઈએ. બધું ભૂલે તો મૂર્તિનું સુખ આવે. બાકી થોથા કંઈ કામ ન આવે. ત્યાં પહોંચ્યા પછી એની કાંઈ જરૂર નથી. પણ મહારાજ કહે છે કે કથા-વાર્તા કર્યા વગર અમને તૃપ્તિ થતી નથી. એનો અર્થ સમજવા જેવો છે. કથા સાંભળવામાં અમને તૃપ્તિ થતી નથી. વાત બરાબર છે. કથામાં શું આવે છે? મહારાજની મૂર્તિના ચરિત્રો આવે. મહારાજ અહીં બેઠા છે. તો કથા મનન તો મહારાજનું જ કરાવે છે કે નહિ? એટલે તૃપ્તિ નથી થતી. મહારાજ જ્યારે પોતાની કૃપા વરસાવીને પોતાનામય બનાવી દે, ત્યાર પછી કથા-વાર્તા એ સાધનની જરૂર રહેવા દેતા નથી. ભગવાન કહે છે, કે સાધન પૂરા થઈ ગયા. હવે તું મોકળો, બોલો.

પછી તો સુખ જ ભોગવવાનું. કોઈ મહેનત કે કાંઈ ન રહેવા દીધું?

મહારાજ કહે છે, જ્યાં સુધી અમને ન પમાય, ત્યાં સુધી સાધન કરવા જ પડે. પ્રસન્નતારૂપ સાધન કરવા પડે. ન કરે તો ઉપાસના કેવી રીતે થાય? કથા ન કરે તો મનન કેવી રીતે થાય? જગતના ઘાટ થવા માંડે. માટે મહારાજે બધાને કથામાં રસતરબોળ રહેવા માટે પોતાનું નિમિત્ત કર્યું, કે અમને કથા સાંભળવામાં તૃપ્તિ થતી નથી. આપણને પણ ન થવી જોઈએ. પછી પોતાને એમ લાગે છે કે કાંટો બરાબર નીકળી ગયો તો કથા-વાર્તા-પૂજા-પાઠ એ પ્રસન્નતાના સાધન એ બધા સોયને ઠેકાણે છે એ સોયથી કાંટો કાઢી નાખ્યો અને સુખિયા કર્યા પછી એ જ આપણને છોડી જાય છે. બધા સાધન આપણી રજા લે છે. એ સેવકરૂપ બને છે. સાધન બધા સેવક છે. આપણને પહોંચાડીને પછી આપણી રજા લે છે કે હે મહારાજ, હવે તમારી રજા લઈએ છીએ. હવે તમે મોટા થયા. હવે મહારાજની મૂર્તિમાં કિલ્લોલ કરો.

## ૧૧

## સાચી વિદ્યા કોને કહેવાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સંતો એમ કહે છે કે દુનિયામાં મોટામાં મોટી સિદ્ધિઓ

પ્રાપ્ત કરવાને માટે પણ લોકો આખી જિંદગી કાઢે છે. કેટલી બધી મહેનત કરે છે. વિદ્યાર્થી ગ્રેજ્યુએટ થવાને માટે બાળમંદિરથી માંડીને નર્સરી કે કે.જી.થી માંડીને ગ્રેજ્યુએટ થાય, પોસ્ટગ્રેજ્યુએટ થાય, ત્યાં સુધી સત્તર-અઢાર વર્ષો સુધી સાધના કરે છે. અગિયારથી પાંચ શાળામાં જાય, ઘરે આવે, ગૃહકાર્ય આપ્યું હોય શિક્ષકોએ એ બેસીને તૈયાર કરે, સવારે વહેલો ઉઠે, ત્યારે સત્તર વર્ષે એ ગ્રેજ્યુએટ થાય. ગ્રેજ્યુએટ થયા પછી ય નોકરી મળે નહિ. ગ્રેજ્યુએટ થયા પછી તમે એને બી.એ.ની કોઈ બાબત પૂછો તો કાંઈ ન આવડે. પરીક્ષામાં જાય અને ત્યાં લખી આવ્યો બસ. ગ્રેજ્યુએટ થઈ ગયા પછી એની કિંમત કાંઈ નહિ. ત્યારે એ વિદ્યા નથી. વિદ્યા એનું નામ કે જે મુક્તિ અપાવે. साविद्यायाविमुक्तये । મુક્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. દુઃખ કેનું નામ? કે જે નાશ પામે એ વસ્તુની આકાંક્ષા એનું નામ દુઃખ. એક જ એવું છે, આત્મા અને પરમાત્મા એ બંનેનો યોગ એ શાશ્વત છે.

## ૧૨

## તંત્રવિદ્યા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક દૂબળો હોય અને એક જાડો હોય તો જાડો

દૂબળાને પકડીને મારે તો છૂટી શકે એકદમ? બળ ન હોય તો શી રીતે છૂટે? એમ મેલીવિદ્યાવાળા તાંત્રિકો એ અસુરી તત્ત્વો છે. કારણ કે તંત્ર વિદ્યા બે કામ કરે છે. એક નાશક તરીકે વર્તે છે અને એક સર્જક તરીકે પણ વર્તે છે. ભગવાન સ્વામિનારાયણની તંત્રવિદ્યા સર્જન કરે છે. જ્યારે આ તંત્રવિદ્યા મલિન તંત્રવિદ્યા છે. એ નાશક તરીકે કામ કરે છે. બધાયને હેરાન કરે ને એનો ધંધો જ હેરાન કરવાનો. અને એને વળગી રહે તો એ એનું થોડું થોડું ભૌતિક કામ કરી આપે. એ કામ તો ક્ષણભંગુર છે. એ ક્યાં સુધી ટકવાનું? એનું આપણે શું કામ હોય? ખરો તાંત્રિક એ જ કે જે ભગવાનની તંત્રવિદ્યા શીખવે. અને એ તંત્રવિદ્યાથી સર્વ સુખ થાય.

પછી મેં એને સમજણ પાડી કે જો હું સમજાવું છું એ સાચી તંત્રવિદ્યા છે. આ બધી તંત્રવિદ્યા મલિન છે. જો એના સંસર્ગમાં આવે તો હેરાન થવાય. હવે શું થાય? ખાડો હોય તેમાં ભૂલથી પણ પગ પડી જાય તો મચકોડાઈ જાય તો આમ-આમ (લંગડા) ચાલવું પડે ને? જ્યાં સુધી એવું થાય, ત્યાં સુધી હેરાન થવું પડે. જો તમે મલિન તંત્રવિદ્યામાંથી છૂટો નહિ, ત્યાં સુધી શિક્ષા તો ભોગવવી પડે કે નહિ? આનંદથી ભોગવી લેવી, પણ બળ રાખવું કે આપણે એ વિદ્યા છોડી મૂકવી છે. આટલું સમજવું જોઈએ. ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. અને ધ્યાન કરતાં હોય તો એ

તંત્રવિદ્યા આડી આવે ને તો એને ઉડાડી મૂકવી જોઈએ. એટલે ધીમે-ધીમે એ વિદ્યા ફોક થઈ જાય. પછી પગે લાગીને ભાગી જશે તમને કે ભાઈ, હવે હું જાઉં છું. છોડ મને. પણ એ ઝટ જાય નહિ. એ તો બળે અને એને ભગવાનનો તાપ લાગે. જો ભગવાનનું બળ હોય તો ભાગી જ જાય ઊભી જ ન રહે.

## ૧૩

**શ્રીજીમહારાજે ૨/૩ વચનામૃતમા દ્રોહ ન કરવો ને અવગુણ ન લેવો એવી વાત કરી છે. આ દ્રોહ શું છે? અને સત્સંગી કે અધિકારી વર્ગ આજ્ઞાલોપરૂપી દ્રોહ કરે તેનું શું કરવું?**

તો દ્રોહ એટલે મન, કર્મ, વચને પોતાનું કે બીજાનું અશુભ થાય, એને નુકસાન થાય, એના જીવનું બગડે, બગાડવું એનું નામ દ્રોહ. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહી દીધું કે જો અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ અધિકારી કરતો હોય (ઑફિસર્સ સ્ટેજમાં) તો પણ એને દૂર કરવો. તો એ દ્રોહ છે કે અદ્રોહ છે? તો એ અદ્રોહ છે. કેમ? કારણ કે એને ખસેડી મૂકવાથી એને ભાન થાય છે કે આ મેં ખોટું કર્યું. તો એનું સુધર્યું કે બગડ્યું? જો આજ્ઞાલોપ ચલાવો તો જીવનો નાશ થઈ જાય. મહારાજે એમ પણ કહ્યું કે જો (અધિકારી વર્ગ આજ્ઞા લોપ) ચલાવે તો એને ભૂત અને બ્રહ્મરાક્ષસનો

દેહ આવે. આ શ્રીહરિના મુખના વચનો છે. તો નહિ ચલાવવું જોઈએ. આપણું ન ઉપજે તો શું કરવું? મહારાજ કહે છે કે ન ઉપજે તો એનો મૌન પ્રતિકાર કરવો અને એનો ત્યાગ કરવો એવું કહી દીધું છે વચનામૃતમાં. ત્યાં નહિ રહેવું જોઈએ, જો પોતાથી ન બની શકે તો મહારાજને પ્રાર્થના કરી માળા ફેરવવી પડે છે. મહારાજ તરત જ એની પ્રાર્થનાનો સ્વીકાર કરીને એને (આજ્ઞા લોપનારને) સુધારે છે. પણ જો એની વચ્ચે રહે તો મહારાજ કહે છે કે એ ઉપાધિ છે. ઉપાધિમાં રહીને મુક્તદશા આવતી નથી. તો એ ઉપાધિમાં રહીને આજ્ઞાલોપ જોયા કરવો એ દ્રોહ કહેવાય.

દ્રોહ એ દ્રોહ છે. એને સુધારવો એ અદ્રોહ છે. સત્સંગને વિશે દિવ્યભાવ રાખવો. આચાર્ય, સંત ને હરિભક્ત એ સત્સંગ. મહારાજની વ્યાખ્યા પ્રમાણે. જો આ સમૂહ હોય એને સત્સંગ કહેવાય. અને સંત કહેતાં શ્રીહરિના સંબંધવાળા સર્વે, એવા સમૂહને વિશે દિવ્યભાવ રાખવો. એવો સમૂહ ન હોય ને આજ્ઞાલોપ થતો હોય તો દિવ્યભાવ ન રહેતાં દ્રોહ થઈ જશે, અવગુણ આવી જશે એમ ધારીને આંખમિચામણા ન કરાય. એનો પ્રતિકાર શુદ્ધ બુદ્ધિથી કરવો પડે. એ અદ્રોહ છે. નહિ તો એના જીવનું બગડી જાય. કેટલાયનું બગડી જાય. આ આજ્ઞા લોપે એટલે બગડે ને? આજ્ઞા એ મહારાજનું સ્વરૂપ છે. મહારાજે આજ્ઞાના વચનામૃતમાં સ્પષ્ટપણે કહ્યું છે. આ વચનામૃત

બધે વાંચવું. એની પારાયણ કરવી. એ વચનામૃતથી તો કેટલો બધો દ્રોહ ઓછો થઈ જાય! દ્રોહ એટલે ખરાબ થવું. પોતાનું ખરાબ થવું એટલે પોતે આજ્ઞા લોપે તો પોતાનો દ્રોહ કર્યો કહેવાય. બીજા આજ્ઞા લોપે અને એ આજ્ઞા લોપને દૂર ન કરે તો બીજાનો એટલે પારકો દ્રોહ કર્યો કહેવાય. એટલે પોતાનો કે પારકાનો દ્રોહ ન થાય એ રીતે જીવનનો રાહ ગોઠવી દેવો જોઈએ. આ સ્વામિનારાયણ ભગવાનની ખરી રીત થઈ. આ દ્રોહની વ્યાખ્યા સમજવી ઘટે.

## ૧૪

### પ્રશ્નો શા માટે પૂછવા જોઈએ? અને પ્રશ્નો પૂછતી વખતે શું ધ્યાન રાખવું જોઈએ? તેના વિશે સભામાં પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર આપીને પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ગયા વખતે કહેલું કે પ્રશ્નો હોય તો કહેજો તો આ ત્રણ-ચાર પ્રશ્નો આવ્યા છે. એ પ્રશ્નો મૂર્તિ સંબંધી છે. સારા પ્રશ્નો છે. મારો કંઠ હવે બરાબર ચાલતો નથી. છતાં કોઈ કામ માટે ભગવાન થોડીવાર ચલાવે છે. પ્રશ્નોમાં એક પ્રશ્ન એવો કર્યો છે કે પહેલેથી તમારા સ્વાનુભવો કહો તો સૌને લાભ થાય. એ તો શુભ છે, પરંતુ મારે પણ ધર્મસંકટ હોય ને? શું ધર્મસંકટ? મારું મર્યાદિત અંગ છે. જો

સ્વાનુભવો કહું તો મર્યાદાના અંગનો લોપ થાય. એ સ્વાનુભવમાં કોઈવાર આત્મપ્રશંસા જેવું બીજાને લાગે તો શિક્ષાપત્રીનું વચન લોપાય. સ્વાનુભવો પૂછવા એ સારી વાત છે, પણ મારા માટે ધર્મસંકટ. એટલે પ્રશ્ન કરનાર એવો આગ્રહ ન રાખે એમ હું ઈચ્છું છું. ટૂંકમાં આપણા સૌનો સ્વાનુભવ શું છે? મહારાજની મૂર્તિ. એમ મારો પણ અનુભવ મહારાજની મૂર્તિ. જેમ તમારો એવો મારો. તો સ્વાનુભવ થઈ ગયો ને? તો આપણા સૌનો એક જ સ્વાનુભવ પરમ કૃપાળુ શ્રીહરિના દિવ્ય સ્વરૂપની મૂર્તિ.

બીજા એક પ્રશ્નમાં પ્રશ્નકર્તા એમ કહેવા માંગે છે કે વાહનમાં બ્રેક મારે ત્યારે આપોઆપ પગ પડી જાય છે. તો મૂર્તિમાં આપોઆપ કેમ એવું નથી થઈ જતું? વાહન હંકારે એને ચલાવવામાં બરાબર પ્રભુત્વ આવી ગયું હોય. આંખો મીંચીને પકડે તો પણ ગાડી સરસ ચલાવે. એણે એટલો બધો મહાવરો કર્યો હોય કે કુદરતી રીતે જ કોઈ આડું આવે તો બ્રેક પડી જાય. એમ મહારાજની મૂર્તિનો એવો અભ્યાસ નિરંતર થયા કરે, ચાલુ રાખે તો સહજ થઈ જાય. જેમ બ્રેક ઉપર પગ પડી જાય, તેમ સહજ જ મૂર્તિ ન ભૂલાય. અરે ભૂલે તો પણ ન ભૂલાય. એવું થઈ જાય. એ નિરંતર અભ્યાસ ૧૮ વર્ષ સુધી કરો જોઈએ ચાલો. થયા વગર રહે ખરો? થાય જ. તો આ પ્રશ્નકારને મૂર્તિ દેખાય છે, એનો અર્થ એ કે એણે મૂર્તિ દૃઢ કરી છે ખરી. ખરેખર જો એમ હોય

તો હવે એ દૃઢ કરતાં વાર નહિ લાગે. હવે નિરંતર અભ્યાસથી કીર્તનગાન ચાલુ રાખે અને ગોપીની જેમ, ગોપી કોણ? નંદ સંતો. એની જેમ ભગવાનની મૂર્તિમાં પ્રેમમગ્ન થઈ જાય તો મૂર્તિ ન ભૂલાય. પછી તો આપોઆપ જેમ બ્રેક ઉપર કન્ટ્રોલ હોય એમ આપોઆપ દેખાયા જ કરે. ગમે તેવું કામનું ભારણ હોય તો તેને તે ન લાગે.

હવે એવું લાગવા માટે એ ભાઈને બે મૂંઝવણ છે. ઊભી - બેઠી ગમે તે એક મૂર્તિને સન્મુખ જુએ છે. ઊભી એટલે ઊભી જ મૂર્તિ દેખાય. એક વૃત્તિ કામમાં રાખે છે અને બીજી વૃત્તિ મહારાજની સામે રાખે છે. હવે બે વૃત્તિએ કામ કરે એ ગાડું કેટલું આગળ ચાલે? ભૂલી જ જાયને? એક વૃત્તિ જ્યારે કામના ભારણમાં બરાબર પરોવાય, એટલે મૂર્તિ સામેની વૃત્તિ બંધ થઈ જાય. એ કુદરતી છે. એ બંધ ન થાય એટલા માટે બાપાશ્રીએ પ્રતિલોમ ધ્યાનની લટક શીખવી. શું શીખવ્યું? મહારાજે જે શીખવ્યું એ બાપાશ્રી સ્પષ્ટ કરે છે. મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી આકારે રહિત વર્તો. ત્યારે બધા સંતોને એમ થઈ ગયું કે, આ મહારાજે નિરાકારની વાત કરી નાંખી! અરે ભાઈ, નિરાકારની વાત નથી કરી. સ્વામીને જ્યારે પ્રશ્ન પૂછ્યો. ત્યારે સ્વામીએ એમ કહ્યું કે આકાર રહિત વર્તો. એનો અર્થ એ છે કે આ તમારા દેહનો આકાર ભૂલી જાઓ અને એક મારો જ આકાર યાદ રાખો. તો આ દેહ છે એ ભૂલી જઈએ અને

મહારાજ બિરાજે છે. મૂર્તિ અહીં ન દેખાય? એમ દેહમાં રહીને ચૈતન્ય કામ કરે છે કે સામે ઊભા રહીને કામ કરે છે કહો? દેહમાં રહીને કામ કરે છે. એમ મહારાજની મૂર્તિમાં ચૈતન્ય જ્યારે ભાગવતીતનુ, ભગવાનના આકારે આકાર. વચનામૃતમાં લખે છે ને પોતાનો આકાર આપી દે છે. ભગવાનના આકારે થાય, એ દિવ્ય સ્વરૂપમાં આપણે રહી જવું. અંદર રહીને મહારાજને બધી જ ક્રિયા કરતા જુઓ તો પછી આમ (સન્મુખ) જોવાનું ન રહે. પછી આમ જ કાર્ય (પ્રતિલોમપણે) બરાબર થાય કે નહિ કહો? થાય જ. અરે! મહારાજ કરે છે. હાથ એનો, મસ્તક એનું, આંખ બધું જ એનું થઈ ગયું. અંદર રહીને જોવાનું. પછી ક્યાં કામનું ભારણ એને રોકી શકે? એનો નિરંતર અભ્યાસ કરો. જેમ આમ બેઠી મૂર્તિ બેઠી રહે છે એવું છે? એ તો દિવ્ય કર્તા થઈ બધું જ કરે છે. આપણી જે જે ક્રિયા હોય એ બધી કરે છે. જણ – જણ પ્રત્યે ક્રિયા કરે છે એ બધી એની છે. બોલવું – ચાલવું કરે તો ય એ, બીજી બાજુ હાથ નમે તો એ. અરે એ તો બધું જ કરે, પણ દિવ્યભાવમાં એનો આનંદ ઔર હોય છે. પરંતુ એ જ આનંદને પામવાને માટે આ પ્રતિલોમ ધ્યાનની રીત, એ જો કરીએ આ (દેહનો) આકાર ભૂલી જઈ આ (દેહના) આકારની જગ્યાએ મહારાજનો આકાર ખડો કરી દઈએ અને મૂર્તિ સાથે જોડાઈ જઈએ તો બ્રેક ને બ્રેક એવું બધું કાંઈ ન થાય. એ તો આપોઆપ બધું થાય.

એક જણ ભગવત્સ્વરૂપદાસજી સ્વામી પાસે આવ્યો. તેણે આવડું મોટું લીસ્ટ ધર્યું કે આટલા વાંધા છે. સ્વામીએ મને કહ્યું કે હું ધ્યાન કરું છું ને તમે એને જવાબ આપો. મહારાજ તમારી સાથે છે. એને ઓરડામાં બેસાડ્યા. પછી મેં એમને કહ્યું કે હું જવાબ આપું એની સામે તમે ઉત્તર ન કરી શકો તો મારી વાત માન્ય રાખવી બરાબર છે? તો કહે, હા બરાબર છે, એનો જવાબ ટૂંકામાં ટૂંકો આપું પછી એ મૌન સેવે. જ્યારે એને કેટલું ય કહેવું હતું. પછી કહે હા મહારાજ. એમ ઓગણીસ પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યમાં જ આપ્યા.

એક વત્તા એક બરાબર બે જેવી વસ્તુ છે. બોલો. અત્યારે હાળું આવું બધું ચાલે છે. પ્રશ્નો ખુશીથી પૂછવા. છૂટ છે, પણ ગ્રંથિ કાઢવા માટે. મારો સમય કાંઈ બગાડવા માટે નથી. અહીં કંઈ કોઈ ગામ ગપાટા કે ખોટી ચર્ચા કરી અને સમય બગાડવા માટે થોડા છીએ? જો જવાબ બરાબર લાગે અને એને આચરણમાં મૂકવો હોય તો શ્રીજીમહારાજની સાક્ષીએ પ્રશ્ન પૂછવા આવવું. નહિતર ન આવવું. ભગવાન અને ભગવાનના મુક્તોને એવો સમય નથી કે જે તમારા માટે ફાળવ્યા જ કરે. તમારી શું પડી છે? તમારે એમની પડી છે. એક વાત સ્પષ્ટ કર્યા પછી તમે જ્યાં જાવ ત્યાં જો ગેરસમજ ચાલતી હોય તો એ વાત સ્પષ્ટ કરો.

## ૧૫

## નીરોગી કોને કહેવાય? આપણને નીરોગી કોને બનાવ્યા છે?

ભગવાનના આશરે થાય એટલે દુઃખ જતું જ રહે ને! સ્વામી (વૃંદાવનદાસજી સ્વામી) કહેતા કે મૂર્તિમાં રાખ્યા પછી ક્યાં દુઃખ - બુખ, કાંઈ ન રહે. રહ્યું મને કહે? મેં કહ્યું ના બાપજી, બરોબર? એ એવા હતા. તો આપણે બધા આપણા રોગ તો ક્યારના જતા રહ્યા. તદ્દન નિરોગી જ છીએ. દુઃખી થવાનો તો હવે કોઈ અવકાશ જ નથી. સદાય સુખી. કોઈ દિવસ દુખિયા માનવું નહિ. દુઃખને સંભારીએ તો ગાંડા થઈ ગયા કહેવાઈએને! ભગવાનની નિરોગી મૂર્તિ છે. નિરોગી એટલે, એકલો (દેહનો) રોગ જ નહિ ચૈતન્યના બધા રોગો પણ નહિ, એકેય દોષ જ નહિ. ઐશ્વર્યમાં ય રાગ નહિ. કોઈ રાગ જ નહિ. એ બધા જ રોગથી રહિત હોય તેને નિરોગી કહેવાય. ત્યારે બાપાશ્રીમાં રહીને મહારાજે આપણને એવા નિરોગી બનાવી દીધા છે.

## ૧૬

## ચાતુર્માસમા નિયમ લેવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે આ ચાર મહિના હીરાભાઈનું દૃષ્ટાંત લઈને એવું કરીએ તો? બે વર્ષ પહેલા હીરાભાઈ મારી પાસે બેઠા હતા. એ વખતે નિયમ લેવાનો દિવસ હતો. (નિયમ

એકાદશીનો દિવસ) તો મને કહે, મને કંઈક એવું નિયમ આપો કે મને ખૂબ આનંદ આવે મહારાજની મૂર્તિનો. પછી મેં કહ્યું ભાઈ, ક્યું નિયમ આપું? મારાથી એવું નિયમ કદાચ બોલાઈ જવાય કે તમને કઠણ પડે તો તમને થોડી વ્યાધિ થાય તો નિયમ તો એવું આપવું જોઈએ કે તમે સરળતાથી પાળી શકો, તો કહે ના મને દુઃખ નહિ થાય તમે આપો. હું કહું છું ને આપો, તો મેં કહ્યું તમે ચાર ગ્રંથોનો અભ્યાસ કરી નાંખો. (૧) રહસ્યાર્થ વચનામૃત (૨) શિક્ષાપત્રી રહસ્યાર્થ (૩) બાપાની બે ભાગની વાતો અને (૪) સોમચંદબાપા કૃત અબજીબાપાશ્રીનું જીવન ચરિત્ર. આ ચાર ગ્રંથો તમારે પૂરા કરવા, સમજપૂર્વક વાંચવા. મેં કહ્યું આ તો અઘરું પડેને! તો કહે ના હું વાંચીશ. ઓહો... ઓહો! મેં કહ્યું આ ચાર ગ્રંથો વાંચો તો બધું જ સમજવાનું સમજાઈ ગયું. પછી એકવાર એમણે એ ગ્રંથો કારતક સુદી અગિયારસ સુધીમાં પૂરા કર્યા. ઘરે બેસે વાંચે, કાયમ વાંચે. કોઈની સાથે વાતો કરે નહિ, મારે ત્યાંય ન આવે, આવે તો ટાઈમ બગડેને! એટલે આવતા નહિ. હું સમજું. એટલે આવતા નહિ અને પોતે કહ્યું કે હું કરીશ એટલે પાછા કરે. એટલે એમણે એ ચાર ગ્રંથો પૂરા કર્યા.

આપણે આપણી શક્તિ પ્રમાણે નિયમ લેવો. એક ગ્રંથ વંચાય, બે ગ્રંથ વંચાય જે શ્રદ્ધા હોય તે પોતાની મેળે મહારાજ પાસે નિયમ લેવો. સંકલ્પ કરીને બરોબર! શક્તિ

પ્રમાણે નિયમ લેવો અને રોજ ધ્યાન કરવું. પંદર મિનિટ, પંદર મિનિટ રાત્રે સૂતી વખતે, સવારમાં, રાત્રે નિદ્રા ઉડી જાય તો પંદર મિનિટ ધ્યાન કરવું. વધારે થાય તો સારું આ તો પંદર મિનિટ થઈ શકે, એટલે બોલું છું. તો મહારાજના સ્વરૂપનું ધ્યાન કરવું. રાત્રે તો શાંતિ હોયને! એ વખતે ધ્યાન સારું થાય. સવારમાં ધ્યાન સારું થાય. મહારાજનું સ્વરૂપ આ ચાર મહિના એવું દઢ કરીએ કે નખશિખાન્ત આંખો મીચીએ ને મૂર્તિ દેખાય અને મહારાજનું એક જ સ્વરૂપ રાખવું. મહારાજનું જે સ્વરૂપ વહાલું લાગે, પોતાને ધારવામાં જે જલદી આવે એવું હોય એ એક જ સ્વરૂપમાં ધ્યાન કેન્દ્રિત કરવું. ફેરવ ફેરવ ન કરવું, નહિ તો કોઈ દિવસ સિદ્ધિ ન થાય. જુદું જુદું સ્વરૂપ ન ધારવું. ઘડીકમાં આ સ્વરૂપ ને ઘડીકમાં આ સ્વરૂપ. તો એક જ સ્વરૂપ ધારવું. બધા સ્વરૂપ સાકરનું નારિયેળ છે એમ સમજવું બરોબર! પ્રભુની એ કળા છે કે આટલા બધા મંદિરો છે એમાં ઘનશ્યામ મહારાજ પધરાવેલા છે. હરિકૃષ્ણ મહારાજ છે. જુઓ તો દરેક સ્વરૂપમાં થોડો થોડો ફેર હોય. જેમ આ છોટાભાઈ ને એમના દીકરામાં ફેર છે કે નહિ? એમ ઘનશ્યામ મહારાજ પણ વૈવિધ્ય ધારણ કરે છે, પણ બધાં સ્વરૂપ સાકરનું નારિયેળ. ધીમે ધીમે એ સ્વરૂપરૂપ થાવું. દિવ્ય દર્શન આપો આપ થશે. એ સ્વરૂપ એકદમ તેજોમય થઈ જશે. એ સ્વરૂપ એટલું બધું સૌંદર્ય રૂપ ધારણ કરશે કે

વાત મૂકી દો. પણ એક સ્વરૂપ રાખવું. પછી એ સ્વરૂપ પોતે જેમ છે તેમ આપણને દર્શન કરાવશે. ધીરજ રાખવી. અરે, અંત સુધી ધીરજ રાખવી. અધીરા ન થવું. અધીરા થાય એ ભગવાનને છોડીને ચાલ્યો જાય છે. એની શ્રદ્ધામાં ઠેકાણું રહેતું નથી, નાસ્તિક બની જાય છે. અધીરા બનવું નહિ. ભગવાનના સ્વરૂપમાં રહેવું હોય, એ સ્વરૂપમાં જેને રહેવું હોય એને ધીરજ રાખે જ છૂટકો. ધીરજ તો હોવી જોઈએને? ભગવાનના સ્વરૂપ પ્રત્યે કોઈ દિવસ કાયર ન થવું. મહારાજ જરૂર રાજી થાય. શરૂઆતમાં તો ભગવાન પરીક્ષા કરે કે આ મને છોડી દે છે કે વયો જાય છે? તો આપણે આ ચાર મહિના આમ કરીએ.

ચાર મહિના આપણે નિયમ લઈએ કે મહારાજની સ્મૃતિ કરતા કરતા કરવું. હવે એક નિયમ તમને કહું. એમ કે જાગૃત રહેવાનું. સહેલામાં સહેલું અને સારામાં સારું, ઊંચામાં ઊચું. કોઈ વસ્તુ મોઢામાં મૂકવી કે પાણી પીવું હોય તો એ પહેલા પાંચ- દસ સેકન્ડ મહારાજની સ્મૃતિ કરીને પછી પીવું. સ્વામિનારાયણ એમ મનમાં બોલવું આટલું કરીએ. એ નિયમમાં રાખવું. પછી ટેવ પડી જાય. કેટલીકવાર જમીએ તો એમને એમ જમવા માંડીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીની માએ થાળી કાઢીને તો સ્વામીએ જમવા જ માંડ્યું. તો મા કહે, ખાઉધરો છે, ખબર નથી પડતી. એવો વિચિત્ર શબ્દ વાપર્યો મા ખરીને! તો સ્વામીને

કહ્યું, કેટલો ઉતાવળો છો? હજી ભગવાનને ધરાવ્યા વગર જમવા માંડ્યું. એટલી ખબર ન પડે કે ભગવાનને જમાડીને જમાય? સ્વામી કહે, મા હું ભગવાનને જ જમાડું છું. તો કહે, ક્યાં જમાડશ ભગવાનને? તો એમની માને ભગવાન જમતા દેખાયા. ગુણાતીતાનંદ સ્વામી મહારાજને જમાડે છે એવા દર્શન કર્યા એટલે સંકલ્પ ટળી ગયા. એમ જે સ્થિતિમાં વર્તતા હતા એ સ્થિતિનું દર્શન કરાવ્યું. એટલે આપણે એમ ને એમ નહિ જમવાનું. ગુણાતીતાનંદ સ્વામીની જેમ જમવાનું. મહારાજની મૂર્તિનું અનુસંધાન રાખીને જમવું જોઈએ. તો આ તો સહેલું કહેવાયને? પાણી પીએ તો ભગવાનની સ્મૃતિ રાખવી, મોઢામાં કાંઈ મૂકીએ તો ભગવાનની સ્મૃતિ રાખવી. જમતી વખતે સ્મૃતિ રાખીને પછી જમવું.

## ૧૭

## આપણે પ્રતિકાર કોનો અને કેવી રીતે કરવો જોઈએ તેના વિશે શ્રીજીમહારાજના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

વ્યક્તિ તરફ તિરસ્કાર નહિ કરવો, પણ એ જે પ્રતિકાર, એ જે અસત્યે સત્ય ઉપર આક્રમણ કર્યું એનો આપણને અફસોસ. એના સામે આપણે પ્રતિકાર. એ પ્રતિકાર બુદ્ધિપૂર્વક સરસ રીતે સમજાવીને કરવો. મહારાજ

સમય જોઈને પ્રકરણો પણ બદલતા. પરમહંસની દીક્ષાઓ આપી દીધી. ભાગવતી દીક્ષા લઈને શું કામ? પેલા વૈરાગીઓ કંઠી-તિલક જુએને! એટલે સંતોને મારવા જ માંડે. મહારાજ કહે, કાઢી નાંખોને આ કંઠી-તિલક. કંઠી-તિલકનું કામ છે કે મારું કામ છે ને મારી મૂર્તિ સમજાવવાનું કામ છે? મહારાજે બધું કઢાવી નાંખ્યું. માળા-બાળા બધું. કંઠી-તિલક-ચાંદલો બંધ. પૂજા કરવાનું પણ બંધ. બધું બંધ. અમારા જ્ઞાનની વાતો કરો. સદ્‌ઉપદેશ આપી લોકોનું કલ્યાણ કરો બસ. એ કામ કરો. તો સંતોએ એ જ કરવા માંડ્યું. એટલે કોઈને આ સ્વામિનારાયણના સાધુ છે એમ ખબર ન પડે. તો વૈરાગીઓ પણ સાંભળવા માંડ્યા. વૈરાગીઓ કહે કે સાધુ મહારાજ, તમારી વાતો તો બહુ સારી. તમારા જેવા સાધુ આવ્યા એટલે ઓલા સ્વામિનારાયણના સંતો તો હવે બંધ જ થઈ ગયા. આ સંતો હસે, પણ ઓલા સમજી શકે નહિ. આ સંતોએ વાતો કરી કરીને એવો ભાવ ઉત્પન્ન કર્યો કે એમ થયું કે આના જેવા તો કોઈ સંતો જ નથી. પછી એવો મોટો સમાજ ઊભો થયો ભાવવાળો અને આ સંતોને ગુરુઓ માનવા લાગ્યા. ગુરુ તરીકે માનવા લાગ્યા ત્યાં સુધી ભગવાને એવી સ્થિતિ રૂંધી રાખી કે કોઈને સૂઝ્યું જ નહિ કે એમ તો પૂછીએ કે તમારા ગુરુ કોણ? તમે આ બધું કોની પાસેથી સમજ્યા કે પછી તમારી જાતે સમજ્યા?

જ્યારે બધું એવું વાતાવરણ તૈયાર થઈ ગયું, ત્યારે કોઈએ પૂછ્યું કે તમારા ગુરુ કોણ? સંતોએ જોઈ લીધું કે આપણો પ્રભાવ હવે બરાબર જામી ગયો છે. એટલે હવે ખરું સત્ય જાહેર કરીએ તો કશો જ વાંધો નથી. હવે કોઈ વૈરાગીઓ લાકડી લઈને સામા થાય એમ નથી. પછી કહે કે ભાઈ, જે સ્વામિનારાયણના સંતોને તમે મારતા હતાને! એ જ સંતો અમે છીએ. સ્વામિનારાયણ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. તમે અમને મારતા માટે ભગવાને કહ્યું કે આ તિલક-ચાંદલા સાથે તેઓને વેર છે, એટલે એ કાઢી નાંખો, પ્રભુને ઓળખે એટલે કંઠી-તિલક-ચાંદલો તો આવી જ ગયા અને આ બધું જે જ્ઞાન કર્યું તે બધું જ સ્વામિનારાયણ ભગવાનનું પીરસેલું અક્ષરે - અક્ષર તમારી પાસે મૂક્યું. તમને સારું લાગ્યું કે નહિ કહો? પછી કહે મહારાજ, બહુ ભૂલ કરી અમારા અપરાધ....! સંતો કહે અરે, ભગવાન તો બહુ દયાળુ છે. તમારા બધાયના અપરાધ દૂર કરી દેશે. પછી વૈરાગીઓ કહે, ગુરુઓ હવે તમે તિલક-ચાંદલો કરો. અમે જ તમને તિલક-ચાંદલો કરીએ. પછી બધાએ તિલક-ચાંદલો કર્યા. આપો-આપ જ ભાગવતી દીક્ષા ગ્રહણ થઈ ચૂકી કે નહિ? પરમહંસની દીક્ષા તે સમય પૂરતી હતી તે ચાલી. અને પાછી ભાગવતી દીક્ષા થઈ અને જે વિરોધ કરતા હતા તે બધા જ ભગવાનના ચરણોમાં ઢળી પડ્યા.

એમ એ બધા જ ટેકેદારો વચનામૃત રહસ્યાર્થના ચરણોમાં ઢળી પડે એવું જ કરીએ નહિ? અવશ્ય પ્રતિબંધ ઉઠશે જ બરોબર! એમાં આપણે આ સેવા કરવાની પણ મેં કહ્યું એમ. એટલે ધીમે ધીમે એ પ્રતિબંધ જરૂર હટશે.

## ૧૮

## અજ્ઞા લોપના પ્રતિકાર વિશે સદ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સદ્‌ગુરુ વૃંદાવન સ્વામી ધ્રાંગધ્રા પધારેલા હતા ત્યારે મને પૂછ્યું કે આજે સભા તો બહુ મોટી છે. એ સભામાં જે આવ્યા હતા, જે આખી સભા થઈ એ અનાદિમુક્તની સભા હતી? મેં કહ્યું આપ બિરાજો છો એમાં સાક્ષાત્ મહારાજ બિરાજે છે. અને એ વખતે એ આખી સભા અનાદિમુક્તની સભા સાથે જોડાઈ ગઈ હતી, એટલે એ વખત તો એ આખી સભા અનાદિમુક્તની થઈ, પણ જે જે આવેલા એ બધા જ કંઈ અનાદિમુક્ત હતા એમ નથી. એમાં ચાલોચાલે ય હતા. ગુણભાવવાળા ય હતા. આશીર્વાદ જીરવે અને ઝીલે એવા પણ હતા. આ મારી સમજણ છે. એમાં ખામી હોય તો એ તમે સુધારો. તો મને કહે, જીરવે અને જેને અદ્ધરથી ઝીલાય એટલાને અનાદિમુક્તની સ્થિતિ થઈ જાય, બાકી ધીરે-ધીરે આવશે. એમાં ચાલોચાલ હોય એને વારે ય લાગે થોડોક

સમય જાય, પણ એ દૃષ્ટિમાં આવ્યા એટલે કાળે કરીને કાં તો આ જન્મે ભગવાનની ઇચ્છા મુજબ જો એ વિશ્વાસ ધારણ કરે તો પહોંચી પણ જાય. અવિશ્વાસ હોય તો થોડો વિલંબ પણ થાય એમ. પણ દિવ્યભાવનો અર્થ એ નહિ કે હું આજ્ઞાલોપ કરું ને એ તમે નિહાળ્યા કરો. મને તમારે કહેવું જ જોઈએ. બરાબર! હાથ જોડીને, એકલા બોલાવીને. અને જો સમૂહમાં આજ્ઞાલોપ થતો હોય તો એનો પ્રતિકાર સદ્‌ભાવથી કરવો જ જોઈએ. આજ્ઞાલોપ કેમ ચલાવાય? આજ્ઞાલોપ તો કદીયે ન ચલાવાય.

## ૧૯

## આપણે કોઈનો અવગુણ લઈએ ત્યારે શું ધ્યાન રાખવું જોઈએ?

આપણે કોઈનો અવગુણ લઈએ ત્યારે એને જાણપણું થાય કે આને મારો અવગુણ આવ્યો તો એ દૂભાય કે નહિ? તો એ હિંસા થઈ કે નહિ? જો હિંસા થઈ તો ભગવાન રાજી કેવી રીતે થાય? ત્યારે અવગુણનું જાણપણું કેવળ રહે, પણ એ અવગુણને લીધે અભાવ ન આવવો જોઈએ. અને એને ખબર પણ ન પડે કે આને મારો અવગુણ આવ્યો ને એનો અવગુણ ટળી જાય એવી જે આવડત તે કેળવવી જોઈએ. એમાં ભગવાન રાજી છે. અવગુણ અવશ્ય ટાળવો. અવગુણો જોવામાં પણ આવે. અવરભાવમાં જોવામાં

આવે, પણ એ અવગુણ ત્યારે જ નુકસાન કરે કે એ અવગુણને લીધે સામેવાળાને નુકસાન થાય, એની પ્રતિષ્ઠા ઘવાય અને એનું દિલ દુભાય અને એને કોઈ ફાયદો ન થાય. એટલે આપણે એનો અવગુણ લઈએ તો આપણે એનું ભલું ન કર્યું. એટલે બધાનું ભલું થાય એવો ભગવાનનો સ્વભાવ છે તો એવો મુક્તનો પણ સ્વભાવ હોવો જોઈએ કે નહિ? તો એવો સ્વભાવ રાખવો.

## ૨૦

## શ્રીજીમહારાજ મારામાં/આપણામાં રહીને કામ કરે છે એવું ક્યારે બોલી શકાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાની વિલક્ષણ બાબતો એનું પણ અનુસંધાન રાખવું. એ બધા ચરિત્રો બાપા દ્વારા કોણે દેખાડ્યા? અનાદિમુક્તો દ્વારા કોણે બતાવ્યા? મહારાજે જ તો. બધા મુક્તોમાં રહીને કામ કોણ કરે છે? મહારાજ જ કરે છેને? આપણે એ ભૂલીએ નહિ કે આપણામાં રહીને મહારાજ કાર્ય કરે છે. પરંતુ એવું બોલવું નહિ. જો આપણે બોલ્યા કરીએ તો કોઈકને ગતિ ન થઈ હોય તેને તો એમ લાગેને કે આવા ને આવા ગપ્પા મારે છે. બોલવાની મનાઈ કરી છે મહારાજે. ક્યારે બોલવું? કે જ્યારે મહારાજ બાધિતાનુવૃત્તિ ખેંચી લે અને પૂર્ણ સ્વરૂપમાં પ્રકાશવા માંડે ત્યારે. અને

જ્યારે મહારાજ પોતે જ પ્રકાશે તો પોતે જ બોલશે કે, હું સહજાનંદ સ્વામી સૌનો અંતરજામી. ન બોલી શકે? સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે એનો અર્થ શું? જળ-તરંગવત્ એકતા સ્વામી સેવકભાવે. એ અનાદિમુક્ત એ એવા સંત છે કે જેમાં અને મહારાજમાં એક રતી ફેર નથી. એટલે કે મહારાજ સ્વયં એ મુક્તમાં રહી - એ મુક્તના દેહમાં રહીને- કાર્ય કરે છે. એ જબરજસ્ત કામ કરે કે નહિ? ત્યારે જ્યાં સુધી એવી સ્થિતિ છતી દેહે ન થાય, ત્યાં સુધી એવું અનુસંધાન રાખવું. અરે! એ સ્થિતિ થાય ત્યારે તો આપણને ખબર જ રહેતી નથી કે આપણે શું કરીએ છીએ. એ તો મહારાજ જ કરે. આપણે તો ક્યાંય સુખમાં ડૂબી ગયા હોઈએ. કાંઈ ખબર ન પડે. ક્યાં ખબર પડે છે? કારણ કે મહારાજ મુક્તના ભાવમાં એ મુક્તમાં રહીને કામ કરે છે માટે મુક્તભાવ દેખાડે છે. નહિતર એમ જ કહે કે હું પોતે જ સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ ભગવાન હું પોતે જ છું! સદ્‌ગુરુ વૃંદાવન સ્વામીને પ્રશ્ન કર્યો હતો કે સ્વામી! તમે જ કહો છો કે આ બધી ક્રિયા મહારાજ કરે છે, આમ કરે છે, બોલે છે, કરે છે તો આ કોણ બોલે છે? અત્યારે બોલે છે એ વૃંદાવન સ્વામી બોલે છે કે મહારાજ બોલે છે? ત્યારે સ્વામી હસીને કહે કે મહારાજ બોલે છે, ભગવાન સ્વામિનારાયણ બોલે છે! એટલી બધી સ્પષ્ટતા કરી! નહિતર સમજણ ક્યાંથી થાય, એવી સ્પષ્ટતા ન કરે તો?

પુરુષોત્તમરૂપ થવા માટે બોલ્યા વગર એવું થવું, એવું કરવું. બોલ બોલ ન કરવું. કોઈ પૂછે કે તમે અનાદિમુક્ત છો? તો કહેવું કે ભાઈ! મહારાજે આશીર્વાદ આપ્યા છે કે તમને અનાદિમુક્તની પંક્તિમાં બેસાડી દીધા છે અને અમે એ અનુસંધાન રાખીને શ્રીજીમહારાજના સ્વરૂપરૂપ થવા માટે આગળ વધીએ છીએ. પણ બેસાડી દીધા છે એવા આશીર્વાદ દીધા છે એમાં પૂર્ણ શ્રદ્ધા છે. આવો જવાબ આપવાનો. બરાબર? ત્યારે જવાબ આપવાની રીત પણ ધ્યાનમાં રાખી અને બાપાશ્રીએ જે આ વસ્તુ આપણને સમજાવી તેનું અનુસંધાન રાખવું.

## ૨૧

## આપણામાં રહેલા પૂર્વના સ્વભાવોનું પરિવર્તન શું કરવાથી થાય?

મૂર્તિમાં જોડાઈએ એટલે દેહભાવનું આવરણ મટી જાય એટલે કે બધાય આવરણો ટળી જાય. આપોઆપ પૂર્વના સ્વભાવોનું પરિવર્તન થઈ જાય. એટલે અખંડ આનંદ આવે. આપણે તો બોલવું-ચાલવું એ બધું જ મૂર્તિમાં રહીને કરવાનું. બીજા બધાય ખાય-પીવે, બોલે-ચાલે બધું જ કરે છે અને પેલો પણ એની એ ક્રિયા કરે છે, પણ એ મૂર્તિમાં રહીને કરે છે. ક્રિયા બેયની સરખી દેખાય. પણ પેલી ભગવાનની મૂર્તિના સંબંધવાળી હશે અને આને મૂર્તિના

સંબંધ વગરની હોય. પણ એ તો બીજાને ખબર ન પડે. એ રીતે અંદર વધવું. બરાબર? અંદર વધીએ તો અવયવો ફરી જાય. દેહભાવમાં તો અનેક દોષો હોયને? કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, ઈર્ષ્યા, તૃષ્ણા આ બધા જ દોષો છે. અંતઃશત્રુઓ. એ અંતઃશત્રુઓ આ દેહમાં છે. ત્રણ દેહ છેને? રાગ-દ્વેષ એ બધું આમાં ભરેલું છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ દેહમાં આ બધાય દોષો અને માયા બધું જ અંદર છે. એ દોષો સહિત વર્તવું એ દેહભાવે વર્ત્યા કહેવાય. એટલે દેહભાવ રહિત વર્તવું એટલે કે આ બધાયથી રહિત થવું. અને આ બધાયથી રહિત થવું હોય તો સીધેસીધું મૂર્તિમાં જોડાવાનું કરવું એટલે આ બધા ખસી જાય.

## ૨૨

## કોનો તિરસ્કાર (દ્રોહ) ન કરવો જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા હોય તેના તરફ કોઈ દિવસ તિરસ્કાર ન થાય. બીજા કોઈ તરફ પણ ન થાય. આપણને તિરસ્કાર શેના તરફ થાય? આજ્ઞાલોપ તરફ થાય. એ આજ્ઞાલોપ દૂર થાય એટલે મહામુક્ત બની જાય કે બીજું કાંઈ? ચૈતન્ય તો સરસ છે. આજ્ઞાલોપ રૂપે રહેલા આવરણો હટી જાય તો કેટલા મહાન સંત બની જાય!

બંને દેશમાં સત્સંગ કેટલો શોભી ઊઠે? દ્રોહની વ્યાખ્યા મેં તમને કહી હતી કે એ દ્રોહ એનું નામ કે મન, કર્મ, વચનથી કોઈનું ખરાબ ઇચ્છવું નહિ કે કરવું નહિ. ધારો કે હું આજ્ઞાલોપ કરું છું ને તમે મને આજ્ઞાલોપ કરતો અટકાવો તો મારું શ્રેય કર્યું કે અહિત કર્યું? મારું શ્રેય કર્યું કે નહિ? અને જો મને અટકાવો નહિ તો મારો દ્રોહ કર્યો કે નહિ? કારણ કે મને ખાડામાં હડસેલી દીધો કહેવાય.

આજ્ઞાલોપ થાય એટલે દશા શું કે ખાડામાં પડવાનું. એટલે જન્મો જન્મ હેરાન થવાનું. તો આજ્ઞાલોપ સામે કળપૂર્વક, બુદ્ધિપૂર્વક, સમજણ આપીને, સંપર્ક સાધીને કે કોઈ પણ પ્રકારે મારો આજ્ઞાલોપ તમે અટકાવો તો હું તમારી ઉપર અનંત ઉપકાર માનું. તો દ્રોહ થતો મટે કે નહિ? અત્યારે કેટલો બધો દ્રોહ થાય છે. હું આજ્ઞાલોપ કરું તો હું મારો જ દ્રોહ નથી કરતો? પોતાનો અથવા પારકો દ્રોહ ન કરવો એમ ભગવાન કહે છે.

## ૨૩

## માનવ દેહમાં રહેલ ચૈતન્યનું મહાત્મ્ય શા માટે છે?

અનંત કોટી બ્રહ્માંડો ભગવાનની ઇચ્છાથી લય પામે છે, ઉત્પન્ન થાય છે તેમાં આ નાનકડી પૃથ્વી, તેમાંય નાનકડો પુરુષ તેમાં કેટલી બધી મહાબુદ્ધિ! પણ બધા બ્રહ્માંડો કરતાં પણ આ માનવદેહમાં રહેલો ચૈતન્ય સૌથી

મહાન છે. અનંત કોટી બ્રહ્માંડો પણ આની તુલ્ય આવે નહિ. કારણ કે આ માનવદેહમાં રહેલો ચૈતન્ય જ્યારે મહારાજના અનાદિ સંત-મુક્તોના પરિચયમાં આવે, ત્યારે મહાન સંત બની જાય છે કે જે અનંત બ્રહ્માંડોને પણ હચમચાવી મૂકે- ડગમગાવી દે એવા મહાન બને છે.

## ૨૪

## કેવળ દૃષ્ટિમાત્રથી સ્વભાવ અને કર્મ કોણ કાઢી શકે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સ્વભાવ-કર્મ બદલવા એ તો એક અવતારી પ્રભુ જ કરે. માટે એ અવતારી પ્રભુ આપણને મળ્યા છે તે આપણે બધાને ઓળખાવવા. અને કહેવું કે સ્વામિનારાયણનું ભજન કરો અને તમે જુઓ કે કેટલી બધી શાંતિ ને સુખ પ્રાપ્ત થાય છે. તમારા બધા દુઃખ દૂર થઈ જશે. પર્વતભાઈએ મયારામ ભટ્ટજીને કહ્યું કે જુઓ મયારામ ભટ્ટ, તમે તુર્યાવસ્થા અને મહાકારણ દેહ અને મહારાજની મૂર્તિથી ઓરી બીજી ભૂમિકાઓનું વર્ણન કરતા થાકતા નથી. એનું શું કામ છે? એ તો (ધામમાં જતાં) રસ્તામાં આવે છે. એ મેં જોઈ છે. એને હટાવીને કાઢી નાંખી અને મહારાજના સ્વરૂપમાં પહોંચી ગયા. કારણ કે એ તુચ્છ લાગે છે. ત્યારે તુર્યાવસ્થાનું વર્ણન કરાય? તુર્યાવસ્થાનું ત્યાં ક્યાં કોઈ વજન છે? તો મહારાજનો મંત્ર સ્વામિનારાયણ -

સ્વામિનારાયણ - સ્વામિનારાયણ આ સિવાય કાંઈ જ કરવું નહિ. અરે! ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય ચરણામૃત ધરાવીને કોઈને પાઈએને તો એનો ચૈતન્ય શુદ્ધ થઈ જાય. ભગવાનના નામથી દોષો તો મટી જાય, પણ આ ચૈતન્ય પણ બદલાઈ જાય છે. ત્યારે વિચાર કરો કે ચૈતન્ય બદલવો એ સહેલું નથી. સ્વભાવ-કર્મ દૂર કરવા એ કંઈ સહેલું નથી. આ એક જ નામ એવું છે કે જે સ્વભાવ-કર્મ બદલી નાંખે.

ભગવાન શ્રીકૃષ્ણે કંસોને માર્યા, રાક્ષસોને માર્યા એ બધું જ કર્યું, પણ એમણે સ્વભાવ - કર્મ એક દૃષ્ટિમાત્રે કોઈના દૂર કર્યા એવો કોઈ દાખલો ભાગવતમાં પણ નથી. રસ્તા બતાવ્યા છે, પણ મહારાજે તો દૃષ્ટિ કરીને એ ભેગી સમાધિ કરાવી ને સાધુ બનાવી દીધા. જોબનપગી સામી દૃષ્ટિ કરીને તો એના બધા દોષો દૂર થઈ ને મુક્ત થઈ ગયા. આવું દૃષ્ટાંત કોઈ જગ્યાએ જોવા મળે છે?

## ૨૫

### શ્રીજીમહારાજે આપણને કર્મ યોગ કેવી રીતે કરવાનું શીખવ્યું છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એવું નથી કે ભજન - ભક્તિ કરીને, ધ્યાન કરીને બેસી રહીએ, એવું મહારાજ નથી કહેતા. જો એવું જ કરે તો બધા ધંધાઓ કેવી રીતે ચાલે? અને આપણે વ્યાવહારિક

કામો કેવી રીતે કરી શકીએ? વૈજ્ઞાનિક શોધો કેવી રીતે કરી શકીએ? અને અત્યારે જગતની સાથે સાથે જો નહિ રહીએ તો પાછા પણ પડી જઈએ. તો મહારાજે પોતાના જીવન દ્વારા એવું કરી બતાવ્યું કે એવો કર્મયોગ કોઈ ન કરી શકે. સ્વામિનારાયણ ભગવાનને Historical (ઐતિહાસિક) કહે છે. લોકો હજી ભગવાન તરીકે ઓળખી શક્યા નથી. મહાન આર્ષદૃષ્ટા, મહાન સુધારક, મહાન સંત, અવતાર એટલું જ સમજ્યા છે. રાજારામમોહનરાય, ભોજો ભક્ત, કબીર એવા મહાન સંતો પણ એ વખતે વિચરતા હતા. તો રાજારામમોહનરાય એમ કહેતા હતા કે સ્વામિનારાયણ ભગવાન ૪૯ વર્ષ રહ્યા. બહુ નાની ઉંમર કહેવાય. એ દરમ્યાન એમણે માત્ર સાડાત્રણ કલાક સરેરાશ નિદ્રા લીધી છે. સાડાત્રણ કલાક બાદ કરતાં બાકી બધો સમય એમણે કર્મયોગ શીખવ્યો છે. જ્ઞાનયોગ અને ભક્તિયોગની સાથે. એ કર્મયોગ માત્ર સામાન્ય ભૌતિકયોગ નથી કે કેવળ સામાન્ય કર્મયોગ પણ નથી. એ કર્મયોગ એવો શીખવ્યો કે ભાઈ, તમે પરમાત્માનું સ્વરૂપ છો. આત્મા અને પરમાત્મા એ બેનો સંબંધ નદી અને સમુદ્ર જેવો છે. નદી કદી સમુદ્રમાં મળ્યા વગર ન રહે. એવી રીતે ભગવાન સ્વામિનારાયણે એમ શીખવ્યું કે આપણે મહારાજની સ્મૃતિ કરીને કોઈ પણ કાર્ય કરવું. કે જેથી સરસ થાય. એટલા માટે કે પ્રભુ બધા સદ્‌ગુણોનો ભંડાર છે, બધી બુદ્ધિનો ભંડાર છે, બધી

વિદ્યાઓ એમનામાંથી પ્રગટ થઈ છે. બ્રહ્મવિદ્યા એનું નામ કે જેમાંથી બધી જ વિદ્યાઓ ઉદ્‌ભવી છે. અને અંતે બધી જ વિદ્યાઓ આત્યંતિક પ્રલયને સમયે પ્રભુમાં વિલીન થઈ જશે. ત્યારે મહારાજ એમ કહે છે કે સત્ય રીતે બોલો, સત્ય રીતે કાર્ય કરો અને સત્ય રીતે વિચારો, ત્રણેય સાથે રહેવું જોઈએ.

## ૨૬

**આપણા જીવનમાં એકાંતનું મહત્ત્વ શું છે? અવરભાવ (આલોક) અને પરભાવ (પરલોક) ની દૃષ્ટિએ એકાંત એટલે શું?**

એકાંતવાસથી કૉન્સનટ્રેશન ખૂબ સરસ થાય છે, જો ડીસ્ટરબન્સ ન થાય તો. ધ્યાન તો એકાંતમાં કરાય. મૂર્તિમાં સરખું જોડાવાય એટલા માટે એકાંત ખૂબ આવશ્યક છે. એકાંતવાસથી પોતાનાથી અંદરની આત્મખોજ થાય. ખૂણે-ખાંચરે કોઈ કચરો નથી રહ્યોને? એ એકાંતવાસથી જ જોવા મળે છે. અવરભાવની દૃષ્ટિએ સંપૂર્ણ એકાંત, પરંતુ પરભાવની દૃષ્ટિએ તો એકલવાયું કે એકાંતપણું બિલકુલ છે જ નહિ. મુક્તો મૂર્તિમાં નિમગ્ન હોય ત્યાં એકલવાયા જેવો સવાલ જ રહેતો નથી.

## ૨૭

### દેશ-કાળના વિષમપણામાં આપણે શું કરવું જોઈએ?

અત્યારે દેશકાળનું પ્રધાનપણું ભગવાનની ઈચ્છાથી વર્તે છે. એ દેશકાળના વિષમપણામાં પંચ વર્તમાનનો લોપ પણ ચાલી રહ્યો છે. તે પંચ વર્તમાનનો લોપ જે ચાલી રહેલ છે તે તથા જે ભ્રષ્ટાચાર, જે કુબુદ્ધિ તે દૂર કરવા માટે ભગવાન પ્રયત્ન કરે છે. સાગરનું મંથન કરીને અમૃત કાઢ્યું. તેવી જ રીતે દેશકાળનું ચક્ર ચલાવી ધમાલ કરીને બધાને શાંત પાડશે. તેમાં સમય જોઈએ. એક બ્રહ્માંડનો દિવસ કેવડો હોય છે એ તો આપણે બધા જાણીએ છીએ. થોડા વર્ષો એવું ચાલે એથી કંઈ મુંઝાવાનું હોય નહિ. ભગવાનને પ્રાર્થના કરવાની. ભગવાન જાણે તો છે જ એની ના નહિ, છતાં પણ ભગવાનને પ્રાર્થના કરીએ પણ એ પ્રાર્થના નિષ્કામ ત્યારે કહેવાય કે જ્યારે એમાં કોઈ પણ જાતનો સ્વાર્થ ન હોય. તે પ્રાર્થનામાં ભગવાનનો સંબંધ કરાવવાનો, જીવને પાત્ર કરવા માટેનો આશય રહેલો છે.

## ૨૮

### આપણે જીવનમાં કોઈપણ પરિસ્થિતિ આવે ત્યારે શું ધ્યાન રાખવું જોઈએ? તેના વિશે સદ. શ્રી સચ્ચિદાનંદ સ્વામીના

## પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

પહેલા તો આપણે વિશ્વાસ કેળવવો પડે. વિશ્વાસ આવ્યા પછી સંકલ્પ બંધ થાય ને? ત્યાં સુધી વિચાર જ કરે કે આમ હશે કે આમ હશે? એવી માથાકૂટ કર્યા કરે. પહેલા તો નાસ્તિકપણું ભગવાનને વિષે ટાળો. આ લોકની વસ્તુ યાદ આવે એવા ઘાટ છેને! એ તો હિસાબમાં જ નથી. એ કાંઈ બહુ પરાભવ નથી કરતા. જે અવિશ્વાસ રહે છે ને! જે શ્રદ્ધા નથી આવતીને! એ સૌથી ખરાબ છે. એના લીધે બધા દુઃખી થાય છે. ઘડીકમાં બેસી જાય. થોડું દુઃખ આવે તો ય ગભરાઈ જાય. શરણાગતિ કોને કહેવાય ખબર છે? શ્રીજીમહારાજે સર્જેલી કોઈ પણ જાતની પરિસ્થિતિ એનો સહર્ષ સ્વીકાર કરીને આનંદ આવે ત્યારે માનવું કે હવે બરોબર છે. તરત જ વિચાર કરે આવું કેમ મહારાજે કર્યું? વિચાર આવે આવું કેમ કર્યું એટલે પતી ગયું. એવું નહિ વિચારવાનું કેમ કર્યું? કેમ નહિ? એ બધી એની મરજી. તો પછી આપણે એની ગતિ પાર પામી ગયા કહેવાયને? કેમ કર્યું એ જાણીએ તો - તો ભગવાનનો પાર પામી ગયા કહેવાઈએ. એટલે એમ નહિ થવું જોઈએ કે આમ કેમ કર્યું હશે?

આ લોકની બાધિતાનુવૃત્તિ એવી છે ખરી કે દુઃખ થાય, મૂંઝવણ થાય બધું જ થાય, પણ સમજણ બદલાવી જોઈએ નહિ. એક સેકંડ પણ ન બદલાવી જોઈએ. આમ કેમ

કર્યું એમ ન થવું જોઈએ. આ Pain (દુઃખ) ભલે ભોગવે. That is another thing દુઃખ પડે. ખૂબ મૂંઝવણ થાય. આમ થાય, તેમ થાય એ બધું સહન કરવું. કરવું પડે ભલે, પણ એ વખતે વિચાર ન આવવો જોઈએ કે મહારાજે આમ કેમ કર્યું? બરોબર! તો એ પાકી નિષ્ઠા ન ગણાય. ત્યાં સુધી કાચપ. ત્યારે એવું પાકું કરવું બરોબર! મોરબીમાં પેલું પૂર આવ્યું ત્યારે બધા મૂંઝાઈ ગયા. એ વખતે સચ્ચિદાનંદ સ્વામી હતાને એના જેવું કરવું. એમની સામે વાઘ આવ્યો. પોતે જાણતા હતા કે વાઘનું કાર્ય એવું છે કે ખાઈ જાય. હિંસક પ્રાણી. પોતે એમ સમજતા હતા કે ખાય એનુંય કલ્યાણ થઈ જશે. પોતે મૂર્તિમાં ઊંડા ઊતરી ગયા વાઘ જોયો એટલે. સંકલ્પ કર્યો કે આ દેહને એ જમી જશે તો એનું કલ્યાણ થઈ જશે. એ પોતે ઊભા રહ્યા, ઊભા ઊભા મૂર્તિમાં ઊંડા ઊતરી ગયા. પછી લગભગ અર્ધા કલાકે મહારાજે એમને જાગૃત કર્યા. તો વાઘ ઊભો રહ્યો હતો. પછી માથું નમાવીને જતો રહ્યો. એ વખતે ત્યાં સુધી ઊભો રહ્યો. સ્વામી જ્યારે દેહમાં આવ્યા ત્યાર પછી દર્શન કરીને જતો રહ્યો. ભગવાનને રાખવા હતા તો રાખ્યા. કોઈવાર એવું ન પણ કરે તો એ વખતે વિચાર કરે કે ભગવાને આમ કેમ કર્યું? બહુ મોટા ભક્ત હતા ને આમ કેમ થયું? આવા મોટા હતા ને મોટર નીચે આવીને કેમ કચડાઈ ગયા? જેની ઉપર કૃપા નથી કરી એના માટે સંકલ્પ થાય બરોબર! પણ જેને અનાદિ

મહામુક્ત મળ્યા ને કહ્યું, જાવ મૂર્તિમાં રાખ્યા એનું ભૂંડું ન થાય. પછી દેહ ભલે ગમે તે રીતે પડે, પણ સુખમાં ફેર ન પડે. ચૈતન્ય સુખમાં રહે.

## ૨૯

**મહત્ત્વકાંક્ષા કોને કહેવાય? તેના વિશે મહાત્મા ગાંધીજીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

દરેક મનુષ્યને કંઈક કંઈક મહત્ત્વાકાંક્ષા હોય છે. ત્યારે મહત્ત્વાકાંક્ષા કોને કહેવાય? આકાંક્ષા તો બધી હોય, પણ સાચી મહત્ત્વાકાંક્ષા તો સત્પુરુષો એને કહે છે કે પ્રભુને પ્રાપ્ત કરવાની આકાંક્ષા રહે એનું નામ મહત્ત્વાકાંક્ષા. ગાંધીજીએ એકવાર કહેલું કે શાસ્ત્રમાં કે ભારતમાં જે જે સંતપુરુષોએ ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે તે જ સાચા મહત્ત્વાકાંક્ષી કહેવાય. હજી હું એવી મહત્ત્વાકાંક્ષાની સ્થિતિને પામ્યો નથી. હું વિચારથી બ્રહ્મની ઝાંખી કરી શકું છું, પણ અનુભવે કરીને એ બ્રહ્મની સ્થિતિને પામ્યો નથી. એમ પોતે કહેતા. કારણ કે સત્યવાદી હતા.

## ૩૦

**બધું જ જો ભગવાનની મરજીથી થતું હોય તો પાપી જે પાપ કર્મ કરે છે તે પણ ભગવાનની મરજીથી થાય છે? તેના વિશે**

**જોબન પગીના સંદર્ભમાં પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજ કહે હા, મારી ઈચ્છા છે! હવે? આ કઈ જાતનું? એનો અર્થ એ બરાબર છે. કેમ બરાબર છે એ આપણે જાણીએ. કે જીવો કામકામથી શીખે, અનુભવથી શીખે એમ પાપકર્મો કરતાં કરતાં એ જીવોને પશ્ચાત્તાપ થાય છે. મહારાજ અન્વય સ્વરૂપે બધે જ વ્યાપક છે. કોઈ જીવ ઉપર એને અનાદર નથી. સરખી જ કૃપા વરસાવે છે, કૃપા ઝીલવાની ગતિ ઓછી-વત્તી હોય છે.

આ પાપકર્મો કરનારનો દાખલો આપું. જોબન પગી ચીભડાની જેમ માણસોને કાપી નાખતો હતો. ગામડાંઓમાં ખબર પડે કે જોબન આવ્યો તો ગાત્રો ઢીલાં થઈ જાય, કેટલાક તો મરી પણ જતા. એ જોબન પગી પાપનો પર્વત નહિ? તો પાપકર્મો કરનાર ઉપર મહારાજે કૃપા કરીને? પાપકર્મો કરનાર ઉપર પણ એટલી જ કૃપા કરે છે. તેમને પશ્ચાત્તાપ પોતે કરાવે છે. એની ઈચ્છાથી બધું જ થાય છે. પાપકર્મ કરવું એ સારું નથી. ભગવાનના ભક્તો પાપકર્મ નથી કરતા એટલા માટે જ એમણે પ્રભુને ઓળખ્યા. અને જે પાપકર્મ કરે છે એણે પ્રભુને નથી ઓળખ્યા. તો તેનો શું વાંક? ભગવાન! તમારો વાંક? ના. જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ-પરબ્રહ્મ અનાદિથી ચાલે છે. એ શું છે કે કેમ ચાલે છે કે ક્યાંથી જીવો આવ્યા, કેટલા પહોંચ્યા, કેટલા રહ્યા એ પ્રશ્ન

જ નથી રહેતો. એનું નામ જ નેતિ નેતિ. આનું નામ જ અકળિત. પ્રભુને આપણે સાથે રાખી એના મુક્તો પાસેથી સમજીએ કે સર્વ કંઈ છે એ ભગવાનની ઈચ્છાનુસાર થાય છે. ભગવાન એવું કરે છે કે પાપકર્મ કરતાં કરતાં એને એવો વિચાર આવી જાય છે કે આ હું શું કરું છું? એવું સમજે એ ભેગું જ એને જ્ઞાન થાય છે. એના પાપકર્મ ચાલ્યા જાય છે. જતાં કેટલી વાર? જોબન પગી કેટલી ઘડીમાં, કેટલી ક્ષણમાં મુક્તદશાને પામ્યો? બધું જ હેઠું મૂકી દીધુંને? આ કંઈ થોડી વાત? ત્યારે, ચિંતા નહિ કરવાની. અત્યારે કળિયુગ ચાલે છે. પાપકર્મોને પોષણ નહિ કરવાનું. પાપકર્મો પ્રત્યે તિરસ્કાર કરવાનો; પણ પાપી પ્રત્યે તિરસ્કાર કરવાની મહારાજ ના પાડે છે. જો પાપી પ્રત્યે તિરસ્કાર મહારાજે કર્યો હોત, તો આ જોબન પગીનો કદીએ ઉદ્ધાર થયો ન હોત.

## ૩૧

## અંધકાર વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ આપણને શું સમજણ આપે છે?

લાઈટ જતી રહી એમ બધા કહે છે. અક્ષરધામની સભા તેજોમય નથી? છેને? આપણે સૌ મહારાજની કૃપાથી તેજોમય જ છીએ ને? જેવા મહારાજ તેજોમય એવા આપણે પણ તેજોમય. આપણે અંધકાર જેવું રહ્યું જ નહિને? સૂર્યના પ્રકાશમાં બેઠો હોય એ એમ કહે કે અંધકાર છે? મહારાજની

મૂર્તિમાં આપણે સ્વયં પોતે પણ મહારાજની કૃપાથી તેજોમય છીએ. પ્રકાશ જાય કે આવે. આ લોકનો પ્રકાશ ક્યાં કામનો છે? એ પ્રકાશે ય આપણા લીધે સુખમય બની જાય છે.

## ૩૨

## વિધવા કે વિધુર કોણ થતા નથી? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજ કહે, આજ્ઞા-ઉપાસનાથી મને રાજી કરે છે એમનો હથેવાળો મારી સાથે થઈ જ ચૂક્યો છે, તેમને એ વિધુરે ય નથી થતો અને વિધવા ય નથી થતા. એ તો જે ભગવાનના ધામમાં જતા ન હોય, ભગવાન ભજતા ન હોય એ વિધુર કે વિધવા થાય. એને અનેક પ્રકારની માથાકૂટ. બાકી ભગવાનની મૂર્તિમાં રહેલા મુક્તોએ આ સમજણ રાખવી કે એવા મુક્તો કોઈ દહાડો વિધુરે ય થતા નથી, વિધવા ય થતા નથી ને ભૂમાનંદ સ્વામીની જેમ અખંડ સોહાગી થવાના.

## ૩૩

## ભગવાનના ભક્તને ઈલાજ માટે દવાખાનામાં જવું પડે અથવા તેમનો દેહ દવાખાનામાં પડે ત્યારે શું સમજવું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજ (દવાખાનામાં પણ) પ્રગટ થઈને દર્શન આપીને પોતાના દિવ્ય સુખનો અનુભવ કરાવી દે છે. માટે કોઈ દિવસ દવાખાનું ને એવું બધું માનવું નહિ. સૂગ ન રાખવી. સૂગ એ તો દેહભાવ છે. ભગવાનના ભક્તનો દવાખાનામાં દેહ પડે તો એ વખતે જો સંકલ્પ થઈ જાય તો એ ખોટું છે. એમ વિચાર ન કરવો કે એનો દેહ દવાખાનામાં પડ્યો શી ખબર શું હશે એનું? અરે ભાઈ! દવાખાનામાં મહારાજ અને મુક્ત એને તેડવા આવ્યા તો દવાખાનું પાવન થઈ ગયું. દવાખાનામાં કેટલાયનું સારું કરીને પોતે ધામમાં ગયા. એ તો સરસ દેહોત્સવ કહેવાય. જરાય ખોટું નથી. ભગવાન ને મુક્ત પધારે, બધાયનું કલ્યાણ કરતાં કરતાં મહારાજ લઈ જાય એ તો સારું ને? મહારાજ એટલા માટે લઈ જાય છે કે અહીંયા (દવાખાનામાં) માનવ સેવા થાય છે. ત્યાંના આ ડૉક્ટરો અને આ તબીબી કાર્યકરોને લાભ કેવી રીતે મળે? તો એટલા માટે લઈ જાય છે, આપણી ઈચ્છા ન હોય તો ય પરાણે લઈ જાય છે.

## ૩૪

## ભૂત કાઢવાનો સૌથી સરળ અને સરસ રસ્તો કયો? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભૂતનો ઉપદ્રવ અશુદ્ધ જગ્યાએ હંમેશાં રહે. ભૂત

દેહમાં પ્રવેશ કરે તો અશુદ્ધિ છે. અશુદ્ધિ હોય ત્યાં જ એ રહે. એ અશુદ્ધિ ચાલી જાય તો ભૂત દેહમાં રહી શકે નહિ. એ તો નરકનો કીડો છે. નરકના કીડાને નરકમાં જ ગમે. જો બહાર કાઢે તો મરી જાય. આપણે બરાબર શુદ્ધ થઈ જવું એટલે ભૂત આપોઆપ નીકળી જાય. ભૂત કાઢવાનો આ સરસ રસ્તો છે. અને એમ કરવાથી પાછું ઉત્તમ ભક્ત થવાય. મહારાજની આજ્ઞાઓ બરાબર પાળવી. વસ્તુ શુદ્ધ કરીને મહારાજને ધરાવવી. અંતર્વૃત્તિએ ધરાવીને પછી જમવું બરાબર? મહારાજની પ્રસાદીનું પાણી પીવું. અને મહારાજના જનમંગલના પાઠ કરવા. એ જનમંગલ એ સ્તોત્ર છે. એ સ્તોત્રમાં શતાનંદમુનિએ મહારાજની ઈચ્છાથી શક્તિ મૂકી છે કે આ જનમંગલથી ભૂત-પ્રેતાદિકને ખૂબ તાપ લાગશે અને ભાગવા લાગશે. માટે જનમંગલના પાઠ કરવા. સૌથી સારો રસ્તો એ કે પોતે આજ્ઞા પાળી અને શુદ્ધ થઈ જવું. મહારાજનું પ્રસાદીનું પાણી પીવું, ભગવાનને ધરાવ્યા વગરની કોઈ વસ્તુ મોઢામાં મૂકવી નહિ. મોઢામાં મૂકતાં પહેલાં અંતર્વૃત્તિએ ધરાવવાનું ભૂલવું નહિ. એક અક્ષરધામની મૂર્તિ અને ચિત્રમૂર્તિમાં પ્રતિમારૂપે સાક્ષાત્ બિરાજતા ભગવાન એ બેયની એકતા છે. એટલે અંતર્વૃત્તિએ ભગવાનને ધરાવીને જમવું એટલે ભૂત શેનું રહે? ભાગી જ જાય. રહે જ નહિ. આ દેહમાં રહેવા જેવું નથી. એને જ્યાં મજા પડે ત્યાં રહે, જ્યાં મજા ન પડે ત્યાં ન

રહે. રહી જ ન શકે. ભાગવા જ માંડે. એટલે ભગવાનના ભક્તને સૌથી સારો માર્ગ એ છે. શુદ્ધ થઈને ભગવાનની મૂર્તિને ધરાવીને જમવું. ભૂત ભાગી જાય કે નહિ. શું કામ જ્યાં-ત્યાં જવું પડે? ભલે ભૂત રહે. કોઈની પાસે ન જવું. ભૂત એની મેળે જ ભાગી જશે. એમાં નબળા ન રહેવું. સારંગપુર જવું, હનુમાનજી પાસે બેસવું એ માથાકુટ કરવી એ કરતાં એ ભૂતને આપણે જ ન કાઢીએ. આપણે જ આપણું ભૂત કાઢી નાખવું, ભગાડી મૂકવું. બળ રાખવાનું. ભલે થોડીવાર ભૂત રહ્યું બીજું શું થવાનું? શુદ્ધ થશે એટલે એની મેળે ભાગી જશે. ઊભું પણ નહિ રહે. ઊલટો કદાચ એનો મોક્ષ પણ થઈ જાય.

## ૩૫

## આત્મશ્લાઘા ( પોતાના વખાણ પોતે જ કરવા ) કોણ કરી શકે? તેના વિશે સદ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાનના એક સારા મુક્તે મને પ્રશ્ન કર્યો કે, મહાનુભાવાનંદ સ્વામીના પાર્ષદ હતા. પાર્ષદ એટલે ધોળા કપડામાં સેવકો. એનો એક પ્રસંગ મને કહેલો. એક વખત સ્વામી પાર્ષદને કહે, નોંધી લે. તો કહે, શું નોંધી લઉં? ત્યારે કહે, અમે આ ગામના આ હરિભક્તના ઘરેથીને (પત્ની) ધામમાં મૂકી દીધા. ટાઈમ લખી લે. આમ કરી નાખ. ત્યારે

પાર્ષદ કહે, ઊભા થવાની પહોંચ નથી ને આમ ધામમાં મૂકી દીધા. આ તમારી બડબડાટ મૂકોને છાના-માના. પછી સ્વામી કહે, નોંધી તો લે. પરાણે નોંધાવ્યું એટલે લખ્યું. બે-ત્રણ દિવસ પછી પેલા હરિભક્ત આવ્યા સ્વામી પાસે. સ્વામીને કહે, અમારે ઘરેથીને તમે સ્વામિનારાયણ ભગવાનને લઈને પ્રત્યક્ષ દર્શન આપીને તેડી ગયા. આખા ઘરને તેવા દર્શન થયા. એટલે હું રસોઈ આપવા આવ્યો છું. પછી સ્વામી કહે, પેલા ધોળા કપડાંવાળા પાર્ષદ દર્શન કરે છે ને એને બોલાવી લાવ. પછી કહે જો દેખ, પૂછી જો આમને. પેલું કાગળિયું કાઢ. પછી બધું જોયું તો એ પ્રમાણે જ હતું. પાર્ષદ કહે, અત્યારે અવરભાવમાં ઉઠવાની પહોંચ નથી, અમને શું ખબર પડે કે તમે આવાં કામ કરો છો?

અહીં હવે હું બીજું કહેવા માગું છું કે જે હરિભક્તે મને આ પ્રસંગ કહ્યોને એણે એમ કહ્યું કે, સ્વામીએ કેમ આત્મશ્લાઘા કરી? એ કહેવાની ક્યાં જરૂર હતી. અને પોતાનો મહિમા વધારવા આટલું બધું શું કામ કર્યું? આવડા મોટા સંતમૂર્તિ હતા. એમને તો ગોપાળાનંદ સ્વામીએ પણ વખાણ્યા હતા. એમણે એમના શિષ્યોને પણ ઘણીવાર એવી વાત કરેલી. ત્યારે આવા મોટા સંતને પણ રાગ થયોને? મેં કહ્યું, ભાઈ, રાગ હોય તો મૂર્તિનું સુખ ક્યાંથી આવે? ત્યારે કહે, તમારી વાત બરાબર છે. રાગ હોય તો મૂર્તિનું સુખ ન આવે. મેં કહ્યું, સ્વામી તો સુખિયા હતા બરાબર? તેઓ

મૂર્તિના સુખે સુખિયા હતા. એનો અર્થ એ છે કે, મહારાજ અંદર રહીને બોલ્યા. બોલનાર કોણ હતા? મહારાજ. તો મહારાજે પોતાની આત્મશ્લાઘા કરી. એક ભગવાનને જ પોતાની આત્મશ્લાઘા કરવાનો અધિકાર છે. બીજા કોઈને નહિ. શા માટે? કારણ કે એ પૂર્ણ છે. મહારાજ કહે છે કે મારા પ્રશંસાગાન જો તમે નહિ કરો તો મારી સાથે તમને એકતા કેવી રીતે થાય? ગાન કરવા તો એક શ્રીહરિના જ કરવા. બીજાના નહિ. એ પ્રશંસાનો રાગ સ્વામીને નહોતો. એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એમનામાં રહીને બોલ્યા. કારણ કે એમના શિષ્યોને બહુ જોઈએ એવો મહિમા નહોતો. આશીર્વાદ આપે એને ઘરકી બાત થઈ જાય. એટલે ન સમજાય. આથી આવું બધું ભગવાન સ્વામિનારાયણે કર્યું. સ્વામીને પ્રસિદ્ધિનો રાગ હોય જ નહિ. બાપાએ ન કહ્યું, અમારો કોક દિ ખપ પડશે. જો જૂઠું બોલતા હોઈએ તો પૂછો આ ધણીને? તો એ પ્રશંસા ન થઈ? સર્વશ્રેષ્ઠ પ્રશંસા થઈ, પણ એ પ્રશંસા કોણે કરી? ભગવાન સ્વામિનારાયણે કરી. તો જેમનામાં રહીને ભગવાન આવી પ્રશંસા કરે એ આત્મશ્લાઘા કરી શકે.

## ૩૬

**આ લોકના માન, સન્માન, પ્રસિદ્ધિ, યશ, કીર્તિ અને પ્રસંશાના રાગ ટાળવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું**

સમજાવે છે?

આપણને એમના આશીર્વાદ મળ્યા તો આપણે પણ ઘણા મોટા સુકૃત કર્યાં હશે. બાપાએ અને મોટામુક્તોએ એમ કહ્યું કે તમને તો પૃથ્વી ઉપર કોઈને ન મળ્યું હોય એટલી બધી પ્રસિદ્ધિ, એટલું બધું માન-સન્માન મળી ચૂક્યું છે. એવું ભોગવીને તમે આવ્યા છો. હવે શું બાકી છે? એટલે એક વસ્તુ હંમેશાં યાદ રાખવાની કે આ લોકના માન-સન્માન, પ્રસિદ્ધિ એ તુચ્છ જેવા છે. આપણને હવે એમાં કોઈ વાતનો રસ પડે નહિ. કોઈ દિવસ એવી લીલા ન કરવી. પ્રસિદ્ધિ, યશ, કીર્તિ એની ઝંખના - પ્રશંસાના રાગ ટાળવા. જ્યાં સુધી મહારાજની મૂર્તિના સુખનો અખંડ અનુભવ ન થાય, ત્યાં સુધી આ વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી. એ રાગ આપણને બીજે ઢસડી જાય. મહારાજની મૂર્તિ પણ ભૂલાવી દે. અને કોઈવાર આ જે રહસ્યાર્થ છે એમાંય શંકા જાગે. બરોબર? એમ સમજવાનું છે કે, આ લોકનો આઈન્સ્ટાઇન નામનો મહાન વૈજ્ઞાનિક એને ઘણા સર્ટિફિકેટ મળ્યા હતા. તો એણે એમ કહ્યું કે આ કાગળિયા શું કરવાના છે? બાળી નાખવાના છે. તો એણે દીવાસળી મૂકીને હોળી કરી નાખી. અને બીજા બધાય તો મઢાવીને મૂકે. આ લોકનું અજ્ઞાન. આઈન્સ્ટાઇનને એના સર્ટિફિકેટની કિંમત ન થઈ. તો આપણને આ લોકના માન-સન્માન અને પ્રસિદ્ધિની શું કિંમત? મહારાજના

અનાદિમુક્તની પદવી મળ્યા પછી કાંઈ એમ થાય કે ભારતનો વડાપ્રધાન બનું? કે એમ થાય કે ન્યાયાધીશ કે મોટો બની જાઉં? એ બધું તુચ્છ લાગે. આઇન્સ્ટાઇનને જેમ આ બધું તુચ્છ લાગ્યું ને આ શું કાગળિયાને કરવાનું? કાગળિયા એને અપૂર્ણ લાગ્યા. એમ આપણને પણ એવી પદવી મળી છે કે બીજી કોઈ વસ્તુ નજરમાં આવે નહિ. નહિતર બાપાશ્રીએ એમ કહ્યું છે કે, અંદર જો રાગ પેસી જાય તો મૂર્તિનું સુખ છતી દેહે આવવામાં વિલંબ થઈ જાય. અત્યારે વૈજ્ઞાનિક ઢબે આંકડાઓ, સ્ટેટેસ્ટીક્સ બહાર પડ્યા છે કે ભગવાનના દર્શન થયા હોય તેને બાદ કરીને કોઈ એવો નથી કે જેને થોડામાં થોડો પણ પ્રસિદ્ધિનો રાગ ન હોય. એ રાગ જન્મ-મરણ કરાવે છે. આપણને તો બાપાએ કહી દીધું કે તમને શ્રીજીમહારાજની મૂર્તિરૂપી પદવી ઉપર બેસાડી દીધા છે. હવે તમારે બીજામાં રાગ રહે ક્યાંથી? હોવા કેમ જોઈએ? તો મહારાજની મૂર્તિના સુખમાં મસ્ત થઈ જાવ.

## ૩૭

### આ બધા બહારના દોષો છે તે કોના જેવા છે? અને તે કેવી રીતે ટળે?

આ બધા દોષો છે તે બહારના શિંગડા જેવા છે. પ્રયત્ન કરે એટલે ખરી પડે. એટલે એ દોષો તો બહારના શિંગડા

જેવા હોય એટલે આમ કરીને ખંખેરી નાંખે, પણ અંદર જે શિંગડા રહી ગયા ને, ઉપરથી તો ગયા, પરંતુ અંદર જે રહી ગયા એ ખરવા કઠણ.

## ૩૮

## અંદરના શિંગડારૂપી દોષ કોને કહેવાય? અને તે દોષ કેવી રીતે ટળે?

આ સંશય. કારણ કે વાંચી-વાંચીને જ્ઞાન એટલું બધું ભેગું કર્યું હોયને આમાં આમ કીધું છે ને આમાં આમ કીધું છે બરોબર! એ જ્ઞાન ધ્યાનમાં રાખીને બીજા આગળ બતાવવા જાય. એટલે એ શિંગડા જે અંદર છે એ ખરતા નથી. સંશય જો જતો રહે તો આ...હા... હા... અંદર મજા આવે. ત્યારે નિઃસંશય થઈ ઝીલે તો સમજણથી પામે. કારણ કે પુરુષોત્તમરૂપ થઈને ઝીલે તો વાત જ જુદી થઈ જાય. એ જ વખતે મહારાજનું સુખ આવવા માંડે, પણ એ વખતે મહારાજનું સુખ ન આવે તો પાત્રતા ઓછી છે. મહારાજ ધીમે-ધીમે ચૈતન્યને પાત્ર કરતા જાય છે. એ રીતે જે શબ્દો નિઃસંશય જો ઝીલે તો અદ્ધરથી ઝીલ્યા કહેવાય. સંશય કોઈ દિવસ ન થાય. સ્વપ્નમાં પણ ન થાય. અનેક શાસ્ત્રો વાંચે તો પણ સંશય ન થાય.

## ૩૯

### કોનાં દર્શન કરવાથી સર્વ દર્શન આવી જાય છે?

શ્રીજીમહારાજના દર્શનથી કોઈ દર્શન વિશેષ નથી. એ દર્શનમાં સર્વ દર્શન આવી જાય એવી સમજણ રાખવી. મુક્તના દર્શન કરો ત્યારે બધું મહારાજ કરે છે એવો, એથી અનેક ગણો ભાવ આ મૂર્તિમાં રાખવાનો.

## ૪૦

### વટલવું નહિ ને વટલાવવું નહિ એટલે શું સમજવું?

દારૂ, માટી, ચોરી, અવેરી આ ચારનો જે ત્યાગ ન કરે એવાને અડીએ તો વટલાઈ જઈએ. અને આપણે એવા હોઈએ તો આપણને અડનારો વટલાઈ જાય. દારૂ પીવો છોડે નહિ, માંસ છોડે નહિ, ચોરી કરે, વ્યભિચારનો ત્યાગ કરે નહિ. આ બધું વર્જ્ય છે. એવાને અડે એ વટલાઈ જાય. અને પોતે બીજાને અડે તો એને વટલાવે. માટે વટલવું નહિ અને વટલાવવું પણ નહિ.

## ૪૧

### આપણને નિર્ભય-અભય કોણે કર્યા છે? કેવી રીતે?

આપણો ચૈતન્ય મહારાજે ભેગો રાખ્યો છે એના લીધે

આપણે હવે કેવા છીએ? નિર્ભય છીએ. સ્વામિનારાયણ ભગવાન મળતાં આપણે નિર્ભય થયા. બધી બીક મટી ગઈ. બધા ભય જતા રહ્યા. કોઈ દહાડો કોઈની બીક રાખવી નહિ. બીક જેવું કોઈ દિવસ રાખવું જ નહિ. બીક શબ્દ જ ભૂલી જવાનો. પરાવાણીની ડીક્ષનરી છે એમાં ભય શબ્દને સ્થાન જ નથી. બરાબર? આ ભય તો અહીંયા પેદા થાય છે. દેહભાવમાં. દેહભાવ મટી જાય એટલે ભેગો ભય પણ જતો રહે. નિર્ભય થઈ જવાય. (ડાબો હાથ અભયમુદ્રામાં રાખીને કહે છે કે) અભયદાન મહારાજ આપે છેને આમ કરીને? એટલે મહારાજ કહે છે અમે મળ્યા, મારો અભય હાથ તમારા ઉપર પડ્યો. એટલે આપણે અભય થઈ ગયા.

## ૪૨

## શરીરના અને ચૈતન્ય/જીવના મંદવાડ કોણ મટાડે છે? અને પૂજ્યશ્રી નારાયણભાઈ મંદવાડ દૂર કરવા કેવી પ્રાર્થના કરતા શીખવે છે?

મહારાજ અને મહારાજના અનાદિમુક્તો એમ કહે કે જાવ તમારો મંદવાડ મટી જશે. બાપાએ કહ્યું તમને મટી જશે. એ વચનમાં એમનામાં રહીને મહારાજ બોલ્યા છે. શ્રીજીમહારાજના એ વચનમાં રહેલી દિવ્યશક્તિ એ વચન ભેગી જ એના શરીરમાં રહેલા રોગોનું મારણ કરી નાખે છે. માત્ર દવા જ રોગનું મારણ કરી નાખે એવું નથી, પણ

ભગવાનના વચને અને ભગવાનનો રાજીપો જો થાય તો બધા રોગ મટી જાય. શરીરના મંદવાડ મટી જાય અને જીવના રોગ પણ મટી જાય. એટલે એમ નહિ સમજવાનું કે મહારાજ હંમેશાં આમ કરે તો સારું, બધાયને આમ આવી દર્શન દઈને મટાડી દે.

મહારાજ એમ કહે છે કે અમે કોઈ કોઈ પ્રસંગે સમાસને અર્થે અમારો દ્રોહ કરનારને અમે કેવા રાજી થઈએ છીએ એ દર્શાવવા માટે આવા થોડા પ્રસંગો ઊભા કરીએ છીએ. પાકા ભક્તે એમાં એમ માનવાનું. એમ મહારાજ ને બાપાશ્રી કહે છે કે અમારા વિશે આવું હેત કરવું. અને આવું હેત હોય તો તમારા ચૈતન્ય ઉપરનો મંદવાડ દૂર થઈ ગયો અને તમે તદ્દન નિરોગી થઈ ગયા. એમ પોતે કહે એટલે એવું જ કહેવાય ને? માટે આપણે મહારાજ પાસે એવું માંગવું કે હે મહારાજ! આ દેહના સુખ-દુઃખ તો આવે. એવું બનવાનું. તમે અતિશય દુઃખ મટાડી દો તેમ અમારી માંગણી નથી. એ તો તમારા ધ્યાનમાં જ હોય, પણ અમારા જીવનો મંદવાડ, જીવનો રોગ, જીવમાં રહેલો (દેહાભિમાનરૂપ) કાંટો કાઢી અને તમારી મૂર્તિના સુખમાં સદાય રાખજો. એ કાંટો એ જ મંદવાડ. એ શારીરિક લકવો નહિ. શારીરિક લકવો તો મહારાજનો સુંદર સેવક છે. એ તો મહારાજની મૂર્તિમાં લઈ જાય. કારણ કે બેઠા બેઠા એ સ્વરૂપને સંભારતાં બધી વૃત્તિનો અંત આવી જાય ને મૂર્તિરૂપ

થઈ જાય. કાર્ય-પ્રવૃત્તિ બધી બંધ થઈ જાય. અને કેવળ કારણ-પ્રવૃત્તિ રૂપે મહારાજની મૂર્તિનું સુખ ભોગવવાનું જ રહે. એ લકવાનો ગુણ તો સારો થયો ને? પણ પેલો જીવનો લકવો જીવના કાંટારૂપ લકવો તે શું? તો મહારાજ આજ મારે ઓરડે કીર્તનમાં પોતાના આશ્રિતોને કહે છે રહેવું હોય જો મારી પાસ, તો તમે મેલજો રે મિથ્યા પંચવિષયની આશ. મહારાજ એમ કહે છે કે પંચવિષયરૂપી લકવો જેને મટી ગયો તેને ભગવાન સાથે રહેવાનું નક્કી થઈ ગયું.

## ૪૩

## મનુષ્ય જીવનને મુખ્યત્વે કયા ચાર આશ્રમમાં વિભાજિત કરવામાં આવ્યું છે? તેના માટે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ચાર આશ્રમ - બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને સંન્યાસાશ્રમ પચીસ-પચીસ લેખે સો વર્ષનું આયુષ્ય મળ્યું છે. તેથી વધારે જીવનારા છે ખરા, પણ અત્યારે સામાન્ય રીતે જોઈએ તો તે આશ્રમમાં સમય મર્યાદા ઓછી થાય. મહારાજ કહે છે કે બાલ્યાવસ્થા પૂરી થાય અને યુવાવસ્થા શરૂ થાય એ દરમ્યાન બ્રહ્મચર્યાશ્રમ, બાળકોનું બ્રહ્મચર્ય વ્રત ખૂબ જળવાય એવી પરિસ્થિતિ ઊભી થવી જોઈએ. પછી ગૃહસ્થાશ્રમનો આદર્શ અ. મુ. પર્વતભાઈએ અને પરમ કૃપાળુ બાપાશ્રીએ શિક્ષા અર્થે

આદર્શ ગૃહસ્થાશ્રમ કોને કહેવાય એ બતાવી દીધું. એટલે હવે આદર્શ ગૃહસ્થાશ્રમ કોને કહેવાય એનો ઊંડો અભ્યાસ કરવાની જરૂર નથી. ચરિતાર્થ સામે છે.

આગળ ગયા એટલે વાનપ્રસ્થાશ્રમ આવે. ગૃહસ્થાશ્રમના કર્તવ્યો પૂરા થઈ ચૂક્યા ત્યારે એવી કક્ષા આવે છે કે જ્યારે ભગવાનની સ્મૃતિ તેલધારાવૃત્તિની માફક રહે એમ જીવનયાત્રા શરૂ થવી જોઈએ. ત્યારે સાત્ત્વિક ઉથલધડા (પ્રવૃત્તિઓ) પણ જેમ બને એમ ઓછા થવા જોઈએ. ઉત્સવ, સમૈયા, પારાયણ ને બીજા ઉત્સવો આ બધા સાત્ત્વિક ઉથલધડા કહેવાય. જેમ ભગવાન અનાદિમુક્તના સુખ આગળ પરમ એકાંતિક મુક્તના સુખને છાશ જેવું કહે છે. એમ બધા જ બ્રહ્મયજ્ઞ કરતાં મહારાજની મૂર્તિમાં રહેવાનો બ્રહ્મયજ્ઞ શરૂ કરીએ. આ સાત્ત્વિક ઉથલધડામાંથી બહાર આવવું જોઈએ. તે એટલા માટે કે સાત્ત્વિક ઉથલધડામાં પણ રાગ રહે છે. કાર્યની સ્મૃતિ વધુ થઈ જાય છે, ને ભગવાનની સ્મૃતિ ત્રુટક ત્રુટક બને છે. જ્યારે જીવનયાત્રાનો અમુક ભાગ પૂરો થાય, ત્યારે આ સાત્ત્વિક કાર્યો થોડાક ઓછા થવા જોઈએ. એ પહેલાં ભલે કર્યા હોય, ભગવાનની સ્મૃતિ રાખતાં-રાખતાં. પછી જો એ ચાલુ રહે તો એ કાર્યમાં એવું ગૂંચવાઈ જવાય કે બહાર નીકળવું મુશ્કેલ થઈ જાય. એનો અતિરેક નહિ થવો જોઈએ.

ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમમાં આવે ત્યારે તો મહારાજ સિવાય કંઈ જ ન રહે ને સુખ ભોગવવાનું. વાનપ્રસ્થાશ્રમમાં અખંડ સ્મૃતિ કરીને પહોંચી ગયા સંન્યાસ આશ્રમમાં. સંન્યાસ એટલે વૈરાગ્ય. બધાથી વૈરાગ્ય. મૂળઅક્ષર કોટી સુધી વૈરાગ્ય. એક મહારાજ સિવાય કોઈ જગ્યાએ ક્યાંય સ્નેહ ન રાખવો. એ સ્થિતિને પામવા માટેના આ છેલ્લા બે આશ્રમ વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ છે.

એ સ્થિતિને પામ્યા પછી નિવૃત્તિ આવે. જગત તો એ બે આશ્રમમાં (બ્રહ્મચર્યાશ્રમ ને ગૃહસ્થાશ્રમમાં) ચાલ્યા જ કરવાનું છે. પછી એમાં આપણી જરૂરિયાત ક્યાં રહે? પછી એ ઉંમરમાં એ બધા (સંતાનો વગેરે) તૈયાર થઈ જાય. એ બે આશ્રમમાં આપણે જે કરીએ તેનો લાભ સૌને મળ્યા કરે જો એ રીતે ચાલીએ તો. પણ આપણે તો સીત્તેર વરસ થાય તો પણ એના એ ઢંગધડા. માટે એક વસ્તુ યાદ રાખીએ કે બે આશ્રમ પૂરા કર્યા પછી ભગવાનની સ્મૃતિ વધુમાં વધુ રહે તેમ કરવું. જો કાર્ય વિક્ષેપ કરે, ઉત્સવો વિક્ષેપ કરે તો એનું પણ ધ્યાન રાખવું. એ વાત અખંડ સ્મૃતિની કરી. ભગવાનના સુખને પામવા માટેની જીવનયાત્રામાં નક્કી કરીને કેમ વર્તન કરવું જોઈએ એ મહારાજે વાત કરીને આપણને શીખવી છે.

# ૪૪

## હરિભક્ત કોને કહેવાય? અને ભક્તિ એટલે શું? સાચા હરિભક્ત થવા માટે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે - ભગવાન સિવાય ક્યાંય સ્નેહ ન રહે એ ભક્તિની પૂર્ણતા છે. અને હરિનો આવો મહિમા, આવી ભક્તિ સિદ્ધ થઈ ચૂકી છે એ હરિભક્ત કહેવાય. હરિભક્તે એટલે આપણે એ સ્થિતિને પામવાનું છે. જ્યારે બે આશ્રમ (બ્રહ્મચર્યાશ્રમ ને ગૃહસ્થાશ્રમ) પૂરા થઈ જાય પછી પ્રયત્નમાં મંડી પડવાનું. મહારાજના ધ્યાનમાં તો હું છું જ. એ કઠણ તો પડે જ. મહારાજ કહે એ કઠીનમાં કઠીન સાધન છે એમ મેં કહી દીધું છે, હવે શું કામ માથાકૂટ કરવી પડે? કર્યા કરવાનું. કઠીનમાં કઠીન સાધન કર્યા કરવાથી એના બળથી સરળ થઈ જશે. બાપાશ્રી પધાર્યા. સાધન બધા સરળ થઈ જાય એવી કૃપા મહારાજે બાપાશ્રી દ્વારા વરસાવી. એ કૃપાને પાત્ર થવું જોઈએ. અને બાપાએ એમ પણ કહી દીધું કે છતી દેહે અમે મૂર્તિમાં તો રાખ્યા છે. હવે કૂદાકૂદ ન કરશો, મહેરબાની કરીને. એટલે આજ્ઞા મુજબ વર્તજો. અમે કહ્યું તેમ શબ્દોનું મનન કરજો તો આ સુખ તરફ જવાશે. એટલે હરિભક્તોએ એટલે આપણે એ તરફ જવાને માટે બરાબર તૈયારી કરવી,

નહિ તો જીવનયાત્રા પૂરી થઈ જાય.

## ૪૫

## ધર્માદો કેવી રીતે કાઢવો જોઈએ? અને ધર્માદાનો ઉપયોગ કેવી રીતે થવો જઈએ?

ધર્માદો, કઈ જાતનો? દશાંશ-વિશાંશ અને ત્યાંથી શરૂઆત કરીને બીજા ધર્માદામાં આવવાનું. એને બાદ કરીને ધામમાં ન પહોંચાય. દશાંશ-વિશાંશ કાઢ્યા પછી સત્પુરુષનો સમાગમ એ મધ્યમ ધર્માદો. સમાગમ કરતાં કરતાં મહારાજની મૂર્તિમાં અખંડ સ્મૃતિ રહેવા લાગે એ ઉત્તમ ધર્માદો. ત્યારે દશાંશ-વિશાંશ ધર્માદાનો અર્થ છે કે તે પોતાના પાપ કર્મો બાળી નાખવા માટે છે. આ ધનરાશી ભગવાનને અર્થે વપરાય. ત્યારે જે લહેરથી ધર્માદાનો ઉપયોગ કરે ને અંગીકાર કરે તેને કેટલા પાપો વળગે? તે કોઈ દિવસ આજ્ઞા પાળી શકે ખરો? તેને સત્સંગી કહેવાય ખરો? એનો સંગ કરાય ખરો? એની વચ્ચે રહેવાય ખરું? નહિ રહેવાય. હવે મહારાજે આ ધર્માદાનો ઉપયોગ અંગતપણે ન થાય એમ કહ્યું. ધંધામાં રોકે અને પછી જાગરૂકતા રાખવી અને આવક સત્સંગને થાય એમ બી (પણ) નહિ. વેપાર કરતાં વધુ (નુકસાન) જાય તો? એવું કદી ય (ઉપયોગ) ન થાય. ધર્માદાનો ઉપયોગ હરિભક્તોએ કદી ય ન કરવો. દરેક ધર્મમાં આવું જોવામાં આવે છે,

બરાબર! ધર્માદો આવ્યો હોય એમાંથી વેપાર કરે. શું જરૂર? એ કરાય નહિ. એ ધર્માદામાંથી તો ભગવાને નિર્દેશેલાં કાર્યો કરવા જોઈએ, કે જે મનુષ્યનું જીવન ઘડતર કરે. ત્યારે, એ ધર્માદાનો એક નવો પૈસો જો ચવાઈ જતો હોય તો આપણા અંતર કકળી ઊઠવા જોઈએ. જે ભગવાનની આજ્ઞાપરાયણ છે, એ આંખમિચામણા કદી ન કરી શકે.

# ૪૬

## ગુણગાન (પ્રશંસા) કોના કરવા જોઈએ?

પ્રેમ કે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ પ્રેમરૂપી પર્યંક એટલે પલંગ, એના પર પ્રભુ કરત સુખ આરામ. એટલે મારા મુક્તો મારી મૂર્તિરૂપી પ્રેમ, એમાં દિવ્ય સુખ માણે છે. હું પ્રેમ સ્વરૂપ છું... પ્રેમ કે પર્યંક પર પ્રભુ કરત સુખ આરામ, પછી મુક્તાનંદ નીજ ચરન ઢીગ ગુન ગાવત આઠો જામ. ઓ હો! ત્યારે ગુણગાન કોના કરવાના? શ્રીહરિના ગુણગાન કરવાના, નહિ કે અન્યના ગુણગાન. પરમાત્માના ગુણગાન કરવાના. બધાના શું કામ ગુણગાન કર કર કરીએ? એવું થાય તો પ્રસિદ્ધિનો રાગ પેસી જાય. પ્રસિદ્ધિનો રાગ પેસી જાય તો વખાણી ખીચડી દાંતે ચોંટી જેવું થઈ જાય. એ તો ઊલટો દ્રોહ કર્યો કહેવાય. માટે પ્રશંસા અન્યની પણ મર્યાદામાં રહીને કરવી. આ તો એવી ચલાવે કે ભગવાનને તો ક્યાંય ભૂલી જાય. જેમ ઓલો

મોટો યજ્ઞ થયો એમાં મહારાજ ભૂખ્યા રહ્યા. આખો દી એમાં ને એમાં કાઢી નાંખ્યો.

## ૪૭

## ખરો ધનાઢય કોને કહેવાય? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શ્રીજીમહારાજના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?

શ્રીજીમહારાજ સભા કરીને એમાં ગાદી-તકિયા નાંખીને ધનાઢ્ય પ્રતિષ્ઠિત હરિભક્તોને આગળ બેસાડે. પછી એક વાર કોઈ ગાંડાઘેલા હરિભક્તે કહ્યું, મહારાજ, અમે એવું શું પાપ કર્યું છે કે અમને આગળ બેસવા મળતું જ નથી કોઈ દિ? આ બધા કેટલા ભાગ્યશાળી છે કે તમારા સાંનિધ્યમાં રહે એમ નજીક બેસવા મળે છે. ત્યારે મહારાજ હસવા માંડ્યા. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી પણ એ સાંભળીને મંદ મંદ હસવા માંડ્યા. મહારાજ કહે, જુઓ ભાઈ, આ અવરભાવની દૃષ્ટિએ આ બધા ધનાઢ્ય પ્રતિષ્ઠિત માણસો છે. એટલે એવી રીત રાખી છે. પણ પરભાવની દૃષ્ટિએ તો તમે વધુ ધનાઢ્ય છો. અનંત કોટી મુક્તોની સભા (ધામમાં) છે, એમાં આગળ પાછળ જેવું કંઈ જ નથી. તમે જેટલા (અમારી) ઢૂકડા છો એટલા આ નથી. આમને તો ગાદી-તકિયા ન આપું તો છંછેડાઈ જાય, રિસાઈ જાય. એટલે આગળ બેસાડી અમારી મૂર્તિ તરફ ખેંચાય એટલે ગાદી-તકિયા આપ્યા છે. મહારાજ આવું બોલ્યા એટલે

આગળ બેઠા હતાને? એમણે ગાદી-તકિયા કાઢી નાખ્યા. મહારાજ, અમારે ગાદી-તકિયા નથી જોઈતા. પછી પેલા હરિભક્તને કહ્યું, આવો, બેસો તમે આગળ બેસો. મહારાજ, તમારી વાત સાંભળી એટલે અમને તમારે પ્રતાપે થોડું થોડું જ્ઞાન આવવા માંડ્યું છે. પેલા ભાઈ કહે, અમારે એ નથી જોઈતા અમે તો આવામાં જ પડ્યા રહીએ છીએ. અમને એ ગાદી-તકિયા ન ફાવે. પછી મહારાજ કહે, એને ઉપાડીને લઈ જાઓ. બેસો ત્યારે નીચે.

મહારાજે એમ કહ્યું કે મારી મૂર્તિનો સંબંધ રાખી મારી આજ્ઞાનું જે પાલન કરે છે તે (ખરો) ધનાઢ્ય. અને બીજા એમ ન કરે એ ધનાઢ્ય હોય તો ય રાંક છે.

## ૪૮

## કોની અધોગતિ કે પતન થવાનો સંભવ જ નથી?

મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત હોય તેને કોઈ પણ સીઝન કે કોઈ પણ ઋતુ કે કોઈ પણ સંજોગોમાં બગડવાનો કે પતન થવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

An enlightened person is an exception in this matter. Enlightened person can never become corrupt.

## ૪૯

**માંદા પડવું એ ગુનો છે? તે ગુનો કોને લાગુ પડતો નથી? તેના વિશે મહાત્મા ગાંધીજીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ગાંધીજીએ એકવાર એમ કહેલું કે માંદા પડવું એ ગુનો છે. Crime કીધો crime. બીજા પાસે સેવા કરાવવી પડે, આવો સરસ દેહ વળી માંદો રહે, હેરાન થવું પડે. એટલે વારે વારે માંદુ પડવું એ ગુનો છે. શરીર સરસ રીતે સાચવવું જોઈએ. તો આપણા સંતો મંદવાડ ગ્રહણ કરતા તેનું કેમ? મેં કહ્યું કે એ મંદવાડ જ નહોતો. એ તો મંદવાડ ગ્રહણ કરતા. જો એ મંદવાડ જ ન હોય, તો Crime રહ્યો જ ક્યાં? બીજાના મંદવાડમાં અને અનાદિમુક્તના મંદવાડમાં આટલો ફરક છે. બીજાના મંદવાડ માટે Crime બરાબર છે, પણ અનાદિમુક્ત માટે તો જેમ શ્રી અરવિંદે કહ્યું, ને કે he is an exception. તેમ અનાદિમુક્ત કે જે મૂર્તિના અલૌકિક દિવ્ય સુખને પામ્યા હોય તેવા મુક્તો આ બાબતમાં અપવાદરૂપ છે. કારણ કે એ તો સદા નિરોગી છે, એને રોગ થવાનો કોઈ સવાલ જ નથી. એનું તો શરીરેય નિરોગી અને ચૈતન્યેય નિરોગી છે. પરંતુ કોઈ કારણસર માનવજાતની સેવા કરવા માટે અને કોઈનું ભલું કરવા માટે કોઈના મંદવાડ ગ્રહણ કરી લે અને એને સુખી કરી નાખે એટલા

માટે જ આ મંદવાડ હોય છે એટલે Are Anadimuktas an exception? Is Gandhiji correct? ગાંધીજી સાચા છે. સાધનદશાવાળા માટે, નહિ કે સિદ્ધદશાવાળા માટે.

## ૫૦

## આપણે સમૃદ્ધિનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ?

આ બધી સમૃદ્ધિ કોની છે? મહારાજની. અનંત વિશ્વ એ સમૃદ્ધિ છે. અનંત અવતારોના ધામ એ ભગવાન સ્વામિનારાયણની સમૃદ્ધિ છે. એ સમૃદ્ધિ શા માટે રચી? એમને ઓળખવાને માટે. ભગવાન કહે છે કે તમને મેં જે કંઈ સમૃદ્ધિ આપી તે સર્વે મારી છે તે મને પામવા માટે તમને આપેલી છે. તેના માલિક આપણે ન બનીએ. તે સમૃદ્ધિનો ઉપયોગ કરી અને મહારાજની મૂર્તિનો અનુભવ કરી અને તે સમૃદ્ધિનો ઉપયોગ બીજા મુક્તો કરે તેવું કરવું. અને તે ઉપયોગ કરીને તે ય મહારાજની મૂર્તિરૂપ બની જાય. આમ સમૃદ્ધિ એ આપણને ભગવાન તરફ લઈ જવા માટે છે. એમાં અહંપણું કે મારાપણું આવવું જોઈએ નહિ. જો એ આપણી હોય તો મૃત્શું પછી આપણી સાથે એ આવવી જોઈએ કે નહિ? એ આપણી સાથે આવતી જ નથી એ પણ સમજવું.

## ૫૧

## શ્રધ્ધા એટલે શું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સુખમાં રાખી દીધા. હવે તમારે જન્મ નહિ લેવો પડે. અત્યારથી જ દિવ્ય દષ્ટિ થઈ જાય. શ્રદ્ધા રાખવી, વિશ્વાસ રાખવો. એમાં ફેરફાર ન કરવો. હું શ્રદ્ધાનો અર્થ સમજાવું. શ્રદ્ધા તૂટી જાય છે હોં! એમ થાય તો ભગવાન સાથેનો સંબંધ તૂટી જાય. જેમ એક નદી ઉપર પૂલ બાંધ્યો હોય, નદી જોરથી વહી જતી હોય, એ પૂલ ઉપર ગાડી - બસ જે કાંઈ જતું હોય ને પૂલ તૂટી જાય તો સામે દિશાએ પહોંચે ખરો? શી રીતે પહોંચે? ન પહોંચે. એમ શ્રદ્ધામાં લગારેય ફેર ન પાડવો. ગમે તેવા સંજોગો આવશે. મહારાજે કહ્યું, સત્સંગ લૌકિક લાભ થાય છે એટલા ખાતર ન કરવો, પરંતુ મહારાજનું સુખ મળે એ ખાતર કરવો. સૃષ્ટિની રચના છે તો એ પ્રમાણે થયા જ કરે.

ભગવાન કોઈક વાર ન કરે તો એમ થાય કે ન કર્યું. ભગવાન કહે, એ તો મારા નિયમ મુજબ બધું થયા કરે. હું તને સુખમાં લઈ જાઉં એ થોડી વાત છે? અનેક જન્મો માફ કરીને મારી મૂર્તિના સુખમાં રાખું એની તારે ગણતરી જ નહિ? અને મારી પાસે કામ જ કરાવ્યા કરવાનું અને ન કરું તો શ્રદ્ધા તોડી નાંખવી? ભગવાન ન કરે ત્યારે મૂકો પડ્યા

ભગવાનને. કંઈ કામના નથી હેરાન કરીને મારી નાંખશે આવું બોલે. શ્રદ્ધા જો તૂટી જાય તો ભગવાન સાથેનો સંબંધ જેમ આ પૂલ તૂટી જાય તેવું થાય. શ્રદ્ધા તો ડગવા જ ન દેવી. એવી શ્રદ્ધા રાખવી કે બાપાશ્રી કહે છે ને કે પૃથ્વી ચળે, તારા ચળે, પરંતુ શ્રદ્ધા ચળવી જોઈએ નહિ. તો મહારાજની મૂર્તિ સિદ્ધ થાય. મહારાજ એવા રાજી થાય કે તું ખરો. તારી શ્રદ્ધાને પણ ધન્ય છે. ઊલટું ભગવાન એને ધન્યવાદ આપે. ત્યારે આપણે એવા થઈ ભગવાન ભજવા, મહારાજની મૂર્તિ સંભારવી. ડરવું નહિ. જ્યોતિષીઓ પાસે જવું નહિ. ભૂવા પાસે ન જવું, દેવ-દેવલા પાસે ન જવું. ક્યાંય જવાની જરૂર નથી. શું જવાની જરૂર છે? કશું ના વળે. ઊલટા જન્મ વધી પડે. તો પેલા ભૂવા ભેગા આપણે પણ ભૂવા થઈ જઈએ. જેમ જડભરત ભગવાનના પુત્ર બહુ જ્ઞાની હતા. છતાં પેલી મૃગલીમાં આસક્તિ થઈ ગઈ. તેમનો સ્વભાવ બહુ દયાળુ હતો. અતિ દયાળુ, તો મૃગલીમાં બંધાઈ ગયા. એટલે ભગવાને જનમ આપ્યો. એ જનમ કેવો આપ્યો ખબર છે? જડભરતનો. ભરતજી નહિ, જડભરત ભમ્યા જ કરે, બધું ભૂલી ગયા. ભગવાને એ શિક્ષા કરી. પછી મૃગલી તો શું? મૃગલી કે ગમે તે આવે તો પણ ભગવાન સિવાય ક્યાંય બંધાય નહિ. પછી જડભરતજીની શિક્ષા પૂરી થઈ એટલે ભગવાનના સુખમાં પહોંચી ગયા. માટે ભગવાન સિવાય ક્યાંય આસક્તિ ન રાખવી. શ્રદ્ધા ડગવા દેવી નહિ.

ભગવાન સર્વોપરી છે, કર્તા-હર્તા છે એમાં ફેર નથી એ ધ્યાન રાખવાનું. ક્યાંય ભગવાન સિવાય વૃત્તિ રાખવી નહિ. ભગવાન સિવાય કોઈ કર્તા નથી. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજે કહ્યું મારું સુખ આવી જાય હોં! મહારાજ કહે, મારો માર્ગ જો લેવા માંડે તો હું ય ખરો છું કે તરત કસોટી મૂકું. કસોટીમાંથી પાર ઊતરી જાય તો પહોંચી ગયો. ભગવાનનું એ અંગ જ છે. કે મારા માર્ગે આવે ત્યારે કસોટી થાય. હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ. કાયર થઈને મને મૂકીને ભાગી જાય તો? આપણે ભક્તિ કરીએ એટલે ભગવાન કસોટી કરે. ન પણ કરે, કરે જ એવું નથી. પણ એમનું આ એવું અંગ છે. કસોટી કરે ત્યારે પાર ઊતરી જવું. બીજું શું થવાનું હતું કહો? આ દેહ પડી જાય. એથી કોઈ મોટી સજા છે? ભલે પડી જાય. પડવા દેવાનો, પણ ડગવાનું નહિ. શ્રદ્ધા રાખવી તો ભગવાન સુખિયા કરી નાંખે આ લોકમાં પણ સુખિયા કરી મૂકે.

## ૫૨

**આપણે ઉન્મત્ત ક્યારે થયા કહેવાઈએ? તેના વિશે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

બે હરિભક્ત આફ્રિકા જતાં પહેલાં બાપા પાસે આશીર્વાદ લેવા માટે આવ્યા. બાપાને નમન કર્યું, દંડવત્

કર્યા. રાજી થઈને બાપા કહે, બચ્ચા મહારાજને ન ભૂલશો. બાપાએ હંમેશાં એક વસ્તુ કીધેલી કે, અમે તમને મૂર્તિમાં રાખ્યા, આપણે મૂર્તિમાં ભેળા જ છીએ. મૂર્તિ એટલે ભગવાનનું સ્વરૂપ. જતી વખતે એક જણ કહે, બાપા, એવા આશીર્વાદ આપો કે હું ભગવાનને ભૂલી ન શકું. બાપા કહે, સારું, મહારાજ સદાય ભેળા છે. મહારાજ નહિ ભુલાવા દે. બીજાએ પણ એમ જ આશીર્વાદ મેળવેલા હતા. એ કહે, બાપા તમે કહો છો, તમને મૂર્તિમાં રાખ્યા અને મહારાજ ભેળા છે. તો મહારાજ તો ભેળા જ હોય ને! પછી બાપા કહે, એ તો ભેળા જ છે, પરંતુ એનું અખંડ અનુસંધાન રાખવાનું. ઉન્મત્ત નહિ થઈ જવાનું. તો જાણે બાપાને જ્ઞાન કરવા મંડી ગયો, બાપા, તમે મૂર્તિમાં રાખ્યા છે અને તમે કહો છો મહારાજ ભેળા છે તો હવે ક્યાં કહેવાની જરૂર રહી? બાપા કહે, એમ ન બોલાય. ઉન્મત્ત થઈ જવાય. શાણપણ રાખવાનું. પછી થયું એવું કે જેણે બાપાને એમ કહ્યું હતું કે મહારાજ ન ભૂલું એવું કરજો. એના ભેળા મહારાજ-બાપા જ્યાં જાય ત્યાં અખંડ રહેવા મંડ્યા. અને બીજાને થોડો અહંકાર આવી ગયો એટલે એને સુખ જ ન આવ્યું. અને અંતે હેરાન થઈને પાછો આવ્યો. બાપાને કહે, બાપા, તમે મને સરખા આશીર્વાદ ન આપ્યા. બાપા કહે, તું ઉન્મત્ત થઈ ગયો એટલે મહારાજે ન આપ્યા. માટે જ્ઞાનનું અજીર્ણપણું ન થવું જોઈએ બરાબર? બાપા કહે મહારાજ

ભેળા રહેશે. તો કે ભેળા નથી અને હવે ભેળા રહેશે એવો અર્થ ન સમજવો. પણ એમ કહેવા માંગે છે કે ભેળા છે ને એ સમક્ષ લાગે એને (સદાય સાથે લાગે એટલા માટે કહે છે) એટલે ઊંધું ન સમજવું.

## ૫૩

## કોનો સંસર્ગ છોડી દેવો જોઈએ? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

કોઈના સ્વભાવ સારા ન હોય તો એનું વર્ણન ન કરવું. કોઈના સ્વભાવનું વર્ણન ન કરવું. મહારાજને પ્રાર્થના કરવી. પછી જ્યારે ટળવા હોય ત્યારે ટળે બરોબર? ઘાટ-સંકલ્પ જલદી ન પણ જાય. મહારાજને પ્રાર્થના કરવી કે હે મહારાજ, તમે દયા કરીને એના ઘાટ-સંકલ્પ દૂર કરજો. પંચ વર્તમાનથી વિરુદ્ધ હોય, સરખા ન લાગે કે કાંઈ બીજું હોય તો પણ એના સંસર્ગમાં ન રહેવું. મહારાજે ના પાડી દીધી. ગઢડા પ્રથમનું ૧૮મું વચનામૃત વાંચો. સંસર્ગમાં રહેવાની ના પાડી. એના સંસર્ગમાં રહીએ તો કેટલીક વાર એની અસર આપણને અડે અને એના લીધે મૂર્તિનું સુખ ન આવે. એટલે એને ખબરેય ન પડે એમ તેનો સંસર્ગ છોડી દેવો. એને છંછેડવો નહિ, પણ પ્રાર્થના કરવી. આપણે પ્રાર્થના કરીએ એટલે મહારાજની નજરમાં તો એ આવી ગયો. પછી ધીમે-ધીમે સુધરીને સારો થઈ જાય.

# ૫૪

## પ્રસાદ ગ્રહણ કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શક્તિ પંથીઓ છે ને? એ એવું કરે કે આ શક્તિનો પ્રસાદ ખવડાવીને જ રહું. એનો ઠરાવ રહ્યો? મહારાજનો ઠરાવ રહે. કેટલાક ભક્તો દાસભાવમાં રહ્યા તો મહારાજે રક્ષા કરી. અને જો દાસભાવ નીકળી જાય તો રક્ષા ન કરે. દાસભાવ તો છોડવો જ નહિ. એ વખતે એક બીજી વસ્તુ યાદ રાખવી કે તુલસીદાસે કહ્યું છે કે, શ્રીકૃષ્ણનો અવતાર રામથી મોટો અવતાર તો પણ કહ્યું કે હું તમને મસ્તક નહિ નમાવું. તમે આ રીતે રામની જેમ ધનુષબાણ હાથમાં લો તો જ તમને મસ્તક નમે નહિતર નહિ નમે. એ એને યાદ અપાવ્યું કે આ કંઠ, આ બધી ઇંદ્રિયો સ્વામિનારાયણ ભગવાનને અર્પણ કરી છે. એટલે એનો પ્રસાદ મેળવ્યા વગર અમારાથી ન ખવાય. તમારે તમારી શક્તિનો પ્રસાદ શક્તિને (માતાજીને) ધરાવ્યા વગર ન ખાવો. હું તને આપું અને તારે ન જમવું હોય તો હું તને આગ્રહ નહિ કરું બરોબર? તું શું કામ આગ્રહ કરે છે? તારો શક્તિનો પ્રસાદ તું જમ. હું સ્વામિનારાયણ ભગવાનનો પ્રસાદ જમું. શા માટે ઊંધો ઠરાવ રાખવો? તો તું જ જમને ભગવાનનો પ્રસાદ. એ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. એને આ ખ્યાલ

આપવો. જેથી એને ખ્યાલ આવે કે રામના ભક્ત તુલસીદાસજી પણ આમ બોલ્યા હતા. અને આ સ્વામિનારાયણ ભગવાન બોલ્યા છે. શક્તિનું ધરેલું ન જમવું. શક્તિને માનનારાને તો થોડુંક છમક લાગે. (અપમાન લાગે) એ લગાડવું જોઈએ નહિ. આપણે અભિમાનથી ન બોલવું. ગર્વ રાખીને ન બોલવું, પણ આપણે એ ભગવાનના સત્યના બળથી, ઉપાસનાના બળથી એ સત્યનું જોર અને જોમ છે આપણામાં એ દાસત્વભાવે બોલે છે. તો ભગવાનને ધરાવ્યા વગર અમારાથી કોઈ વસ્તુ ન ખવાય. અને તમારી શક્તિનો પ્રસાદ જો મને આપો તો મારે ભગવાનને ધરાવવો પડે. જે સર્વોપરી હોય, જે મોટા હોય એ શક્તિનું ધરેલું કેમ જમે? આવું તેને દાસભાવે કહેવું તો એને ગુણ આવે, પરંતુ એ પડે એવું કરવું નહિ. એનું સારું કરવું. ટૂંકમાં આપણે બધાયનું સારું કરવું. મગજથી વિચારવું. એકદમ ઉતાવળા થવું નહિ. એ ભક્તે દાસપણું રાખ્યું તો ભગવાન ભળ્યા. અને જો એ પણ જેમ-તેમ બોલ્યો હોત તો મહારાજ શું કહેત? કે એ જેવો છે તેવો તું થયો હવે જા ત્યારે. તો સ્વભાવ નડે તો ઉપદ્રવ પામે. દાસપણું જે ઘડીએ જાય એ વખતે ભગવાન હાથ જોડીને દૂર ખસી જાય કે મારા ભક્તે દાસપણું છોડી દીધું.

# ૫૫

## ખોટા/બનાવટી ભગવાન થઈ બેઠેલા લોકો વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ખોટા ભગવાન હોય એય નકલ કરે હો! ચેતતા રહેવાનું. તે તો બનાવટી હીરા કરતાં ય વધારે ચળકે. મચ્છીમાર હોય તે માછલા પકડે. માછલા તો બિચારા નિર્દોષ. અને મચ્છીમાર જાળ એવી સરસ બિછાવે, અંદર ગોળીઓ મૂકે મીઠી, એટલે માછલા અજ્ઞાની બિચારા. માછલા તો સાવ ભીરુ. જાળની અંદર એ ગોળી લેવા જાય અને ફસાઈ જાય. ફસાઈ જાય એટલે નાશ પામે. બીજું શું થાય? ત્યારે આ નકલી ભગવાનો એવી સરસ વાતો કરેને! ભગવાનની જ વાતો હોય તે એવી બધી મોઢે કરી હોય તેથી વાતો ખૂબ સરસ કરે. અને પછી પોતાના સ્વરૂપમાં જોડવા માટે બધું માળખું ગોઠવીને તૈયાર રાખ્યું હોય. અને પેલી માછલી જેમ ગોળી ખાવા જાય ને જાળમાં ફસાઈ જાય એમ ભોળા માણસો એમાં ભરાઈ પડે કે અહોહો! આ તો સાક્ષાત્ ભગવાન છે. તો બનાવટી ભગવાન થવું બહુ સહેલું છે. સંત થવું ઘણું કઠણ છે. માટે આપણે સંત થવું, ભગવાન થવું નહિ, ભગવાનરૂપ થવું.

# ૫૬

## વિશ્વમાં અશાંત પરિસ્થિતિને લીધે હિંસાનો વ્યાપ ખૂબ વધ્યો છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ કેવી પ્રાર્થના કરવાનું સમજાવે છે?

આ જે તોફાન છે તેના અંગે પણ થોડી પ્રાર્થના થોડીવાર ધૂન કરીને કરીએ. બધી દિશામાં કેટલાંક જીવો નાશ પામ્યા છે તેના અર્થે ને આ બે મહામુક્તો દેહોત્સવ કરી ગયા તેમના નિમિત્તે આ દિવ્ય સભામાં પ્રાર્થના થાય કે મહારાજ એમને મૂર્તિનું સુખ અધિક અધિક આપે. બીજું એમ કે અત્યારે અશાંત પરિસ્થિતિ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના નિયમ મુજબ સતયુગ, દ્વાપરયુગ અને કળિયુગ એમ યુગો પણ બદલાતા હોય છે. જ્યાં આસુરી તત્ત્વો કે આસુરી ભાવો ઉત્પન્ન થાય એનું નામ કળિયુગ. આ સભામાં સત્યયુગ છે દિવ્યયુગ છે. અહીં કંઈ કળિયુગ નથી, નથી કંઈ આસુરી. કોઈ તકલીફ નહિ, કશું જ નહિ. અહીં તો એ કોઈ બાબત પ્રવેશ જ ન કરી શકે. તો આપણે બધા સત્યયુગમાં જ જીવીએ છીએ, સત્યયુગમાં જ વર્તીએ છીએ. કેટલી સરસ વાત! આખું વિશ્વ આવી રીતે ફેરવાઈ જાય તો? અહીં કોઈ આસુરી ક્રિયાઓ થાય ખરી? ન થાય. અત્યારે વિશ્વમાં આસુરી તત્ત્વો માયામાંથી જે ઉત્પન્ન થયાને એ લોકોને હિંસા કરવામાં જ રસ પડી જાય. બોલો! તેઓ

કોઈની હિંસા કરે તો આનંદ પામી જાય કે ચાલો એક હિંસા થઈ ગઈ. એ પણ આત્મા જ છે, છતાં પણ આસુરીભાવને પામ્યો તો કેટલાય નિર્દોષ બિચારાને મારી નાખે. તો જે જે માનવીઓ આવી રીતે મૃત્શું પામ્યા હોય તે બધા જીવોનું મહારાજ સારું કરે, એમનું કલ્યાણ કરે કે એમને સત્સંગમાં જન્મ આપીને આવી સમજણ કરાવરાવે એવી આપણે પ્રાર્થના કરવી જોઈએ ને તે આપણો પરમ ધર્મ છે. કારણ કે બાપા એમ કહેતા કે અમારે સૌનું સારું કરવું છે, એકેએક જીવનું સારું કરવું છે.

એવા આસુરી તત્ત્વો અદૃશ્ય થઈ જાય તો એ અદૃશ્ય થયા પછી નવો યુગ શરૂ થશે. તે ખૂબ સુંદર હશે, પણ તેને સમય લાગશે. અત્યારે આપણે મહારાજને એવી પ્રાર્થના કરીએ કે એ આસુરી તત્ત્વો બધા ધીરે ધીરે દબાઈ જાય. કેમ થશે એ મહારાજને અને અનાદિમુક્તને તો ખબર જ હોય. આપણે એવી કેમ થશે, કેમ નહિ એ જાણવાની જિજ્ઞાસા છોડી દેવી જોઈએ. એમને બધી ખબર છે એટલે પતી ગયું. બરાબર? આપણે તો આપણી રીતે રહી અને મહારાજને પ્રાર્થના કરવી કે હે મહારાજ! બધા જીવોમાંથી આસુરીભાવ દૂર થઈ અને તમારે શરણે આવે અને આશ્રિત બની જાય આવી શુભ પ્રાર્થના.

## ૫૭

**તીર્થ કોને કહેવાય? અને ભગવાનના સ્થાવર અને જંગમ તીર્થ કોને જાણવા?**

તારે તે તીર્થ. તારવું એટલે કે ભવસાગર પાર, મૂળ અક્ષર કોટીથી પાર શ્રીજીમહારાજના દિવ્ય સુખને પમાડે એ તીર્થ. સ્થાવર તીર્થ મુમુક્ષુઓને પાવન કરે, ઇંદ્રિયો અંતઃકરણને શુદ્ધ કરે. અને સ્થાવર તીર્થની અંદર રહેલા ભગવાનના અનાદિમુક્તરૂપ સત્પુરુષો એ ભગવાનના ભક્તને કૃપાદૃષ્ટિ કરીને સમજણ આપીને મહારાજની મૂર્તિના સુખમાં જોડી દે છે. અને તારવાનું કામ એ રીતે તે તીર્થમાં પૂર્ણ થાય છે. ભગવાનના જંગમ તીર્થના જોગ જેવો બીજો કોઈ જોગ નથી. તેઓ તો ચૈતન્યમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી નાંખે છે. ચિત્ર પ્રતિમામાં જેમ ભગવાન પોતે બિરાજિત થઈ જાય છે, એવી રીતે ભગવાન પોતાના જોગથી, પોતાના આશીર્વાદથી, પોતાના રાજીપાથી એ મુમુક્ષુના ચૈતન્યને વિશે બિરાજમાન થાય છે.

## ૫૮

**ભગવાનના ભક્તને દુઃખ આવે તેનું શું કારણ છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એક ભક્તે મહારાજને પૂછ્યું હતું કે, મહારાજ, મને

આટલું બધું દુઃખ કેમ આપો છો? તો મહારાજ કહે, તમને ખૂબ સુખ આપવા માટે. મારા સુખમાં તમે રહી શકો, મારું સુખ જીરવી શકો તેવા પાત્ર કરવા માટે તમને દુઃખ આપું છું. તો દુઃખનું કારણ આ સુખ છે. મહારાજ કહે છે કે, થોડો વખત બૂમો પાડશે બીજું શું કરવાના છે? ભલે પાડે, પણ એ બૂમોને અંતે તો અલૌકિક સુખમાં રહેવાશેને? શા માટે દુઃખથી ડરી જવું? ભલે દુઃખ થાય. દુઃખ એ દુઃખ નથી. દુઃખ સુખ માટે છે. શ્રીજીમહારાજ દુઃખ આપે છે એ સુખ માટે જ આપે છે. તેથી એમ નહિ માનવાનું કે એવું તો મેં શું પાપ કર્યું છે કે મહારાજ મને આટલું બધું દુઃખ આપે છે? એટલે મહારાજ એમ કહે છે કે જ્યારથી તમે મારા સાચા આશ્રિત થયા, ત્યારથી હું તમારો પ્રારબ્ધ બન્યો. દુઃખ છે એ આપનાર કોણ? કાળ-કર્મ-માયા? અરે ના... ના, હું પોતે છું. એ દુઃખ નથી આપતો એ તો એ દિવ્ય સુખમાં લઈ જવા માટેનો સેવક મોકલ્યો છે. તો એ સુખમાં લઈ જવા માટે સેવક મોકલ્યો એ ધન્યભાગ્ય કે શું બીજું? વિચાર કરો! કદીયે મંદવાડથી ડરીએ નહિ, મંદવાડથી મૂંઝાઈએ નહિ, મંદવાડને તો વધાવી લેવાનો. મંદવાડ તો સુખને માટે શ્રીજીમહારાજે મોકલ્યો છે. આ વાત બરાબર સમજવાની છે. શ્રીજીમહારાજે કહેલી. આ એક વાત મંદવાડની થઈ. એવી તો મોટા મુક્તોના મંદવાડની ઘણી વાતો છે.

## ૫૯

## નિંદા-કૂથલી થવાનું કારણ શું છે?

મહારાજ કહે છે, ભસવું એટલે નિંદા-કુથલી કરવી. સાચું હોય એને ખોટું કહેવું. સાચું હોય ને ખોટું ક્યારે કહે ખબર છે? ઈર્ષા થાય ત્યારે. ઈર્ષા એ એક સ્વભાવને કારણે છે. એ સ્વભાવ શ્રીજીમહારાજ સામું જોઈએ તો તરત જતો રહે. તો ભસવાનું બંધ થઈ જાય. ભસવાનું બંધ થઈ જાય અને જીવ શિવ થઈ જાય. શિવ એટલે મુક્ત થઈ જાય. એટલે મહારાજ કહે છે કે મારી મૂર્તિ સિવાય મારા મૂર્તિના સંબંધ સિવાયની જે વાતો છે ને એ ભસવા જેવી છે. એટલે મૂર્તિ સિવાયની વાતો કરીએ તો ભસ્યા કહેવાઈએ. ત્યાં સુધી જીવની કક્ષા કહેવાય અને જેવું એ બધું બંધ થઈ જાય ત્યારે જીવમાંથી મુક્ત થઈ જવાય. જીવ મટી જાય પછી શું રહ્યું? ત્યારે કૂતરા જેવો સ્વભાવ મહારાજે આ સભામાંથી તો ઉડાડી જ દીધો છે. છેદ જ ઉડાડી દીધો છે. રહેવા જ નથી દીધો. એટલે આ શ્રીજીમહારાજ અને બાપા ન્યાલકરણ મળ્યા એમ માનવાનું એમાં ભસવાનો સવાલ જ રહેવા દીધો નથી.

# ૬૦

## નર્ક એટલે શું? રાંક કોને કહેવાય? અને રાંકમાંથી શાહુકાર ક્યારે બનાય?

ભગવાનના સુખ આગળ આ લોકના બધા સુખ નર્ક તુલ્ય છે. નર્ક શબ્દથી બધા ભડકી જાય છે. શ્રીજીમહારાજને પૂછ્યું કે મહારાજ, નર્ક તુલ્ય શબ્દ વપરાય? ત્યારે મહારાજ કહે, નર્ક શું કહેવાય એ તમને ખબર છે! તો કહે, મહારાજ નર્ક તો ગંદા આ જે મળ છેને એ મળ-પેશાબ એવી જે અશુદ્ધિઓરૂપી ગંદવાડને નર્ક કહેવાય. મહારાજ કહે ના... ના એ નર્ક તો ઠીક મારા ભઈ. પણ નર્ક કોને કહેવાય એ તમને ખબર છે? તો મહારાજ કહે, મેં જે નર્ક કહ્યું છે એ એમ છે કે, સર્વોપરી ભગવાનને ઓળખવામાં જે કચાશ છે એ નર્ક છે. આ બધા દેવો છે એ દેવ કક્ષાએ પહોંચ્યા છે. ત્યાં સર્વોપરી પરમ તત્ત્વ ઓળખવાનું બાકી છે. એ જે કચાશ છે એ નર્ક છે. એકલા મળ-મૂત્ર નર્ક નથી. આ વ્યાખ્યા સમજ્યા? તો કહે હા મહારાજ. હવે ખબર પડી કે નર્ક શું છે. તો નર્કનો અર્થ અતિ ગૌણ એમ છે. એક શ્રીજીમહારાજના સુખ આગળ શ્રીજીમહારાજની મૂર્તિથી જુદી જુદી જે ભૂમિકાઓ છે એ બધાના સુખ અતિ ગૌણ છે એમ કહેવાનો અર્થ છે. એમ કદીયે ન સમજીએ કે ભગવાનની કલ્પનામાં આ નર્ક છે. (મળ-મૂત્ર આદિ મલિન

તત્ત્વ નર્ક નથી.)

બીજી વાત એક જણે એમ પૂછયું કે, ભગવાને કહ્યું કે, આ બધા દેવોના સુખ શાહુકાર પાસે સડતાલાના રાંકા જેવા છે તો મહારાજે કેમ આવા શબ્દો વાપર્યા? મહારાજે કહ્યું કે જો એ શબ્દ પ્રચલિત છે. શાહુકાર હોય કે રાંક હોય એ બેમાં શું ફરક છે? અવરભાવની દષ્ટિએ ઘણો બધો ફરક છે. એટલે ભગવાનના સુખ આગળ અતિ ગૌણ છે. એમ એ સડતાલાના રાંકા શબ્દનો અર્થ છે. રાંકા કોને કહેવાય? જે ભગવાનના પરમ સુખથી વંચિત હોય તે બધાને રાંકા કહેવાય. તો રાંક તો મટવું જ જોઈએને. કોઈને સદાય રાંક થઈને રહેવું ગમે ખરું? રાંકમાંથી શાહુકાર બનવું ગમે. શાહુકાર બનવું એટલે મુક્ત બનવું. મહારાજના મુક્ત બને એ શાહુકાર. ત્યારે રાંક મટીને શાહુકાર બની જવા માટે મહારાજે આપણને આશીર્વાદ આપીને કૃપા કરી કે આજથી અમે તમને સૌને મુક્ત બનાવી દીધા. કેટલી બધી કૃપા! ભગવાનને પરમ કૃપાળુ, કૃપાસાધ્ય તેમાં કહીએ છીએ કે તેઓ જાત-કુજાત, પાત્ર-કુપાત્ર કાંઈ જોતા નથી. એમને તો દિવ્ય પ્રેમ, ખરેખરો પ્રેમ જોઈએ છે. ભાવ જોઈએ છે. એ ભાવ કેવો? શંકા રહિત કે જેમાં કદીયે અવિશ્વાસ કે અશ્રદ્ધા ન આવે એનું નામ વિશ્વાસ. વિશ્વાસીને શીશ. એનો અર્થ એ છે કે જેમને વિશ્વાસમાં કદી પણ ચલિત થવાતું નથી તે પરમપદને ઓળખે છે એમ કહેવાય. ત્યાં સુધી વિશ્વાસ પૂરો

નથી એ એની નિશાની. એ આપણે આપણી રીતે આંકી શકીશું. ત્યારે આ સડતાલાના રાંકા અને નર્કની સરસ વ્યાખ્યા શ્રીજીમહારાજે કરેલી એ આપણે સમજ્યા. બીજા લોકો જુદું સમજે છે કે આવું તો કોઈ દિવસ બોલાતું હશે? અરે! એમ જ બોલાય. સર્વોપરી ભગવાન તો એમ જ કહેને? બીજું શું કહે? પેલું નર્ક તો ઠીક છે હવે. સાફ-સૂફ કરો એટલે જતું રહે, પરંતુ આ કચાશ કાઢવી એ તો જન્માંતર સુધી ચાલે, દખલ કર્યા કરે. હેરાન કરે. એક જન્મ ધરો એટલે કેટલી ઉપાધી? એટલી ઉપાધી કંઈક ને કંઈક દુઃખ ચાલ્યા જ કરે. આ આવે ને તે આવે. પછી મહારાજને પ્રાર્થના કરીને કહે, મહારાજ દયા કરીને હવે ટાળો આ બધું. એમ કહેવાનું મન થઈ જાય. એમ કહે ત્યારે એ ભગવાન તરફ જવાય.

## ૬૧

## ભગવાને થાળ ધરાવીએ ત્યારે ભગવાન થાળ ગ્રહણ કરે છે છતા થાળ ઓછો થતો નથી તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજને આપણે અન્નકોટ ધરાવીએ છીએ. ભગવાન ભોજન અંગીકાર કરે છે એને દિવ્ય કરીને. અને તેથી જ એ એટલું ને એટલું રહે છે. જો ખૂટવાડી દે તો આપણને ગર્વ આવી જાય. બીજાની ગરજ ન રહે.

## ૬૨

**આપણે જમવા બેસીએ ત્યારે શું ધ્યાન રાખવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

જમતાં પહેલાં જેટલું બોલવું હોય એટલું બોલી નાખવું એટલે એ જે ઉચ્ચારણ થાય એના લીધે આખું વાતાવરણ શુદ્ધ થાય. પછી જમવા માંડો એટલે બિલકુલ મૌન રાખવાનું. પછી નહિ બોલવાનું. જો બોલે તો ધ્યાન કેવી રીતે થાય? ધારો કે જનમંગલ બોલાય છે. તો જનમંગલ બોલતા જાય ને ધ્યાન કરીએ તો ધ્યાનમાં બે વૃત્તિ થાય. જનમંગલ બોલવાના; પછી જનમંગલ બંધ કરીને મૂર્તિનું ધ્યાન કરવું જોઈએ. પણ ધ્યાન કરતી વખતે શાંતિ જોઈએ. જમતાં જમતાં બોલ બોલ કરે અને અવાજ થાય તો મૂર્તિ ભૂલાઈ જાય. તો મહારાજ જ જમે છે એવું રાખવું જોઈએ. હાથે ય મહારાજનો દેખાવો જોઈએ. એમ કહે છે કે આપણે ગમે એટલું સ્વાદિષ્ટ ભોજન જમતા હોઈએ, પણ જો મૂર્તિરૂપ થઈને જમતા હોઈએ તો જમી રહ્યા પછી ખબર જ ન પડે કે શું જમ્યા ને શું નહિ.

## ૬૩

**આપણે કોઈનાથી ડરવું જોઈએ નહિ? શા માટે? તેના વિશે**

## પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે તો અક્ષરધામના અધિપતિના પાટવી કુંવરો, અનાદિમુક્તો છીએ. મગજમાં ભય જેવી વસ્તુ રહેવી જોઈએ નહિ. નિર્ભય કર્યા. અભયપદ આપ્યું. અભય હાથ નથી કહેતા? મહારાજે અભય હાથ મૂક્યો એનો અર્થ એ કે બધા ભયથી રહિત કરી નાંખ્યા. મૂળ અક્ષરકોટી સુધીના જે ભય છે એમાંથી મહારાજે મુક્ત કરી દીધા. પોતે આપણી એ વસ્તુ (ભય) લઈ લીધી. આપણને ભલે ખબર ન પડે. એની ચિંતા નહિ કરવાની. શ્રદ્ધા નહિ ડગાવવાની. એક જ વાત. ગમે તેવા દુઃખનો સંબંધ થાય. આ જન્મે જ ભોગવી લેવું છે. દેહમાં ગમે-તેવો રોગ આવે, આ લોકની ગમે તેવી આપત્તિ આવે, અરે, આપત્તિ એ તો એક સ્વપ્ન માત્ર છે. સ્વપ્નમાં આવે પછી સ્વપ્ન જતું રહે એટલે કંઈ હોય? એવું જ આ છે. જુઓ જો સ્વપ્ન ન હોય તો ગયો જન્મ કેમ યાદ ન રહે? Every life is a dream. દરેક જન્મ છે એ તો સ્વપ્નવત જ છે.

# ૬૪

## આપણે સભામાં કે અન્ય કોઈ સ્થાને સત્ય વાત કરતા ગભરાવું જોઈએ નહિ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

દિવ્ય એટલે જ સંપૂર્ણ સત્ય. સત્ય એ દિવ્યતાનું અંગ

છે. કોઈ એમ કહે, કે હું બાપાશ્રીના હેતવાળો નથી તો એનો અર્થ એ કે એ સ્વામિનારાયણ ભગવાનનો જ નથી. શા માટે? કારણ કે બાપાશ્રીનું વર્તન અણીશુદ્ધ વર્તન હતું. શ્રીજીમહારાજની આજ્ઞા મુજબનું. વળી વર્તનનો દોર કાયમ એક સરખો જ હતો. ત્યાર પછી ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી મૂર્તિની સારપ સિવાય ક્યાંય સારપ ન મનાય એનું નામ સર્વોપરી ઉપાસના. ત્યારે આજ્ઞા અને ઉપાસનાની તો બધી જ સભાઓમાં વાત થતી જ હોય છે, પણ શું આજ્ઞા અને શું ઉપાસના? એ સમજ્યા વગર આજ્ઞા અને ઉપાસનાની વાતો કરવી! એ શીખવું પડે. ત્યારે જો બાપાશ્રીના હેતવાળો નથી એમ કહે તો એનું અણીશુદ્ધ વર્તન નથી. બાપાશ્રીના હેતવાળો નથી એમ કહે તો એને ઉપાસનાનું ઠેકાણું નથી. તો પછી સ્વામિનારાયણનો આશ્રિત કેવી રીતે? તો દરેકે સાચા આજ્ઞા અને ઉપાસના પાલક થવું હશે તો બાપાશ્રીને જેમ છે એમ મહા અનાદિ મુક્તરાજ તરીકે ઓળખવા પડશે જે સત્ય બોલતા ગભરાય છે એ પણ સત્યનિષ્ઠાની ખામી છે. સત્યને બીવાની ક્યાં જરૂર છે?

ન્યાય કોર્ટમાં અસત્ય બોલે ત્યારે ગભરામણ થાય. તે વખતે સોગંધવિધિ લેવામાં આવે છે કે હું હંમેશાં સત્યનું પાલન કરીશ. કોઈએ એવી સોગંધવિધિ નથી કરી કે હું અસત્યનું પાલન કરીશ. અરે ભાઈ, અસત્ય તો

પશુજીવનમાં પણ જોવા મળતું નથી. એટલું એ બેડોળ અને પાપરૂપ છે. સત્યની વાત દબાવવાની જરૂર કયાં? સત્યની વાત દબાવે એ મૂર્ખ છે. ગમે તેવી સભા હોય, પણ આપણી વાત જો સત્ય હોય તો સત્ય કહેવી જોઈએ. શા માટે ગભરાવું? આપણને જવાબ આપતાં આવડવું જોઈએ. એવો જવાબ હોવો જોઈએ કે જેનો બીજો કોઈ ઉત્તર જ ન હોય.

અમેરિકામાં લૉસ ઍન્જલસમાં એક સભા થઈ હતી. અમે ત્રણ મુક્તો હતા. રામકૃષ્ણભાઈ, હીરાભાઈ અને હું. પછી વાત એમ હતી કે ત્યાં બધા પક્ષોની ભેળી સભા હતી. એ સભામાં રામકૃષ્ણભાઈએ વચનામૃતની ખૂબ સારી વાત કરી હતી. મેં તેમની ઓળખાણ આપી હતી. પછી એક સદ્‌ગૃહસ્થ ધનાઢ્ય વેપારી હતા. એમણે પૂછયું, કે આમની ઓળખ તો આપો. તો એમણે મારી ઓળખાણ આપી. ત્યારે કહે, અમારે એમની જરૂર છે. અમારે એમની વાત સાંભળવી છે. મેં કહ્યું કે ભાઈ, મારી વાત સાંભળવી હોય તો વાણી સ્વાતંત્ર્યની છૂટ છેને? જો આજ્ઞા હોય તો જ બોલું નહિ તો બોલવાની ક્યાં જરૂર છે? વાણી તો ઘીની માફક વાપરવી જોઈએ. એ કાંઈ જેમ-તેમ પાણીની જેમ ઊડાડી દેવાની નથી હોતી. પછી કહે, હા વાણી સ્વતંત્ર્ય છે. ખુશીથી વાત કરો. મેં કહ્યું જુઓ હું તો શ્રીજીમહારાજની મૂર્તિની વાતો કરવાનો છું અને કચ્છમાં અનાદિ મહામુક્ત

અબજીબાપાશ્રી પ્રગટ થયા એનું નામ તમને ખબર છે? તો કહે હા. બધા જાણીએ છીએ. મેં કહ્યું બહુ સરસ. એમણે કરેલી વાત આજે હું તમને કરવાનો છું અને તમે મને છૂટ આપી છે બોલો કરું? તો કહે, હા ખુશીથી કરો. મેં અર્ધો કલાક ઉપર મૂર્તિની, અનાદિમુક્તની સ્થિતિની વાત કરી. બાપાશ્રી કોણ હતા અને કેવા હતા એની પણ વાત કરી. અને બાપાશ્રીએ શ્રીજીમહારાજની સત્ય વાત, સત્ય રહસ્ય આપણે કેવી રીતે જાણતા નથી એ સમજાવ્યું. એ વાત કરી અને મેં એમને કહેલું કે તમારે વાણી સ્વાતંત્ર્યની છૂટ છે. જે તમે મને આપી છે. હું જે વાત કરું એમાં તમારે ગમે-તેટલા પ્રશ્નો પૂછવા હોય તો છૂટ છે. બધા ખુશ થઈ ગયા. અર્ધી કલાક વાત કર્યા પછી એમને એમ થયું કે આમને શું પૂછવું? કારણ કે વાત એવી હતી કે જેના બે ઉત્તર કરવા મુશ્કેલ પડે. ત્યારે એમણે કહ્યું કે આવી વાત પહેલીવાર સાંભળી. અમે ખૂબ ખુશ થયા અને શ્રીજીમહારાજની મૂર્તિનું જતન એમાં અષ્ટાંગ યોગ પણ આવી જાય. એ વાત અને અબજીબાપાશ્રીએ આવી ઉત્તમ વાતો કરી એનાથી અમે અજાણ રહ્યા એનો અમને અફસોસ છે. બોલો. જ્યારે સત્ય વસ્તુ સમજાય ત્યારે કોઈ મનાઈ કરતું નથી.

હંમેશાં યાદ રાખીએ કે આપણે સમજાવવું પડશે. એ વાત પ્રસ્થાપિત કરવી પડશે. કરવી પડશે ને? એમાં જો એં... એં... એં... એમ કરીશું તો નહિ ચાલે બાપાશ્રીના

હેતવાળા સંતોને પ્રથમ સ્થાન મળવું જોઈએ. શા માટે નહિ? તમે એને બાપાશ્રીના હેતવાળા કહો છો તો આજ્ઞા ઉપાસનાથી બદ્ધ છે. વચનબદ્ધ છે. તે અબજીબાપાશ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્યસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ હતા. એમાં કોઈને શંકા થઈ શકે એમ નથી. કોઈ કહી શકે એમ નથી. કોઈ જીવ પ્રાણી માત્ર કે બુદ્ધિ જન્ય માણસની તાકાત નથી કે એમ કહી શકે કે સત્ય સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ નહોતા. જો એમ કહેવાની હિંમત હોય તો મારી પાસે આવી શકે છે. કારણ કે હું અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો શિષ્ય છું કે જેના થકી મને ભગવાન સ્વામિનારાયણ ઓળખાયા. તો ભગવાન ઓળખાવે એ કોણ? તો એવા મહામુક્તરાજનું નામ લેતાં જો પેટમાં દુઃખતું હોય તો દુઃખવા દો. જેથી બગાડ નીકળી જાય. બગાડ તો કાઢવો જોઈએ ને? રેચ લઈને પણ કાઢવો પડે. નહિતર તો હેરાન કરી મૂકે જો મળ ન કાઢે તો. ત્યારે યાદ રાખીએ કે સત્ય વસ્તુમાં કોઈ દિવસ મૂંઝાઈએ નહિ. કદાચ સત્યનું કોઈ અપમાન કરે તો એ એનું અપમાન છે. સત્યનું અપમાન નહિ, પણ તમારું પોતાનું જ અપમાન છે. એમાં મારે શા માટે અફસોસ કરવો જોઈએ. કારણ કે તમારું જ અપમાન છે.

એ એક વાત પૂરી કરી. હવે આપણે સત્સંગમાં રહીને શ્રીજીમહારાજની મૂર્તિ મેળવવી. બાપાશ્રીએ શું આપ્યું?

શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાના આશીર્વાદ આપ્યા. બાપાશ્રીએ મહારાજની મૂર્તિ બતાવી. આટલું કામ કર્યું. ત્યારે એમનું નામ બોલીને આપણને ગૌરવ થવું જોઈએ બરાબર? જરાય ગભરાવાની જરૂર નથી. ભગવાન સ્વામિનારાયણે તો સત્યની સ્થાપના કરી છે. એની ક્યાં ફીકર છે. અસત્ય ચાલ્યું જશે, પણ એક વાત યાદ રાખવી કે આપણો દાસત્વભાવ અને વિનય જાળવીને સિદ્ધાંતની વાત મક્કમ રીતે કહેવી. એમાં દિવ્ય ખુમારી જોઈએ. એમાં અહ્મભાવ કે પોતાપણું જોઈએ નહિ, પણ મક્કમતા હોવી જોઈએ. સિદ્ધાંતની વાત કરતાં ડરીએ તો સહજાનંદી સિંહ કહેવાઈએ? કદી નહિ. ત્યારે સહજાનંદી સિંહ થવું હશે તો ભગવાન સ્વામિનારાયણ અને એમના અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી જેવા મહામુક્તોએ જે વાતો કરી હોય એ દરેકને કહીને એ સાધુરૂપ થઈ જાય એવું કરવું પડેને? ત્યારે સાધુ તો ત્યારે જ થવાય જ્યારે મહારાજની મૂર્તિ સ્થપાઈ જાય.

## ૬૫

**ડિવાઈન ઈગો (DIVINE EGO) વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આ લોકની ખુમારીમાં અહમ્ છે. દિવ્ય ખુમારીમાં પ્રભુ જ છે. એમાં તો પ્રભુની જ મસ્તી છે અને હું

અનાદિમુક્ત એવો સેવક થઈને મૂર્તિમાં રહીને સુખ ભોગવું છું એય અહમ્ અને દેહભાવમાં રહીને જીવનો અહમ્ છે એ એક મર્યાદિત અહમ્ છે અને તે માયામાં અહમ્-મમત્ત્વ કરાવનારો છે. ત્યારે દિવ્ય ખુમારી હું મહારાજનો મુક્ત છું, મહારાજે મને દિવ્ય કરીને મૂર્તિમાં રાખ્યો છે એમાં અહમ્ નથી. એ દિવ્ય અહમ્ એટલે કે Divine ego છે. જીવનો જે અહમ્ છે એ Limited ego છે. એ Limited ego પર થઈ Divine ego રૂપ થઈ જવાનું છે. એ Divine ego શું? પુરુષોત્તમરૂપ થઈ જવાનું. ત્યારે એ સુખમાં આપણે રહીને બધું કરવાનું. એ સુખમાં આપણને રાખ્યા છે.

## ૬૬

## આપણે શ્રીજીમહારાજના સિધ્ધાંત પ્રમાણે ધર્માદો કાઢીએ તો કેવી પ્રાપ્તિ થાય?

ભગવાનને કંઈ જોઈએ? કશું જોઈતું નથી. આપણે સેવા કરીએ કોઈવાર તો એ પૈસા કોના? એના. એની લીલા તો જુઓ! એના એ આપે અને એમ કહે કે તું એમાંથી પાંચ રૂપિયા મને અર્પણ કરજે. હવે એ પાંચ રૂપિયા અર્પણ કરીએ એ વીસમો ભાગ. તે સેવારૂપ ગણીને અંગીકાર કરીને એના બદલામાં સુખ આપે. એના ને એના પૈસા એને ને એને અર્પણ કરવાના! ત્યારે મહારાજ એમ કહે છે કે જેના ઉપર મારી કે મારા મુક્તની મારા દ્વારા દૃષ્ટિ પડી નથી તેવો જે

જીવ છે તે અર્પણ કરી શકતો નથી. વીસમો ભાગ કાઢી શકતો નથી. એટલે ભગવાન કહે છે કે મારી ને મારી વસ્તુ મને અર્પણ કરતો નથી. માટે આપણે અર્પણ કરવી જોઈએ. એમનું ને એમનું છે. ત્યારે કદીયે એમ ન માનવું કે આપણે આપણી વસ્તુ ભગવાનને અર્પણ કરીએ છીએ. આપણી પાસે છે શું અર્પણ કરવાનું? એના એ આપે છે. સમૃદ્ધિ પણ એ આપે છે. એ સમૃદ્ધિમાંથી થોડું એને અર્પણ કરીએને તો કરુણાસાગર ભગવાન રાજી રાજી થઈ જાય અને એ સુખમાં આપણને રાખે. આટલી સમજણ કેળવવી જોઈએ.

# ૬૭

## અજ્ઞાન કોને કહેવાય? અનાત્મા કોને જાણવા?

ગમે તેટલા પુસ્તકો વાંચીએ અને દિવસ આખો સદ્‌વાંચન કરીએ, પરંતુ આ વસ્તુ તો શાસ્ત્રનો સારનો સાર છે. છેલ્લી ઘડીએ પુસ્તકો ક્યાં ખોળવા જઈશું? કેટલાં વાંચ્યા હોય? વિવેકાનંદજીએ આખી દુનિયાનું પોણું સાહિત્ય વાંચી નાંખ્યું હતું. અગિયાર encyclopediaના અક્ષરે અક્ષર મોઢે! શું કરવાનું? એને કરવાના શું? એ તો કેવળ અજ્ઞાન. એના ગુરુએ જ એને કહ્યું કે જો તારે ભગવાનને પામવું હોય, તો તેં વરસો સુધી એકઠું કરેલું જે આ અજ્ઞાન છે તેને તારે ટાળવું પડશે અને તે ટળશે પછી સાચું જ્ઞાન પ્રાપ્ત થશે.

મહારાજ એમ કહે છે કે ભગવાન સિવાય બધું ય અજ્ઞાન. એનાથી ઓરું બધું જ અજ્ઞાન. કેવડી મોટી વાત! એમ ભગવાનથી ઓરા અવતારો ખરા કે નહિ? તે ભગવાન એમ કહે છે કે મને પામે નહિ ત્યાં સુધી એ બધું જ અજ્ઞાન. અવતારો પામવા જો પ્રીતિ રહે તો એ અજ્ઞાન. કારણ કે આ અવતારોમાં આવિર્ભાવ કોનો? મારો. અવતારોનો આદર કરો, કારણ કે એ મારું ભજન કરીને એ અવતારસ્થિતિને પામ્યા છે. મારા આવિર્ભાવને લીધે જ અવતારોએ બધું કાર્ય અત્યાર સુધી કર્યું છે. એ મેં કર્યું છે એમ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કહે છે. ભગવાને કહ્યું કે મારાથી ઓરું એ બધું અનાત્મા. હું આત્મા સર્વનો. ત્યારે આવું સરસ જ્ઞાન થોડા શબ્દોમાં આપણને આપી દીધું! વધારે વાંચવાનું કે અન્ય કોઈને સંભારવાની કોઈ જરૂરિયાત નથી. કેવળ મૂર્તિની સ્મૃતિ રાખીને કામ કરવું. મારી દરેક ક્રિયા સ્વામિનારાયણ ભગવાન કરે છે મારી સાથે રહીને એવું રાખો અને એનું એને અર્પણ કરવું.

કોઈ દિવસ કર્તાપણું માનવું નહિ. આપણું કર્તાપણું નહિ માનવું. એ પાઠ બરાબર પાકો કરી દરેક ક્રિયા કરતાં પહેલાં થોડી મહારાજની સ્મૃતિ કરીને કરવી. પછી તે ક્રિયા કરે છે કોણ? મહારાજ. આપણે નથી કરતા. એ વખતે જરાકે ય એમ સંકલ્પ થઈ જાય કે હું કરું છું તો એ અજ્ઞાન પેઠું. એ અજ્ઞાન આવવા ના દેવું. મહારાજ જ કરે છે.

આપણે એમના આશ્રિત થયા. એમણે કહ્યું કે હું તમારી સાથે છું. જેમ કે એક સારો સદ્‌ગૃહસ્થ કરોડપતિ હોય તે કહે તો ય બધાને આવવું પડે છે. તો આ તો અનંત બ્રહ્માંડોનું નિયમન કરે છે, જાળવણી કરે છે તો એની રક્ષા વિશેષ કાર્યક્ષમ કે નહિ? બીજા તો અવરભાવના નિમેલા છે.

## ૬૮

## તપ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ પ્રહ્‌લાદજીના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?

પ્રહ્‌લાદજીએ ભગવાનને કહ્યું કે ભગવાન! બધા એમ કહે છે કે ભગવાને તારું રક્ષણ કર્યું. મહારાજ! હું માનતો નથી. તમે મને ઉગાર્યો. દરેક બાબતમાં તમે રક્ષણ કર્યું, પણ કોનું રક્ષણ કર્યું? દેહનું. મારા જીવનું રક્ષણ કરો ત્યારે સાચી રક્ષા માનીશ. તો ભગવાન કહે એના માટે તપ કરવું પડશે. તો કહે ભગવાન! તપમાં હું સમજતો નથી. તપ તો ઘણા પ્રકારના છે. તો કહે તારે ગંગાના કિનારે ઊભા રહીને અને મારી મૂર્તિનું અખંડ સ્મરણ કરવું એ તપ. પ્રહ્‌લાદ કહે કે હવે બરાબર સમજ્યો. અત્યાર સુધી હું એમ સમજ્યો હતો કે ભૂખે રહેવું, ઉપવાસ કરવા એવું બધું દેહદમન કરવું એ તપ છે એવું માનતો હતો પણ હવે મને ખબર પડી.

પછી એણે ગંગાના કિનારે પ્રભુરૂપ થઈને સ્તુતિ કરવા માંડી. ત્યારે એને ભગવાનના દિવ્ય દર્શન થયા. ત્યાં સુધી ભક્તિ ખૂબ કરતા હતા. માગી માગીને પણ માગ્યું કેવું!

ત્યારે આફ્રુડી ભગવાને પોતે જ રક્ષા કરી. પોતે યોગ્ય સમયે યથા સમયે આવીને ઊભા રહીને દિવ્ય દર્શન કરાવ્યા. એટલે જો શ્રદ્ધા રહી જાય, ભગવાન મળે ત્યાં સુધી એ શ્રદ્ધાને ન મૂકે તો પછી મહારાજ છેલ્લી ઘડીએ એને દર્શન આપે. દર્શન આપે એટલે એના આવરણો હટી જાય. દર્શન ક્યારે થાય? આવરણો હટી જાય ત્યારે દર્શન થાય. આવરણો હટાવે એ ભેગા દર્શન થાય ને એ ભેગી બધી વાસનાઓ ભૂંસાઈ જાય. નિર્મળ ચિત્ત થઈ જાય. કંઈ યાદ જ ન રહે, પછી ક્યાં રહ્યું?

## ૬૯

## ભગવાનના ભક્તને રોગ આવવા સંભવ નથી છતા રોગ આવે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું વિચારે છે?

મહારાજે, મોટા સિદ્ધ અનાદિમુક્તે અને બાપાશ્રીએ તો એના માટે એમ કહ્યું છે કે તન અને મનની તમામ પ્રકારની બીમારીનું ઔષધ ભગવાનની મૂર્તિ અને ભગવાનના નામનું રટણ છે. બાપાશ્રી તો એમ કહે છે કે મૂર્તિ આવે તો રોગ પણ ભાગી જાય. કોઈ રોગ થાય નહિ. બાપાશ્રી તો એમ કહે છે કે પ્લેગ કે તાવ કે માથું પણ દુઃખે નહિ. કાંઈ આવે નહિ. ત્યારે આ બધી બીમારીઓ ભગવાનના ભક્તને દેખાય છે, તેનું શું કારણ? એનું કારણ એ પણ હોઈ શકે કે પાત્રતા કેળવવા માટે ભગવાનની

ઈચ્છાથી આવે. બાપા કહે કે આજ્ઞા લોપે તો દુઃખ આવે. આજ્ઞા લોપ ન થાય એટલે દુઃખ આપે છે. એ દુઃખ એ દુઃખ નથી, એ સુખ છે. મને એમ લાગે છે કે ભગવાનના ભક્તને કોઈ બીમારી આવવાનો અવકાશ નથી, છતાં આવે છે એનું કારણ આપણા સુખને માટે. આપણને પાત્ર બનાવવા માટે. બીજું કારણ એ છે કે અનંત જન્મના પાપ કર્મો ભર્યાં હોય એ ભગવાન પોતે પ્રારબ્ધરૂપી શૂળીનું દુઃખ કાંટે કાઢે એવી રીતે થોડુંક દેખાડીને એ માફ કરે છે. એટલા માટે દેખાડે છે કે આ બુદ્ધિવાળાને જ્યારે ભગવાનની અનાદિમુક્તની સ્થિતિ થાય, ત્યારે એનો વિરોધાભાસ નષ્ટ થઈ જાય. એક બાજુ મહારાજ કહે છે કે મૂર્તિમાં રાખ્યા, મુક્ત કરી દીધો. હવે દુઃખ ક્યાં રહ્યું? દુઃખ રહ્યું જ નથી. જે દુઃખ દેખાય છે એ તો દેહને દેખાય છે. તો આપણી બીમારી તો રહી નથી. કારણ કે આપણે ભગવાનનું ભજન કરીએ છીએ. મહારાજે મૂર્તિમાં રાખ્યા છે. એમનો વિશ્વાસ છે અને એ વિશ્વાસે સહિત એનું અનુસંધાન રાખીએ છીએ. એટલે આપણને બીમારી આવવાનો અવકાશ નથી. છતાં આપણને દેહમાં બીમારી દેખાય તો એ આપણી બીમારી નથી. આ વાત એટલી જ બરાબર છે કે જ્યારે ભગવાનના સ્વરૂપમાં રોમે-રોમ રસબસ એકતા થાય, ત્યારે આ દેહ સાથે કોઈ સંબંધ રહેતો નથી. એનો અર્થ એ કે દેહથી જુદા થઈ ગયા. વાસ્તવિકરૂપે

એ બાધિતાનુવૃત્તિ ટળી ગઈ. મહારાજની સાથે એકતા થવાથી બાધિતાનુવૃત્તિ દૂર થઈ અને ભગવાનના સુખનો અનુભવ થવા માંડે. આ સ્થિતિમાં મહારાજ પોતે કામ કરે છે. મુક્તને સુખ સિવાય જાણપણું નથી, છતાં પણ એમ કહીએ કે મહારાજ ને મહારાજના મુક્તો, જેટલું મહારાજ જાણે એટલું જ મુક્ત જાણે. એ સ્થિતિમાં કેવી રીતે સુખ ભોગવાય અને કેવી રીતે જાણપણું રહે એ વાત તો અનુભવથી જ ખબર પડે છે. અને આટલી કક્ષાએ એની કક્ષા સુધીનું જ સમજાવી શકાય. એ એટલું પૂરતું છે.

## ૭૦

## જો બધા જ ભગવાનના નામનું જ રટણ કરવા લાગશે તો શું થશે? અને સત્સંગનો વિકાસ અને ગુણવત્તા બાબતે ફિકર કરવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મોટા મોટાએ એમ કહ્યું છે કે મૂર્તિ આવી તો સર્વસ્વ આવ્યું. તો કોઈ એમ કહે કે મૂર્તિ આવે તો સર્વસ્વ આવ્યું તો મૂર્તિનું જ રટણ કર્યા કરીએ તો? તો સારું ત્યારે, પણ એમ કરનારાની સંખ્યા જ ઓછી હોય. જો બધા જ એવું કરવા માંડે તો બહુ સારું. આત્યંતિક પ્રલય થઈ જાય શું ખોટું? પણ આ જગતની કળ જ એવી છે કે એવું નથી થતું. એટલે એવી ચિંતા થતી હોય તો તે કરવાની જરૂર નથી. એકે ય રીતે ચિંતા કરવા જેવું નથી. જો બધા જ ભગવાન-ભગવાન કરી

અને મૂર્તિનું સુખ અનુભવવા માંડે તો ભલે એવું થઈ જાય. આત્યંતિક પ્રલય થઈ જશે ભલે થાય. સારું ઊલટું. પ્રલય થાય અને એવો દિવસ આવે એ તો આ જગતનું અહોભાગ્ય કહેવાય. સર્વમનુષ્યો સુખમાં પહોંચી જાય.

પાત્રતાના અભાવે એવું નથી બનતું. ક્રમે - ક્રમે પાત્રતા આવતી જાય, તેમ જીવો એ સુખને પામતા જાય. ભગવાન અને ભગવાનના મુક્તો પ્રગટ થયા અને આશીર્વાદ આપતા ગયા કે, અમારું આ સદાવ્રત અમે મનુષ્ય દેહ અદૃશ્ય કરીશું તો પણ ચાલુ રહેશે. એ દિવ્ય સ્વરૂપે કૃપાવર્ષા કર્યા જ કરે છે. સત્સંગ ખૂબ વધતો જ જાય છે. સંખ્યા વધતી જ જાય છે. સાથે - સાથે ગુણવત્તા પણ પ્રમાણમાં વધે છે. સંખ્યા ઓછી છે એટલે બહુ દેખાતી નથી, પણ ધીમે-ધીમે સારું થશે. અને એનું પ્રમાણ થોડા વધારે પ્રમાણમાં દેખાશે. ત્યારે ખબર પડશે કે સંખ્યા સાથે ગુણવત્તા પણ મહારાજે વધારી છે. જો ભગવાન સત્સંગ વધારશે તો ગુણવત્તા નહિ વધારે? જરૂર વધારશે. જેણે ભગવાન સ્વામિનારાયણ ઓળખ્યા તેનામાં કોઈ કસર હશે તો પણ મહારાજ કોઈ ને કોઈ પ્રકારે ટાળશે. સત્સંગમાં રહીને સરખું નહિ જણાતું હોય તો પણ એવા સંજોગો ઊભા થશે કે જેથી ધીરે - ધીરે સારો ય સત્સંગ જેવો ભગવાન સ્વામિનારાયણ બિરાજમાન હતા અને એમના સંપર્કમાં આવ્યા એમને જેવો સત્સંગ ઉજળો દેખાતો હતો, એવો જ

સત્સંગ આપણા સૌને લાગ્યા વગર નહિ રહે. એટલે જ મહારાજ ને બાપા કહે છે કે સારા ય સત્સંગ વિશે દિવ્યભાવ લાવવો. મનુષ્યભાવ લાવીને કોઈને અવળું થાય તેવો સંકલ્પ કરવો નહિ.

## ૭૧

## ભય અને મુજવણ થવાનું કારણ શું છે? અને આપણા જીવનનું પરિવર્તન શેનાથી થાય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

હવે વિશ્વાસ રાખવો એટલે એવું જ સુખ મળે, એમાં કોઈ ફરક નહિ. જો આકાશ ચળે, પર્વત ચળે, તારા ચળે, ચંદ્ર ચળે; પણ ભગવાન સ્વામિનારાયણના વચન જે આપણને કહ્યું કે તમને મૂર્તિમાં રાખ્યા તે વચન નહિ ફરે. આપણા ઉપર કૃપા કરી અને કહ્યું કે વિશ્વાસ રાખજો, તો પછી વિશ્વાસ રાખવામાં ક્યાં તકલીફ? વિશ્વાસ રાખવામાં તકલીફ ખરી? વિશ્વાસ નહિ રાખવામાં તકલીફ છે. વિશ્વાસ ન રાખીએ તો મૂંઝાવાનું ખૂબ રહે. ભય લાગે ત્યારે સમજવું કે વિશ્વાસ ડગી ગયો. જુઓ, જ્યારે ભય ઉત્પન્ન થાય ત્યારે વિચાર થાય કે ભગવાને કેમ આવું કર્યું? એરોપ્લેનમાં બેઠા હોય ને તૂટી પડે તો? એ વખતે ભય પેસે. નીડર થવું જોઈએને? એણે કીધું કે મારા સ્વરૂપમાં રાખી દીધા, પછી why should we look at our body? અરે! body તો

અમથોય બાળી નાખવાના છે. લાકડાં સળગાવીને બાળે છે! મહાપરાણે! તો પછી દેહની આટલી મમતા શું? અરે! મહારાજે તો એવું કર્યું કે આપણા માટે કૃપા વાપરી.

કૃપાસાધ્ય કોને કહેવાય? અરે! કૃપાસાધ્ય એટલે કંઈ કરવાનું જ બાકી નથી રાખ્યું. એણે એમ જ કહ્યું હું બોલું અને તું હા પાડ. અને રાત હોય તો પણ એ ભગવાન એમ કહે કે આ તો ખરી બપોર છે, તો કહે કે હા મહારાજ બરાબર છે. એવી જાતનું જો બને ભગવાન સ્વામિનારાયણના વચનમાં તો શું કરવાનું રહે? અરે! આપોઆપ પંચવર્તમાન પળાય! કરવાનું જ ન રહે કાંઈ બાકી એનો અર્થ એ કે આ બધું સીધું થયું. એની કૃપા જ એવી છે કે આપણું પરિવર્તન કરી નાંખે, જો એમના વચનમાં વિશ્વાસ હોય તો. તો એ વિશ્વાસ રાખવો. ઘડીક ઘડીકમાં ડગી જાય, સંકલ્પ થાય, પાછો શમાવે સંકલ્પ. આ ઘટમાળ જો આખી જિંદગી ચાલવાની હોય તો કેટલો બધો ત્રાસ કહેવાય? આના જેવો Mental terror ખરો કોઈ? અરે ભાઈ! શું કામ આવો ધંધો કરવો? એ તો આપણા હાથમાં. સંકલ્પ ન કરવો એ આપણા હાથમાં નથી? ગુસ્સો ન કરવો એ આપણા હાથમાં નથી? મહારાજની મૂર્તિના સુખમાં રાખવું એ આપણા હાથમાં નથી, એ એના હાથમાં છે. આપણને એ મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ આપી દીધા કે તું અમારો અનાદિમુક્ત, તને અમે

અનાદિની પંક્તિમાં ભેળવી દઈએ છીએ, હા પાડે છે?

આપણે બધા ભગવાન સ્વામિનારાયણમાં માનીએ છીએ, એ સર્વોપરી પરમાત્મા છે. બરાબર છે. આ તો બુદ્ધિથી તમે સમજી શકો, થોડી દિશ મળે એટલે ભગવાનના આ શબ્દો આપની સમક્ષ રાજીપા માટે મૂક્યા. પણ ખરેખર આ સત્ય ઘટના છે એવો બરાબર ખ્યાલ ક્યારે આવે? કે જ્યારે આ ચર્મચક્ષુ હટી જાય. આ જે અંતર પડદો છેને? માયિક પડદો જે ભગવાને રાખ્યો છે સમાસને માટે રાખ્યો છે. એ જ્યારે નીકળી જશે ત્યારે સમજાશે કે વાત બરાબર છે હો! ત્યાર પછી એમ સંકલ્પ નહિ થાય કે મહારાજના મુક્તને પડખે કેમ બેસાડ્યા? આપણને ન મૂકાય, કારણ કે હજી આપણને છતી દેહે એ સુખનો અનુભવ થયો નથી. કૃપાએ કરીને આકર્ષણ કરીને અંદર રાખી દીધા છે.

આ તો કૃપાસાધ્ય પરમાત્મા છે. એમની સાક્ષીએ હું કહું છું કે એમણે કહ્યું એ સત્ય છે. એ સત્ય એવું રગેરગમાં પેસાડી દેવું કે ગમે તેવો ભય આવે તો ય કોઈ દિવસ સંકલ્પ થાય નહિ. ભગવાને આમ કેમ કર્યું એ question જ રહેતો નથી. કેમ કર્યું એમ કોના માટે? જે પૂર્ણ કામ થઈને મૂર્તિમાં રહ્યો નથી એના માટે. મૂર્તિમાં રહ્યા હોય એ તો હંમેશાં નીડર રહે. ભગવાનના સુખમાં પહોંચી જવા માટેનો આ બ્રહ્મયજ્ઞ છે.

# ૭૨

## બનાવટી ભગવાન વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જે ભગવાન નથી અને ભગવાન બને છે તે તો અજ્ઞાની છે. એને ગતિ પણ નથી. ભક્તિ કરતાં કરતાં થોડું સામર્થ્ય-ઐશ્વર્ય આવેને? તે કુદરતી છે કે આપણે ભગવાનના મંત્રનો જપ ખૂબ કરીએ તો આપણામાં પણ શક્તિ આવે. આવા ભગવાનો શું કરે છે? ભગવાનનો જપ કર્યા કરે. ખૂબ અને જપથી શક્તિ થોડીક મળે પછી એ શક્તિ કામ કરે. અને પછી આપણે વેપારી બની જઈએ! ભગવાનના સુખ તરફ આગળ વધવાને બદલે એનો વેપાર ચાલે! એટલે આગળ વધવાની વાત ન રહી. મહારાજના સુખને પામવાની વાત જ ક્યાં રહી? નકરો વેપાર જ ચાલે. એને એમ થાય કે આમાં બધું છે. પછી એ જ્યારે ભગવાનનું અનુકરણ કરે, ત્યારે મહારાજનો કુરાજીપો થાય કે તું ભગવાન નથી, દંભી થઈ ગયો. તો ભગવાન ઐશ્વર્ય-સામર્થી ખેંચી લેને? મહારાજ જો પોતે મૂકેલી શક્તિ ખેંચી લે તો કામ જ ન થાય. ત્યારે એ તંત્રવિદ્યા તરફ વળે છે. જુદા જુદા નામથી થયેલા આજના બધા જ ભગવાનો અંદર તાંત્રિક જપ કરતા હોય છે અને ચાંદલો મહારાજનો કરે! કંઠી મહારાજની પહેરે! જ્ઞાન મહારાજનું કહે! કારણ કે ઘણા

ભક્તો મળી રહેને? નહિતર કોણ ભાવ પૂછે એનો? અંદર જપ જુદા ચાલતા હોય. અને એક વાત યાદ રાખીએ કે નજીકના દેવો હોય તે ઝટ પ્રાપ્ત થઈ જાય. કાળી ચૌદશને દિવસે ચોવીસ કલાક મલિન દેવના મંત્ર જપે એટલે એનામાં જાતજાતની શક્તિ આવે. કારણ કે પેલો દેવ છેને? મહારાજે દરેકને શક્તિ આપી છે. તે શક્તિના રૂપાંતર થાય છે. આ ઝીણી બાબત છે. બરાબર?

## ૭૩

## આ લોકની વાતો અને ભગવાનના સુખના દિવ્ય અનુભવની વાતોમાં શું ફરક છે?

પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માની વાતો ભલે એકની એક હોય તો ય નવીન લાગે છે. આ લોકની વાતો ભલે ગમે તેટલી સારી હોય, પણ ફરી કહે તો સારી ન લાગે. ભગવાનની વાતો, પ્રત્યક્ષ અનુભવની વાતો ભલે એકની એક હજાર વાર કરે તો પણ એટલો જ આનંદ આપે. કારણ કે તે પ્રત્યક્ષ પ્રભુના સંબંધવાળી વાતો હોય છે.

## ૭૪

## અસત્ય પણ સત્યને સમજાવવા માટે મદદરૂપ થાય છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહાભારત અને રામાયણ ગ્રંથો વાંચીએ તો ખબર પડે

કે કેટલા બધા સંગ્રામો ખેલાયા! મહાભારત શરૂ થાય અને એ પૂરું થાય ત્યાં સુધી એમાં આંતરિક અને બાહ્ય લડાઈ જોવા મળે છે. એવી જ રીતે રામાયણમાં પણ જોવા મળે છે. ભગવાન પ્રગટ થાય ત્યારે સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈ ચાલે છે. એ લડાઈ ચાલુ જ રહે છે. હજુ પણ ચાલે છે અને એ ચાલુ રહેવાની. બાપાશ્રી કહે છે કે સત્ય અસત્ય સામે પ્રતિકાર કરે ત્યારે જ જીવો સત્યને ઓળખી શકે અને સત્યમાં જોડાઈ શકે, નહિતર સત્યમાં જોડાવાનો વિચાર સરખો પણ ન આવે. એટલે આ જે સંગ્રામ હોય છે એ પણ કેવળ જીવના કલ્યાણ માટે જ ભગવાન ચલાવતા હોય છે. આ સંગ્રામ અનંતકાળ સુધી ચાલવાનો. જો સંગ્રામ બંધ થઈ જાય તો સત્યને ઓળખી શકાય નહિ. અને સત્યસ્વરૂપ એવા ભગવાન પણ ઓળખાય નહિ. સત્યસ્વરૂપ ભગવાન ન ઓળખાય તો કલ્યાણ કેવી રીતે થાય? એટલે અસત્યની ઘટનાઓ પણ સત્યને ઓળખવામાં મદદ કરે છે. એમાં કેટલીકવાર કેટલાક પરિતાપ અને દુઃખો પણ વેઠવા પડે છે. કંઈ ના કંઈ ભયંકર પરિણામો જોવા પડે એવું બધું જ થાય. આ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની એક લીલા છે. એ પણ એના (ભગવાનના) સ્વરૂપને ઓળખાવવા માટે છે, એ જો બરોબર સમજાય તો. ભગવાનનું ભયંકર સ્વરૂપ જો ભગવાન દેખાડે તો ધમાલ કરી મૂકે. અને કૃપા કરીને બીજી બાજુ દિવ્ય મનોહર સ્વરૂપ પણ દેખાડી દે. પરંતુ એ બંને

સરખું છે. એ તો કેવળ જીવોના કલ્યાણ પૂરતું દશ્ય હોય છે. આ બધી વાત જો બરોબર ધ્યાનમાં હોય તો આપણને આપણું કર્તવ્ય શું છે એનો ખ્યાલ આવે.

## ૭૫

## DUTY IS GOD. ફરજ-કર્તવ્ય એ પરમાત્મા છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એમ કહેવાય છે કે Duty is God... અંગ્રેજીમાં કહ્યું છે. ડ્યુટી એટલે ફરજ- કર્તવ્ય, એ પરમાત્મા છે, એમ કહ્યું. એટલે કર્તવ્ય એ પરમાત્માનું સ્વરૂપ છે. એ કર્તવ્ય શું? તો આજ્ઞાનું પાલન. આજ્ઞાનું પાલન એ કર્તવ્ય. અને આજ્ઞા એ ભગવાનની દિવ્યવાણી અર્થાત્ ભગવાનનું સ્વરૂપ. તો કર્તવ્ય એ ભગવાનનું સ્વરૂપ થયું કે નહિ? કર્તવ્ય એટલે કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર કરેલું કાર્ય. અર્થાત્ ભગવાનની આજ્ઞાનું પાલન. એ પાલન ઠાવકા રહીને એટલે સાવધાન રહીને કરવું જોઈએ.

ભગવાનને જે વખતે જેના દ્વારા જે કાર્ય કરાવવાનું હોય એ કરે છે. કેટલાક મુક્તોને ભગવાન પોતાના સ્વરૂપમાં લીન રાખીને સુખ જ આપ્યા કરે અને દેહના દર્શન કરાવ્યા કરે. એમને કોઈ લપછપ નહિ. તો કેટલાક મુક્તો પાસે ભગવાન એવું કાર્ય કરાવે જે જીવોના કલ્યાણ માટે કરવું જરૂરી હોય. પોતાનું સુખ આપે અને આ કામ ઠાવકા

રાખીને કરાવે એ બંને સરખું છે. એમાં ભેદ નથી. કારણ કે એને બાધિતાનુવૃત્તિ રાખી ને કામ કરાવવું છે. અને પેલાને બાધિતાનુવૃત્તિ રાખીને કામ નથી કરાવવું. અને કરનારા તો એ પોતે થયા, માટે બંનેને સુખ મળે છે. બંનેને મહારાજની પ્રસન્નતા એક સરખી મળે છે. એટલે એ કર્તવ્ય પણ કરવું જોઈએ.

## ૭૬

## ભગવાને કહ્યું કે હું પંડિતોથી પચાસ ગાઉં દૂર છું અને વિશ્વાસીને શીશ છું તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

કેટલાક પંડિતો એવા હોય કે પોતાના વર્તમાનમાંય ઠેકાણાં ન હોય. આજ્ઞા એક પણ સરખી પાળતા ન હોય. અંતર્વૃત્તિનું તો ઠેકાણું ન હોય. શાસ્ત્રો ભેગા કરીને વાંચે અને બેઠા-બેઠા ગોખેલી વાતો કરે. એવી ગોખેલી હોય કે માથું જ ભમાવી મૂકે. મૂર્તિ તો ક્યાંય રહી જાય. કોઈ દિવસ પંડિતોની વાતો ન સાંભળવી હોં! કારણ કે નવરા બેઠા આ જ ધંધો કરે. એમાંથી થોડું લે ને આમાંથી લે ને પછી ભેગું કરે. આમ જોડે ને આમ જોડે ને એવું માથું ફેરવે કે વાત મૂકી દો. માટે ભગવાને કહ્યું કે હું પંડિતોથી પચાસ ગાઉં દૂર છું અને વિશ્વાસીને શીશ છું. એટલે વિશ્વાસીને ભગવાન અને ભગવાનના સ્વરૂપને

વિશે સંકલ્પ થતો નથી. તો વિશ્વાસીને ભગવાન અને ભગવાનના અનાદિમુક્તને વિશે કોઈ જ સંકલ્પ થતો નથી એ વિશ્વાસી કહેવાય. સંશય રહિત. ગરબડમાં સુખ આવે? કેવી રીતે આવે કહો? ગરબડ ચાલતી હોય તો સુખ આવે? મનની સ્થિરતા થાય નહિ. આખો દિવસ આ જ વિચાર કરે કે કેમ ખંડન કરવું, કેમ આમ કરવું ને કેમ તેમ કરવું. એવું શોધી કાઢે કે વાત મૂકી દો.

## ૭૭

## બાળકોને ગુજરાતી ભાષા શીખવવાના મહત્ત્વ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જો તમારા બાળકો એકલું અંગ્રેજી જ બોલશે, તો પોતે આ સાહિત્ય ક્યારે વાંચશે? ગુરુકુળવાળા એનો ઉચ્ચાર અંગ્રેજીમાં લખે એ ક્યારે પાર આવે? એમાં તો ચાર - પાંચ કીર્તનો ને એટલું જ બોલ્યા કરે છે. તમને ઠીક લાગે તો હોં! કે ઘરમાં ગુજરાતી જ બોલો. અંગ્રેજી તો એ શીખવાના જ છે. એ અંગ્રેજીમાં બોલે તો એને જવાબ નહિ આપવાનો. એને ગુજરાતી શીખવાડવાનું. ગુજરાતી તો બરાબર આવડવું જોઈએ. અંગ્રેજી ભાષા એ તો કનિષ્ઠની ભાષા છે. એ કનિષ્ઠની ભાષાને આટલું બધું કેમ મહત્ત્વ? સંસ્કૃત એ શ્રેષ્ઠ ભાષા છે. સંસ્કૃત એ શ્રેષ્ઠ ઉપરાંત બહુ જ Pious, auspicious (પવિત્ર) ભાષા છે. અંગ્રેજી એવી નથી. બધા છોકરાઓ અંગ્રેજી જ બોલ બોલ કરે. તો મને એમ લાગે છે

કે તમે ઘરમાં ગુજરાતી નહિ બોલો તો એ વચનામૃતનો અભ્યાસ કેવી રીતે કરી શકે? મહારાજ જે ભાષામાં બોલ્યા હોય એ અંગ્રેજીમાં exactly interpretaion (યથાર્થ અર્થઘટન) થવું એ ન થઈ શકે. એ જ્ઞાન અંગ્રેજી ભણનારા બાળકો એની રીતે સમજેને! તો They should know gujarati as perfectly as English (અંગ્રેજી જેટલું જ ચોક્કસ ગુજરાતી આવડવું જોઈએ.) આ તો જો તમને ઠીક લાગે તો એક નિર્ણય કરો. તમે કહો તો હું ગુજરાતી શિક્ષણના પુસ્તકો તમને મોકલી આપું ચાલો. બાળકોને અંગ્રેજીની સાથે ગુજરાતી સરસ આવડવું જોઈએ.

## ૭૮

## સ્વામિનારાયણ સંપ્રદાયના ઘણા બધા પંથો વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મને ગોપલાણીજીએ જ પ્રશ્ન પૂછ્યો કે સ્વામિનારાયણ ધર્મમાં આટલા બધા પંથો શું? કોઈને એમ થાય કે ક્યા સ્વામિનારાયણ ભગવાન સાચા? મેં કહ્યું હા, તમારી વાત સાચી. જેને સત્પુરુષ થકી જ્ઞાન નથી થયું, એને આ પ્રશ્ન ઊઠે. ત્યારે મને કહે, તમને સ્થૂળ રીતે સમજાવતાં આવડે કે શા માટે આ પંથો થયા? મેં કહ્યું જરૂર આવડે. તમે માનો છોને કે સ્વામિનારાયણ ભગવાન કૃપાસાધ્ય છે. એનો અર્થ એ થયો કે એ સર્વોપરી પરમ તત્ત્વ છે. દરેક જીવાત્માનો

ચૈતન્ય નિર્મળ છે, આવરણો ચડ્યા છે. જો એક સરોવર ભરેલું હોય કે ખાબોચિયું હોય એમાં નિર્મળ જળ હોય, એના ઉપર સૂકા પાંદડાં મૂકી દઈએ તો? જળ દેખાય? અને હટાવી લો તો? જળ તો નિર્મળ જ છે. એમ ચૈતન્ય નિર્મળ છે.

ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સ્વામિનારાયણ ભગવાન એમ બોલ્યા કે હજી પાંદડે - પાંદડે સ્વામિનારાયણનું ભજન થશે. જ્યાં સુધી મનુષ્ય ભગવાનને સંપૂર્ણ ઓળખે નહિ, ત્યાં સુધી એનામાં રાગ હોય, ઐશ્વર્યનો રાગ એ મહાકારણ દેહ કીધો કે નહિ? ત્યાં અટકી પડે છે. ભક્તિ કરતાં કરતાં ઐશ્વર્યાર્થી બને. જેમ પીએચ.ડી., પ્રિન્સીપાલ થાય તો એને જ્ઞાન તો થઈ ગયું કે નહિ? તો એ જ્ઞાનનું ને ભગવાનનું નામ તો લે છે, ત્યારે એનું આગળ ચાલે છે. જ્યાં જાવ, ગમે તે પક્ષમાં જાવ ત્યાં ધૂન તો સ્વામિનારાયણ ભગવાનની જ થાય છે કે નહિ? ભગવાન એને જે રાગ હોય તે રાગનો ઉપયોગ કરે છે. એ ઉપયોગ કરી અને જીવોને મારું નામ એકવાર પહોંચે એ એમને જોઈએ છે. પછી જેણે પ્રસિદ્ધિના રાગ સાથે ઐશ્વર્યાર્થી બની અને ભગવાન ઓળખાવ્યા તેથી તેને વધુ સહન કરવાનું રહે. માટે ઐશ્વર્યાર્થીને સમજવું જોઈએ કે મહાકારણથી આગળ જવું. જો એ વખતે ઐશ્વર્યાર્થી થાય તો એને ભગવાન થવાનું મન થઈ જાય. તો એ ઐશ્વર્યાર્થી ક્યારે થયો હોય? ભક્તિ કરતાં કરતાં ખૂબ

ઊંચા સાધને પહોંચે પછી એનામાં ઐશ્વર્ય આવે. ત્યારે સાધારણ બુદ્ધિવાળા માણસો હોય એને તો એમ થાયને કે કેવડા મોટા છે! અને પાછું એ ઐશ્વર્યાર્થીમાં સ્થૂળ રીતે તો ત્યાગ, વૈરાગ્ય બધું દેખાય.

બાપામાં રજોગુણ જોયો? ચપટી વગાડતાં જ મૂર્તિમાં મૂકી દેતા! તો વિચારીએ કે કોઈ ભારે ભારે વાતો કરે ત્યારે કોઈ પણ પક્ષની સભા હોય આપણે એમને કહી શકીએ કે સ્વામિનારાયણ ભગવાન તો એક જ રહે. ભગવાન બે થાય એમ શી રીતે કહેવાય? તો એનો અર્થ એ કે બીજો કોઈ ભગવાન છે જ નહિ. તો સ્વામિનારાયણ ભગવાનનું જ ધ્યાન થાય. ગુરુરૂપ શ્રીહરિનું ધ્યાન ન થાય. ગુરુરૂપ શ્રીહરિ તો સર્વોપરી પરમતત્ત્વને લીધે કહેવાય છે. પણ જો એમાં ભૂલ થઈ જાય અને જો બીજે જોડાઈ જાય તો આગળ ન વધાય. ભગવાન શું કરે? તેમાં બાપાએ કહ્યું છે કે અમે વહાણમાં બેસાડ્યા, પણ કૂદકો મારે તો? એનો અર્થ એ થયો કે આપણે ભગવાનને જેવા છે તેવા ઓળખ્યા નહિ, માટે આપણને ઐશ્વર્યો સારા લાગ્યા. તો આપણી ઉણપ ખરી કે નહિ? એ તો વહાણમાંથી કૂદકો માર્યા જેવું થાય.

## ૭૯

## ઐશ્વર્યાથીમાં શા માટે જોડાવું નહિ? અને સંત તરીકે પુજાવું નહિ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે જેને જ્ઞાન કરીએ એને એટલું તો કહેવું જ કે ભાઈ! તું ગમે ત્યાં જા, કદાચ ગયો હો, પણ તને ઐશ્વર્યાર્થીનો ચેપ ન લાગવો જોઈએ. એમાં ભગવાન ધારીને જોડાઈશ નહિ મહેરબાની કરીને. સ્વામિનારાયણ ભગવાન, પ્રતિમારૂપે પ્રત્યક્ષ ખરા કે નહિ? આખા સત્સંગને પૂછો ધામની મૂર્તિ, મનુષ્યમૂર્તિ અને પ્રતિમાસ્વરૂપ એક જ છે એવો અવાજ એક પણ પક્ષમાં નથી એમ નથી. તો જો એમ જ હોય, ભગવાન મૂર્તિ દ્વારા પ્રત્યક્ષ હોય તો ક્યાં બીજે જોડાવાની જરૂર? ધારો કે બીજે જોડાઈ જાય અને એ અપૂર્ણ હોય તો? પછી પસ્તાવાનો પાર રહે કે નહિ? મેં તો બધા પક્ષોને વાત કરી છે કે કોણે કહ્યું છે કે તમે પૂર્ણ છો મને તો એવું નથી દેખાતું. તો હું પૂર્ણમાં વળગું તો તમને શું નુકશાન? તમે તમારામાં શું કામ જોડો છો? બરાબર? કેટલીકવાર એવું કહે છે કે મુક્ત દ્વારા ભગવાનને પહોંચાય એનો અર્થ જ એ લોકો સમજતા નથી. મુક્ત દ્વારા પહોંચાય એટલે જેમ મારે આ સ્થળ જોવું હોય તો ભોમિયા હોય એને સાથે લેવા પડે કે નહિ? એમ મુક્તો દ્વારા પહોંચાય, નહિ કે એમનું ધ્યાન કરીએ એટલે મહારાજને પહોંચાય, એમ નથી. એમને ભોમિયા તરીકે રાખવાના. એમાંથી દિવ્ય પ્રેરણા લેવાની, દિવ્ય પ્રેરણા લઈએ એટલે આપણો ચૈતન્ય નિર્મળ બને અને મૂર્તિમાં જોડાઈ જાય. ધ્યાન કરવા યોગ્ય અને ઉપાસના કરવા યોગ્ય એક

મહારાજ જ છે.

પૂજાવાના બે અર્થ છે. સંત તરીકે પૂજાવું અને શ્રીજીમહારાજની ઉપાસના કરવારૂપ પૂજાવું. અત્યારે કહે છેને કે પૂજાવા લાગ્યા એટલે ભગવાન થયા, પણ સંતરૂપે પૂજાય કારણ કે સંતમાં ભગવાન પ્રકાશે તો એની પ્રસિદ્ધિ તો થાય કે નહિ? આપણે દીવો કરીએ તો દેખાય કે નહિ? પણ એમને પ્રસિદ્ધિનો રાગ નથી, પરમાત્મા પોતે પ્રકાશે છે અને પરમાત્મામાં કઈ પ્રસિદ્ધિ બાકી? બધી દેખાય. ત્યારે એમ કહ્યું કે સંતમાં હું બિરાજું છું, માટે સંત મારી મૂર્તિ. સંત મારી મૂર્તિ એટલા માટે કે એમાં રહીને હું કામ કરું છું અને દિવ્ય દૃષ્ટિવાળા દેખે છે કે એ જ કામ કરે છે. ગોપાળાનંદ સ્વામીને એક જણે પૂછ્યું કે તમે રિદ્ધિ - સિદ્ધિનો આટલો બધો ઉપયોગ કરો છો તો સંત હોય એને વળી રિદ્ધિ - સિદ્ધિ ને આટલું બધું ઐશ્વર્ય બતાવવાની શી જરૂર, તો તમને સંત કેમ કહેવા? સ્વામી કહે, તમારી વાત હું બરાબર કબૂલ કરું છું, પણ હું તમને પ્રશ્ન પૂછું કે આ રિદ્ધિ - સિદ્ધિનો ઉપયોગ કરવાનો અધિકાર કોઈને ખરો? તો કહે એક પરમાત્માને, બિલકુલ વાત સાચી. તો મારા દ્વારા, મને નિમિત્ત કરીને જે સિદ્ધિઓ - ચમત્કારો બતાવ્યા છે એ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણે બતાવ્યા છે. હું તો એમનો સેવક છું. હવે તમારે મને પૂછવું હોય એ પૂછો. પછી નમન કર્યા કે હવે તમારી વાત સાચી કે સંતમાં રહીને ભગવાન કામ કરે. પણ

એ સંતને કદીયે એમ નથી થતું કે હું બધું કરું છું અને દિવ્ય ખુમારી શું કે એમાં અહ્‌મ નથી. દિવ્યખુમારી એટલે એનો આનંદ, એનું જબરજસ્તબળ, સર્વોપરી બળ, દિવ્ય આનંદ ભોગવવાનું સર્વોપરી બળ!

એક વાત જરૂર કહીએ, એટલું તો કહીએ કે ભગવાન થવાની પ્રણાલિકા કાઢી નાંખવી. બરોબર? નહિતર એ રોગ ચારેકોર પેસે. પણ એટલો બધો ઊંડો પેસી ગયો છે કે ભગવાન એનો ઉપયોગ એવી રીતે કરે છે કે બધાયની જીભે એકવાર મારું નામ પહોંચવા દે. ઐશ્વર્યાર્થીઓને તો સંકલ્પમાત્રે સરખા કરી નાંખે. ક્યાં વાર લાગે? પણ ભગવાનની લીલા તો અજબ છે. સંકલ્પમાત્રે કામ કરે. અરે! આ દિવ્ય સભાના વાયરામાં જે આંદોલન થાય એ એટલા બધા શક્તિશાળી છે કે ક્યાંયના ક્યાંય પહોંચે. અને જે જે મુમુક્ષુ હોય એને સ્પર્શ કરતાં એને પણ ભગવાન તરફ બળ વધે છે અને જે આસુરી જીવો છે એને ય અડે, પણ કાળે કરીને અડે. કાળે કરીને એટલે જન્માંતરે. ત્યારે આપણે એટલી એક વાત તો પાકી રાખવી કે સર્વોપરી પરમતત્ત્વ સિવાય બધા સેવકો જ છે. એમાં કદી નહિ જોડાવાનું. બળ લેવું, દિવ્ય પ્રેરણા મળે એટલે એ મહારાજની મૂર્તિરૂપ થાય.

## ૮૦

## પ્રતિબંધ મુકનાર અને ઉઠાવી લેનાર વિશે પૂજ્યશ્રી

## નારાયણભાઈ શું સમજાવે છે?

પ્રતિબંધ મુકાવનાર ભગવાન સ્વામિનારાયણ છે અને એ પ્રતિબંધ ઉઠાવી લેનાર પણ પોતે જ થવાના. પ્રતિબંધના (વચનામૃત રહસ્યાર્થનો પ્રતિબંધ) ટેકેદારોએ એક વાત સમજવી જોઈએ કે વચમૃતના તત્ત્વજ્ઞાનનો જો ઊંડાણથી અને સ્પષ્ટતાથી અભ્યાસ કરવો હોય તો આ ગ્રંથ વાંચ્યા વગર નહિ ચાલે. એ તો હકીકત છે. હવે એ પ્રતિબંધના ટેકેદારો પોતાનો ટેકો આપતા ક્યારે બંધ થઈ જાય? કે જ્યારે એ સમજશે કે આપણે આ પ્રતિબંધને ટેકો આપીએ છીએ એ ભૂલ કરી છે. પ્રતિબંધ એ તો પ્રભુની ઇચ્છાથી થયેલું એક સર્જન છે. જેનામાં અજ્ઞાન છે એમનામાં સામાન્ય રીતે દ્વેષ અને ઈર્ષાનું થોડું સૂક્ષ્મ સ્વરૂપ હોય છે. એ અજ્ઞાન જો દૂર થઈ જાય તો બધી માથાકૂટ જાય. ત્યારે મહારાજે જેમનામાં આ અજ્ઞાન હતું તેમનામાં રહીને આ પ્રતિબંધ મૂકાવ્યો. એ પ્રતિબંધ એટલા માટે મૂકાવ્યો કે જો પ્રતિબંધ ન મૂકાયો હોત તો આ ગ્રંથની મહત્તા સમજી શકાત નહિ. બુદ્ધિશાળી માણસો વિચાર ન કરી શકત અને પુસ્તક એક કોર મૂકી દેત.

જ્યારે પ્રતિબંધ આવ્યો, ત્યારે બુદ્ધિશાળી વર્ગને એમ થયું કે આ પ્રતિબંધ મૂક્યો છે, શું કારણ? એવું તો અંદર શું છે કે આ વાંચવા જેવો ગ્રંથ નથી? હવે કાંઈ અંધશ્રદ્ધા આ બુદ્ધિયુગમાં તો ચાલે નહિ. મહારાજના સમયમાં પણ આ

અંધશ્રદ્ધા નહોતી ચાલતી. એટલે આ પ્રતિબંધને લીધે બુદ્ધિશાળી વર્ગ તેનો ઊંડાણથી અભ્યાસ કરશે. ઊંડાણથી અભ્યાસ કરશે એટલે જે નહિ સમજાતી બાબતો વિશે વધુ ને વધુ જે સમજતા હશે તેની પાસે જઈને વાત સાંભળશે. એટલે પ્રતિબંધ એ પ્રતિબંધ નથી, પણ એ પ્રતિબંધ અનેકને આ ગ્રંથનો અભ્યાસ કરાવી અને મૂર્તિના સુખ તરફ લઈ જશે. આપણે પાડ માનીએ એમનો કે જેમણે પ્રતિબંધ મૂક્યો. કારણ કે પ્રતિબંધ ભલે અજ્ઞાનને લીધે મૂક્યો એટલે એ સત્ય ઘટના છે, પણ અજ્ઞાન તો બધું કરે. ન કરવાનું કરાવે. ન બોલવાનું બોલાવે. ન લખવાનું લખાવે. અજ્ઞાન ટળી જાય એટલે બોલવાનું બોલે, કરવાનું હોય તે કરે. માત્ર એટલું જ કે અજ્ઞાન ટાળવાનું. આ ગ્રંથ માટે અજ્ઞાન જેવું ટળી જશે એટલે પ્રતિબંધ શબ્દ જ નહિ રહે, પણ જ્યાં સુધી આ જ્ઞાનનો અભ્યાસ ખૂબ પ્રસરશે નહિ, ત્યાં સુધી આવી ચર્ચા ચાલશે પ્રતિબંધ, પ્રતિબંધ, પ્રતિબંધ! એ જો ન ચાલે તો અભ્યાસ કેવી રીતે કરે? એટલે મહારાજ આમાં કળિયા બન્યા છે. ભગવાનની મરજી વગર કોઈ પ્રતિબંધ મૂકી શકે ખરું? પ્રભુની કળા અજબ છે.

જેમ જીવાખાચરના દોષો આપોઆપ ખૂલ્લા થયા અને લોકોને જ્ઞાન થઈ ગયું. જો જીવાખાચરની પોલો જેવું ન બન્યું હોત તો એ બધું શીખવા ક્યાંથી મળત? માટે એની પણ જરૂર છે. મૂંઝાઈએ નહિ અને ટેકેદારો આપણને એમ

કહે કે આ પુસ્તક નહિ વાંચવું જોઈએ. તો આપણે એમને શાંતિથી કહીએ કે એમાં શું છે કે આ પ્રતિબંધ મૂકાયો? એવા એક - બે શબ્દો તો કહો? ફક્ત બોલ બોલ કરે તો કિંમત જતી રહેને? પ્રતિબંધ પ્રતિબંધ એમ ફક્ત બોલે શું થાય? પણ પછી મૂકતા આવડે નહિ તો લોકો હસેને! કે પ્રતિબંધને ટેકો આપે છે અને પ્રતિબંધ શા માટે છે? એ તો સમજતો જ નથી ત્યારે આ તો બોઘા જેવો લાગે છે. એમ કહે ને! કે આ તો સાવ બોઘો છે. અમથો અમથો બોલ બોલ કરે છે. એને કાંઈ ખબર નથી. ભગવાને એકવાર કહ્યું હતું કે ભાઈ, સંતોની દૃષ્ટિ પડી પશુઓ ઉપર તો પશુઓ ઘડતા પછી માનવ ઘડવા પડ્યા. એટલે થોડું ઘણું તો એવું રહેવાનું. પછી તેઓને જ્યારે પશ્ચાતાપ થાયને! ત્યારે પોતે જ કહે છે કે હે ભગવાન! હું આટલો બધો બોઘો બની ગયો? કે (અજ્ઞાન) નહિ જાય? માનવને વિચાર શક્તિ આપી, તો એનો ઉપયોગ જ ન કર્યો? કોઈ દિવસ આવેશમાં આવવું નહિ, પણ સરસ જવાબ આપવો. ખોટી વસ્તુનો પ્રતિકાર કરવો, પણ ખોટી વસ્તુ રજૂ કરનાર પ્રત્યે તિરસ્કાર ન કરવો. રજૂ કરનાર પણ આત્મા છે. કેવળ વ્યક્તિ નથી, પણ એના અજ્ઞાન સામે આપણે પ્રતિકાર કરવાનો. એ પ્રતિકાર બરાબર ક્યારે આવડ્યો કહેવાય કે એનું અજ્ઞાન ટળી જાય એવી વાતો મૂકીએ તો.

આપણે આ રહસ્યાર્થ વચનામૃત ગ્રંથ બે બે, ત્રણ

ત્રણને (વ્યક્તિને) બરોબર સમજાવીને પછી આપીએ તો ત્રણ જણા ભગવાનનું જ્ઞાન સમજતા કહેવાયને? તેઓ ભાવથી વચનામૃત રહસ્યાર્થનો સ્વીકાર કરે સમજીને તો બરોબર કહેવાય. તો આપણે સમજીને સ્વીકાર કરાવવો એ સેવા છે. એ કંઈ જેવી તેવી સેવા નથી. લોકો મારે પણ ખરા. મહારાજે કહ્યું કે મારે તો માર ખાવો, પણ સામું મારવું નહિ. સંતોએ પણ માર જ ખાધાને? બરોબર? માર ખાતાં આવડે એટલે માર ખાનારને મારનાર મારતો અટકી જાય આ હંમેશાં સમજવું. સંતોએ માર ખાધા એટલે મારનાર બધાયના હાથ પછી હેઠા પડી ગયા. સંતોએ સ્વામિનારાયણ ભગવાનનો માર્ગ અંગીકાર કર્યો.

સર્વોપરી પરમાત્મા મનુષ્ય દેહ ધારણ કરીને અહીં આવ્યા. પછી અનાદિ મહામુક્તોની દિવ્ય સેના મોકલી તો એમણે કામ કર્યું. એ કામ હજીયે ચાલુ જ રહેવાનું. આખું વિશ્વ સ્વામિનારાયણમય નહિ થાય, ત્યાં સુધી આ કાર્ય ચાલશે. તો આપણે મૂંઝાવું નહિ. પ્રતિબંધ ઉઠાવવામાં ખૂબ ધીરજપૂર્વક આવેશમાં આવ્યા વગર આ સેવા જરૂર બજાવવી. એ સારામાં સારી સેવા છે. એવું ન કરવું કે આ વચનામૃત આપીએ ને એ ફેંકી દે. પહેલા પાયો પાકો કરવો. એમાં મહેનત પડે. આપણે નિશ્ચય કરીએ કે નવા પાંચ જણને સરસ તૈયાર કરવાના બરોબર સમજાવીને, તો એ પાંચ બીજા પચાસને સમજાવવાની સેવા કરશે. હજારોની

સેવા કરવા જઈએ અને એકે ન સમજે એવું ન કરવું. પછી આ રીતે પ્રચાર કરવાની રીત રાખવી.

## ૮૧

## આપણે સમજવાની શક્તિ ખૂબ કેળવવી જોઈએ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સમજાવવાની શક્તિ ખૂબ કેળવવી, કે જેથી સામાને સમાસ થાય. એક ને એક બે જેવી વાત કરવી. એટલે ગળે ઊતરી જાય. જો એવી વાતો ન કરીએ અને ગોળ-ગોળ વાતો કરીએ તો કોઈ અસરકારક રીતે કામ ન થઈ શકે. માટે બરોબર થોડું ચિંતન ઘરે બેઠા-બેઠા કરવું. રહસ્યાર્થનો પ્રચાર કરવો એ તો સારામાં સારી સેવા છે. જો એ કરવી હોય તો બહુ નહિ, પણ થોડું બેસીને વિચાર કરવો જોઈએ કે હું જઈશ તો ખરો, પણ પ્રશ્નો પૂછશે તો? તો એના માટે તૈયારી તો રાખવી જ પડે ને? કદાચ ગયા. જવું જોઈએ, ભલે જાવ. જેમ નૃસિહાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું તો જવાબ ન આપી શક્યા. એમને તો અખંડ મહારાજની મૂર્તિ દેખાતી હતી. કોઈકે પૂછ્યું કે સાધુ મહારાજ, ભગવાનનું સ્વરૂપ શું? ભગવાનનું સ્વરૂપ સમજાવો? તો કહે ભગવાનના વચન એ ભગવાનનું સ્વરૂપ. ત્યારે પૂછ્યું કઈ રીતે એ તો સમજાવો? તો કહે, અરે ભૂડા, તારામાં તો અક્કલ જ નથી. બરોબરને! વાતે ય સાચી. અક્કલ ન હોય

તો ન જ સમજાય. અરે! તને એ ન સમજાય. ભગવાનના વચન એ ભગવાનનું સ્વરૂપ. મહારાજે કહ્યુંને! મારી વાણી એ મારું સ્વરૂપ છે. એ વાણી ભગવાનના સ્વરૂપને સમજાવે છે. એ ભગવાનનું વચન. નૃસિંહાનંદ સ્વામી એમ કહેવા માંગતા હતા કે ભગવાનના વચનો બરાબર સમજીને અજ્ઞાન ટાળો. એટલે આપોઆપ ભગવાનનું સ્વરૂપ ઓળખાઈ જશે. એટલે ભગવાનના વચન એ આપોઆપ ભગવાનનું સ્વરૂપ થઈ જવાનું. ભગવાનનું વચન ભગવાનની વાણી એ જ ભગવાનનું સ્વરૂપ. એક મેક છે ને બીજું શું છે? પણ તેઓ સમજાવી શક્યા નહિ.

ભગવાન કળિયા, એમણે બધાને ભણાવવાનો સંકલ્પ કર્યો. જો મોટા સંતો ભણે તો નાના ભણેને! તો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી બધાયને અભ્યાસ કરવાનું કહ્યું, કે જાવ શાસ્ત્રોનો અભ્યાસ કરો. ભણવા જાવ. ખૂબ પદવીઓ મેળવો બધી. બરોબર! રત્ન, શાસ્ત્રી, આચાર્ય વગેરે પાર વગરની પદવીઓ હતી. બધાએ કહ્યું ભલે મહારાજ! જઈએ. તેઓ તો પૂર્ણ જ્ઞાની હતા. સ્વયં જ્ઞાની, તો પણ બીજાને શીખવવા માટે એ બધાએ વિદ્યાર્થી થઈને અભ્યાસ કર્યો કે જેથી બીજા બધા સંતો પણ ભણે. જો તેઓ ન ભણ્યા હોત તો? તો બીજા જાય ખરા? કહેશે મૂકો માથાકૂટ. તેઓએ શાથી કર્યું? બીજા કરે માટે. પ્રતિબંધ જરૂર ઉઠવાનો. પ્રતિબંધ ઉઠાવવાની સેવા

કરવી. એના જેવી કોઈ સેવા નથી, પણ એ સેવા કરતાં આવડવી જોઈએ. જો ન આવડે તો વળી પાછો પ્રતિબંધ ઉઠવાને બદલે થોડો મજબૂત થઈ જાય. એટલે એવું નહિ કરવાનું. બરાબર શીખી જવાનું.

હંમેશાં ઠરેલ ચિત્તે વાતો કરવી. જે આપણો વિરોધી હોય તેની સાથે ઠરેલ ચિત્તે એવી વાતો કરવી કે વિચારમાં પડી જાય કે વાત બરાબર છે. હા જ પાડે. અને ભગવાનને સાથે રાખીને વચનામૃત રહસ્યાર્થની વાત કરવી. જેમ મહારાજે પહેલા નિયમ આપ્યા કે રોજ પાંચ જણને તૈયાર કરીને વર્તમાન ધરાવવા. તો વર્તમાન ક્યારે ધરાવ્યા કહેવાય કે બરોબર સમજીને સત્સંગી થાય ત્યારે, મહારાજે દરરોજ પાંચ સત્સંગી કરવાનું નિયમ આપેલું. સંતો ભૂખ્યા - તરસ્યા એટલી બધી મહેનત કરે કે વાત મૂકી દો. પછી મહારાજને પ્રાર્થના કરે કે મહારાજ, આજે તો ત્રણ જ થયા હજી બે બાકી છે. હવે તમે ભેગા ભળીને જો બે નહિ શોધી આપો તો તમારું વચન નહિ રહે શું કરીએ? એમ કહેતા. પછી મહારાજ પાછા ભેગા ભળે ને બે જણને મોકલે. એટલે તેમને વર્તમાન ધરાવે. એમ આપણે મહારાજ અને બાપાને પ્રાર્થના કરવી કે હે મહારાજ! આ ગ્રંથ સમજે એવા મુમુક્ષુ જીવોને મોકલો જેથી એ મુમુક્ષુ જીવો સમજી શકે.

# ૮૨

## આપણને ઉદ્દવેગ કે દુઃખ ક્યારેય ન થાય તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આ દિવ્યસભા ખૂબ ખૂબ વિકસે એમાં કોઈ દહાડો એકતા તૂટવાની નથી. ક્યારેક એવો ભાસ થાય એ અવરભાવની રીત હોવાથી થાય. આવી અનાદિમુક્તની સ્થિતિ બાપાશ્રીએ સમજાવી અને આ આશીર્વાદ જેને જેને મળ્યા છે, એના વચ્ચે કોઈ દહાડો એકતા તૂટવાનો સંભવ જ નથી, છતાં પણ એ અનુસંધાન રાખીને ખૂબ શાંત, સૌમ્ય, અંગ-સ્વભાવ કેળવવો કે જેથી બધાયને આનંદ આવે. બાપાશ્રી એમ કહેતા કે કોઈને તુંકારો કરીને બોલાવવો નહિ અને સૌ નાના-મોટા દરેક હરિભક્તોને દિવ્યસ્વરૂપે નિહાળવા. દેહ સામું નજર નહિ કરવાની. ચૈતન્ય સામે નજર કરવાની કે મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. એ કૃપાનું અનુસંધાન જો રહે, તો એક ક્ષણ પણ એવી ન જાય કે જ્યારે ઉદ્‌વેગ કે કાંઈ દુઃખ થાય. આનંદ જ વર્તે. એ અનુસંધાન ભૂલાય એટલીવાર આનંદમાં ખામી આવે. બાકી આનંદમાં કોઈ ખોટ કે ઓટ આવવાનો સંભવ જ નથી.

## ૮૩

## બધાને દિવ્ય સ્વરૂપે જોવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વાત યાદ રાખવી કે જો ઘાટ - સંકલ્પને ટાળવા હોય તો બધાયને દિવ્યસ્વરૂપે જોવા. એટલે કે કોઈનું અંગ આવું છે, આમ છે, એવું જોવામાં આવે તો એના વિચાર ચાલે. એનો અપરાધ થાય છે. એ નહિ કરવાનું. એનો અર્થ એ નથી કે મહારાજની મર્યાદાઓ જે મહારાજે બાંધેલી છે એનાથી જરાપણ બહાર જવું. અને ગયા હોય તો ધ્યાન દોરવાનું, પણ સંકલ્પ નહિ કરવાનો કે આ બરોબર નથી. આજ્ઞાલોપ જો અટકાવીએ નહિ, તો એ દ્રોહ છે. દ્રોહ એટલે જીવનું ખરાબ થવું, કોઈનું ખરાબ કરવું કે ઇચ્છવું એ દ્રોહ છે. જો સત્સંગમાં આજ્ઞાલોપ ચાલતો હોય અને જો આપણે મૌન રહીએ અને એનો જો પ્રતિકાર કે અટકાવવા માટે દિવ્યભાવ સાથે જો પ્રયત્ન ન કરીએ, તો એ દ્રોહ કર્યો કહેવાય. કારણ કે આજ્ઞાલોપથી જીવનું બગડે. તો એ આજ્ઞાલોપથી અનેક જીવનું બગડતું હોય એ જો આપણે મૌન રાખીને નજરે જોયા કરીએ તો એ દ્રોહ નહિ તો બીજું શું છે? અને જો ખૂબ સદ્ભાવથી, ખૂબ દિવ્યભાવથી, એને જો અટકાવીએ અને સમજાવીએ તો એ અદ્રોહ છે. મહારાજની એમાં ખૂબ પ્રસન્નતા છે. એટલી વાત યાદ

રાખવી કે તેનું ભૂંડું કે ખરાબ ઈચ્છવું નહિ, પણ એવી રીતે પ્રયત્ન કરવો કે આજ્ઞાલોપનો પ્રતિકાર પણ થાય અને એ બંધ થઈ જાય. જો આપણે દિવ્યભાવ વગર એ કરીએ તો બરોબર નહિ. એથી જ તો બાપાએ એમ કહ્યું કે સારાયે સત્સંગને વિષે દિવ્યભાવ રાખવો.

## ૮૪

## પરભાવમાં અગ્નિસંસ્કાર એટલે શું? અને અગ્નિ કોને સ્પર્શ ન કરી શકે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

લાડુબા ને જીવુબા જેવા મહામુક્તોને અગ્નિ સ્પર્શ નથી કરી શકતો, બરોબર! શ્રીજીમહારાજનું તેજ અગ્નિરૂપે છે. એ અગ્નિ એ (ભૌતિક) અગ્નિ નથી. શ્રીજીમહારાજનું તેજ અગ્નિરૂપે દેખાય છે અને એનો સ્પર્શ થાય છે. એટલે અગ્નિ સંસ્કાર જે શબ્દ વાપરીએ છીએ એ તેના માટે. (વાપરીએ છીએ) એ તો અક્ષરધામમાં પહોંચી જવાની દિવ્યયાત્રાનું એક સ્વરૂપ છે. ત્યારે જુઓ તો ખરા, અગ્નિ જેને સ્પર્શ ન કરે કેવડી મોટી વાત! કેવો નિષ્કામધર્મ પાળ્યો હશે? કેવા મહારાજને ઓળખ્યા હશે? કેવા રાખ્યા હશે? વિચારો, એવા ને એવા આપણને પણ બાપાએ પકડીને કર્યા તમે પણ એવા જ. અમારા જેવું જ તમને સુખ આપીશું. એમના દ્વારા ભગવાન કહે છે કે અમારા જેવું જ તમને સુખ

આપશું એ થોડી વાત! જબરજસ્ત વાત!

## ૮૫

## ભગવદ વાર્તા અને આધ્યાત્મિક જ્ઞાન સમજવા વિશે પૂજ્ય શ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

જેને વિજ્ઞાન સમજતાં નથી આવડતું. વિજ્ઞાન ભણ્યો છે, પણ સમજતાં ન આવડે એ આધ્યાત્મિક વિજ્ઞાન કેવી રીતે સમજી શકે? આ તો આધ્યાત્મિક વિજ્ઞાન. એ તો સત્પુરુષ અને મુક્તપુરુષ થકી જ સમજી શકાય. સદ્. ગુણાતીતાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ એકવાર કહ્યું, અમે વચનામૃત લખ્યા, શોધ્યા, સાંભળ્યા બધું જ કર્યું, પરંતુ ગોપાળાનંદ સ્વામીના સમાગમ થકી જ્યારે સમજ્યા, ત્યારે મનમાં શાંતિ અને સુખ વર્તે છે. એના ઉપર શ્રીજીમહારાજે પણ કહ્યું કે આવી ભગવદ્વાર્તા શાસ્ત્રમાં તો હોય, પણ શાસ્ત્રથી સમજાતી નથી. એ તો ભગવાનની મૂર્તિમાંથી આવેલા સત્પુરુષ ભગવાનની ઈચ્છાથી પ્રગટ થાય, ત્યારે એના થકી સમજે ત્યારે જ સમજાય. ત્યારે અનાદિમુક્તની સ્થિતિ કાંઈ એમને એમ સમજાઈ જાય? આપણે આ રીતે વૈજ્ઞાનિક રીતે ગળે ઉતારવી.

# ૮૬

## વચનામૃત રહસ્યાર્થ ગ્રંથ ઉપર પ્રતિબંધ વિશે પૂજ્ય શ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આ (વચનામૃત રહસ્યાર્થ પરનો) પ્રતિબંધ ૫૫ વર્ષથી છે, તો બાપાશ્રી દ્વારા આ પ્રશ્નોત્તર કોણે કર્યા? શ્રીજીમહારાજે કર્યા. અનાદિમુક્ત તો સુખમાં રમે છે. અને મહારાજે પોતે એ ટીકા કરી. પોતાના વચનામૃત પોતે જ અનાદિમુક્તમાં રહીને સમજાવ્યા. (પ્રતિબંધ મૂકનાર) ભગવાનના ભક્ત ખરા, પણ પૂર્વગ્રહને લીધે અને ઈર્ષા એ ખરાબમાં ખરાબ સ્વરૂપ ગણાય છે. એના લીધે એ વાણી ઉપર પ્રતિબંધ મૂક્યો. કેટલું અજ્ઞાન કહેવાય? ૫૫ વર્ષ થયા એ શીલા, પ્રતિબંધરૂપી શીલા મુકાણી એના લીધે હજારો લોકો એ માનતા નથી, કારણ કે અંધશ્રદ્ધાળુ છે. કે આ ગાદી સ્થાનેથી પ્રતિબંધ આવ્યો એટલે એને વંચાય નહિ. મેં કહ્યું ભાઈ! અયોધ્યાપ્રસાદજી કે રઘુવીરજી મહારાજ જેવા આચાર્યશ્રીએ આ પ્રતિબંધ નથી મૂક્યો. એ આચાર્યશ્રીઓને તો ખેદ થાય છે, કે આ અમારા મુક્તોએ ભગવાનની વાણી પર પ્રતિબંધ મૂકી દીધો? આપણે એક વસ્તુ એમને સમજાવવી કે આ પ્રતિબંધ વહેલો ઉઠાવવો એ અમારા ને તમારા જ હિતમાં છે.

અત્યારે તો જો એક વસ્તુ આપણે મગજમાં લઈએ કે

૧૯૩૩ ને ૩૪ની સાલ લગભગ હતી, ત્યારે દેવની મિલકતનું રક્ષણ કરવા માટે અને આજ્ઞાનું રક્ષણ કરવા માટે લડત ચાલતી હતી. એ લડત અહિંસક અને દિવ્ય લડત હતી. કલ્યાણકારી પ્રયત્નો હતા. એવામાં આ પ્રતિબંધ મુકાઈ ગયો. એ પણ શ્રીહરિની એક ઈચ્છા. એટલે સામા પક્ષે અવરભાવમાં ઈર્ષાનું સ્વરૂપ. હવે એ શું કામ કર્યું? ભગવાનની ઈચ્છા વગર તો થાય નહિ. હવે અજ્ઞાનીઓ હતાને! એને કારણભૂત બનાવી દીધા. એ કેવી અદ્‌ભૂત વાત! કારણભૂત બનાવ્યા કારણ કે અજ્ઞાની હતા. એના લીધે બધાયને એમ થયું કે જોઈએ આમાં શું છે? ખોટું શું છે? એટલે બધાય વાંચવા લાગ્યા. ઊંડો અભ્યાસ કરે છે કે આમાં ખોટું શું છે? તો કેટલાકને એમ લાગ્યું કે વચનામૃત અમથા ક્યાં સમજાય છે? એ આ (રહસ્યાર્થ) વાંચતાં જ સમજાય છે. કેટલાય લોકો અત્યારે રહસ્યાર્થ વચનામૃત વાંચે છે. અરે! જે સાધુ-સંતો વિરોધ કરે છે એ પણ એમના કબાટમાં રાખે છે અને બીતા હોય એની માફક ઓરડી બંધ કરીને વાંચે છે. પછી જ્યારે જ્ઞાનવાર્તા કરેને! ત્યારે એમાંથી જ હોય. ત્યારે કોઈ કહે કે સ્વામી, તમારું આ જ્ઞાન તો રહસ્યાર્થ વચનામૃતનું છે. ત્યારે રહસ્યાર્થ વગર કાંઈ વચનામૃત સમજાય ખરું? આ એક ઝલાણુંને! પછી ટંગડી ઊંચી ને ઊંચી રહે. એમ ટંગડી ઊંચી રાખવાની વાત છે.

એ પ્રતિબંધ ૧૯૩૩-૩૪માં મુકાયો. પછી ૪૭ની

સાલમાં ભારત આઝાદ થયું. એનું બંધારણ ઘડાયું. એ બંધારણની કલમ છે. Constituionમાં Freedom of speech- વાણી સ્વાતંત્ર્ય, તો એ વાણી સ્વાતંત્ર્ય ઉપર આ પ્રતિબંધ હવે ટકી શકતો નથી. આપણે અહિંસક રીતે વાત કરવી કે આ પ્રતિબંધ દયા કરીને ઉઠાવો. હવે આ ભગવાનની વાણી ઉપરનો પ્રતિબંધ કેમ છે? એના સામે પ્રતિકાર તો કરવો જ પડે. માટે આપણે બરાબર સંગઠન કરો. સત્યાગ્રહ કોને કહેવાય? સત્યનો આગ્રહ. સાચી વસ્તુ ઉપર પ્રતિબંધ? મને તો કલ્પના આવતી નથી. અરે, આચાર્ય મહારાજ દ્વારા મહાન વિદ્વાન સંતો અને હરિભક્તો, એમની કમિટીના બધા મોટા મોટા આગેવાનોની વચ્ચે બોલાવીને લાંબી ચર્ચા તો કરેલી. અચાનક અમને બોલાવેલા. રહસ્યાર્થની વાત કરી તો કહે, પહેલા સમાધાન કરો. આપણે કહ્યું સમાધાન જ છે ને! મહારાજ, પધારોને છત્રીએ. અમારી સુવિધા રહે અને તમારી ય સુવિધા રહે. તો કહે ના એમ નહિ આપણે કેટલાક પ્રશ્નો પતાવીએ.

કહેવાનું એટલું જ કે એ ચર્ચા કરતા પહેલા એમ કહ્યું કે ભાઈ, ચર્ચા ફોગટ કરવા માટે આપણે ભેગા નથી થયા. તમે અચાનક બોલાવ્યા છે. તો એક વાતની પ્રતિજ્ઞા કરો કે જો ચર્ચા કરતા તમારા ગળે વાત ઊતરે તો તમારે સ્વીકારવી અને અમારા ગળે વાત ઊતરે તો અમે સ્વીકારીશું અને તમે

જવાબ ન આપી શકો, તો એનો અર્થ એ થયો કે એ વસ્તુ સત્ય છે. ચર્ચા કરી રહસ્યાર્થ ઉપર. તો એ વખતે તો પાંચ બાબતોની ફોર્મ્યુલા ઘડી કાઢી, વચનામૃત ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લેવો. બાપાશ્રીની મૂર્તિ સિંહાસનમાં રાખવી, પણ બીજા કોઈની નહિ. મહારાજ સાથે બાપાશ્રીની મૂર્તિ સિંહાસનમાં ભલે રહી. પછી લખાણ કર્યું ને મહારાજશ્રીએ રાજી થઈને સંમતિ આપી. (પછી દસ દિવસની ચર્ચા-વિચારણા બાદ અમુક સંતોના વિરોધને કારણે એ વાત બંધ રહી. એ વાત કરીને પછી કહે છે.)

હું તો કહું છું જરા ય મૂંઝાવું નહિ હો! કોઈ દિવસ. બંને દેશોની ગાદીનો કાર્યસત્સંગ છે, એ આપણો જ છે. શ્રીજીમહારાજનો છે. એને આપણે કારણસત્સંગમાં ફેરવવો છે. કારણસત્સંગ એટલે આ છેવટની દિવ્ય સ્થિતિ. એ બધા જ ઓળખે એવું આપણે ઇચ્છીએ છીએ. તો આ પ્રતિબંધ ઉઠાવવા પાછળ આપણું એ જ મૂખ્ય કારણ છે, જો એ ઊઠે તો અંધશ્રદ્ધાથી ઘેરાયેલા હોય એ પણ કહે કે, પ્રતિબંધ ઊઠી ગયો એટલે આ વચનામૃત વાંચવામાં વાંધો નહિ. તો આ કારણસત્સંગની વૃદ્ધિ ઝડપથી થવા માંડે. માટે એ પ્રયત્ન કરવો. આ દિવ્યસભાને પ્રાર્થના કે એ પ્રયત્નમાં મહારાજ અને બાપાની કૃપા ભળે અને એ પ્રતિબંધ, હવે એના માટે શું શબ્દ વાપરું? કે પ્રતિબંધ ફૂગ્ગાની માફક ફૂટીને ઊડી જાય. એ ભગવાન સ્વામિનારાયણ એમની વાણી છે. આ

તો બધાને થોડો ખ્યાલ આપ્યો કે જેથી ખ્યાલ આવે. એટલા માટે થોડો સમય લીધો. આપ સૌને રાજી કરવાને માટે, બાપાશ્રીને રાજી કરવા માટે આપ સૌની આજ્ઞાથી થોડીક વાત કરી. આવો પ્રસંગ હોય ત્યારે કેટલીક વાતોથી પરિચિત થવું પડે. જો પરિચિત ન થઈએ તો આપણે કોઈની સાથે વાત કરીએ ત્યારે મૂંઝવણમાં પડી જઈએ. એમ ન થાય એટલા માટે.

સાચો માર્ગ છે આપણો. એ હકીકત કહું છું. શ્રીજીમહારાજ, પાંચસો સાધુ અને પાંચસો પરમહંસની સાક્ષીએ કહું છું કે આ માર્ગ જે બાપાએ બતાવ્યો ને આપણે અપનાવ્યો એ સંપૂર્ણ સત્ય છે. આખા સત્સંગમાં જો કોઈ ઊભો થઈને એમ કહે કે આ વાત સત્ય નથી, તો હું એને કહું કે શ્રીજીમહારાજના ચરણે હાથ મૂકી, પાંચસો સાધુ અને પાંચસો પરમહંસના સમ ખાઈને તું કહે કે આ સત્ય નથી. તે જોયું છે? જાણ્યું છે? એમ કહેવાનું. અને આપણે તો તરત કહીએ કે અમે પાંચસો સંતો ને પાંચસો પરમહંસોની સાક્ષીએ કહીએ છીએ કે આ મૂખ્ય માર્ગ છે. આ માર્ગ શ્રીજીમહારાજે બતાવ્યો છે, બાપાએ એ બરાબર સ્પષ્ટ કર્યો અને કૃપા વરસાવીને આપણને સૌને તેનું ભાન કરાવી દીધું. એટલે આ વાત સંપૂર્ણ સત્ય છે. એમ હંમેશાં દિલમાં રાખવું. કોઈ પણ ગમે એવી ચર્ચા કરે ને ન સમજાય તો નૃહસિંહાનંદ સ્વામી જેવું કરવું.

નૃહસિંહાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું કે તમે સ્વામિનારાયણ ભગવાનના સંત છો, તો કહો ભગવાનનું સ્વરૂપ કેવું? સ્વરૂપ શું એ સમજાવો? તો કહે ભગવાનની વાણી, ભગવાનનું વચન એ ભગવાનનું સ્વરૂપ. આમ સ્વામી ખિજાઈ ગયા. ને કહ્યું તને ન સમજણ પડે. ભગવાનના વચન એ ભગવાનનું સ્વરૂપ. ત્યારે સ્વામિનારાયણ ભગવાને જે આજ્ઞાઓ, વચનો કહ્યા છે. એ સ્વરૂપ. તો કહે શાસ્ત્રોમાં એમ ક્યાં છે? તો શાસ્ત્ર કોના માટે છે હું તો શાસ્ત્રથી પર થઈ ગયો, હવે મારે એને શું કરવાના? એ તો તમારા માટે છે. એમ ન સમજાય તો બળ આવું રાખવું, ડરવું નહિ. અને કોઈવાર આવી મોટી સભા થાયને! ત્યારે અતિ જ્ઞાનચર્ચા થાય. અને જો બુદ્ધિશાળી વર્ગને વૈજ્ઞાનિક રીતે સમજાવી શકીએ, તો એક જણ અનેકને સમજાવે કે નહિ? બુદ્ધિશાળી તો બધે ય ફરી વળે. એટલે સમજાવે. ત્યારે આવો પ્રસંગ થાય, ત્યારે રહસ્યાર્થની ગુથ્થિઓ હોય એ મોટા પાસે સમજી લેવી. એ આપણા માટે જાત પ્રમાણ છે.

## ૮૭

## તમામ વસ્તુઓની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેનું અમોઘ શસ્ત્ર કયું છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ભગવાન ભક્તોના સંકલ્પ પૂરા કરે છે એમ કહેવાય

છે. એ સત્ય છે, પણ ભગવાનના ભક્તને એમાં પૂર્ણ શ્રદ્ધા નથી એટલે એ માગ્યા કરે છે. એને એમ કે હું માંગુ તો જ ભગવાન સાંભળશે, નહિ તો ભગવાન નહિ સાંભળે. ભગવાન જાણે બહેરા ન હોય! ભગવાનને પ્રાર્થના કરવી, પણ શ્રદ્ધા સંપૂર્ણ હોવી જોઈએ. શ્રદ્ધા વગરની ભક્તિ કોઈ દિવસ ફળ આપતી નથી. એનાથી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. વિજ્ઞાન પણ કહે છે કે જો વિજ્ઞાનના પ્રયોગોમાં શ્રદ્ધા ન હોય તો કોઈ દિવસ વૈજ્ઞાનિક સત્યો શોધી શકાતા નથી. શ્રદ્ધા દરેકમાં હોવી જોઈએ. તમે કોઈ કાર્ય કરો કે કોઈ ધંધો કરો એમાં જો તમને આત્મશ્રદ્ધા ન હોય તો એ ધંધો તમને કદીયે ફળ આપશે નહિ. એ ધંધામાં તમે સફળતા નહિ મેળવી શકો. કોઈ પણ મનુષ્યને વિષે તમને શ્રદ્ધા નહિ હોય તો તમે તેની સાથે આત્મીયતા નહિ કરી શકો. માટે શ્રદ્ધા એ તમામ વસ્તુઓની સિદ્ધિઓ માટેનું અમોઘ શસ્ત્ર છે. અમોઘ સાધન છે. શ્રદ્ધાવાળો હંમેશાં પોતાનું ધારેલું કામ પાર પાડે છે.

## ૮૮

## સંત-મહાત્મા કોને કહેવાય? તેના વિશે મહાત્મા ગાંધીજીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

ગાંધીજી એમ કહેતા કે મને લોકો મહાત્મા કહે છે, પણ સંત તો એનું નામ કે જેને પ્રભુના સાક્ષાત્ દર્શન થઈ ચૂક્યા હોય એને સંત કહેવાય. સંતને માર્ગે ચાલ્યો હોય

એ પણ સંત કહેવાય. પેલા સંપૂર્ણ સંત અને આ સાધનિક સંત કહેવાય. સંતના માર્ગે ચાલે, સત્યના માર્ગે ચાલે, પ્રભુના માર્ગે ચાલે એ સંત કહેવાય. દરેકે સંત બન્યા વગર છૂટકો નથી.

## ૮૯

## મનુષ્યને પોતાની મુક્તિ માટે કોનો આશ્રય કરવો અનિવાર્ય છે? તેના વિશે આધુનિક વિજ્ઞાન અને તેના સંશોધનોના સંદર્ભમાં પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

તમામ મનુષ્યે જગતમાં ગમે તે મનુષ્ય હોય, ગમે તે જ્ઞાતિનો હોય, પણ એ મનુષ્યે ભલે એ ભૌતિકવાદી હોય, નાસ્તિક હોય કે આસ્તિક હોય કોઈ પણ મનુષ્યને પોતાની મુક્તિને માટે પ્રભુનો આશ્રય લીધા વગર છૂટકો નથી. એક જન્મે નહિ તો બીજે જન્મે. ભક્તિ વગર કોઈ વસ્તુ પ્રાપ્ત થાય નહિ. પ્રભુની ભક્તિ એટલે પ્રભુની ઉપાસના. વિજ્ઞાનમાં પણ સત્ય શોધવા હોય તો વિજ્ઞાનની ભક્તિ કરવી પડે. એમ કહેવાય કે એ વિજ્ઞાનભક્ત છે. ત્યારે મોટા મોટા જે વૈજ્ઞાનિકો થયા એ વિજ્ઞાનની ભક્તિ કરીને થયા. આ જગતનો વિચાર કરો કે પ્રભુએ કેટલી કેટલી વસ્તુઓ બનાવી છે કે જે મનુષ્ય કરી શકે નહિ. કરતો જાય છે. એમ નવું નીકળતું જાય છે. એ પણ પાછો પાર પામતો નથી. એ પણ માને છે કે અનંત બ્રહ્માંડો છે. તો હજી તો એ એક-બે ગ્રહો પર અવકાશ યાત્રાથી પહોંચ્યા છે. એનું સંશોધન

કરતાં પણ એનો દમ નીકળી જાય છે. એવા તો અનંત બ્રહ્માંડો છે.

આ પૃથ્વી ઉપર જે મનુષ્યો છે એવા બીજા બ્રહ્માંડો નથી? એવા તો અનંત બ્રહ્માંડો છે કે જ્યાં મનુષ્યો ઉચ્ચ સ્થિતિને પામેલા છે. એવા બ્રહ્માંડો છે જ્યાં સતયુગ વર્તે છે. એવા પણ બ્રહ્માંડો છે ત્યાં દ્વાપરયુગ પ્રવર્તે છે. કોઈને કોઈ બ્રહ્માંડોમાં અવતારોનું પ્રગટીકરણ થયા જ કરે છે. અને એ તમામ અવતારો જેમાંથી પ્રગટ થયા એ અવતારી પણ છેવટે પ્રગટ થઈ અને મનુષ્યોનું કલ્યાણ કરે છે. એમ ન સમજીએ કે આ પૃથ્વી પર આપણે છીએ એ બ્રહ્માંડમાં જેટલા મનુષ્યો છે એટલા જ છે. અનંત જીવો છે. મનુષ્યો ઉપરાંત પણ એટલા બધા જીવો છે. જુઓ ચોર્યાસી લાખ યોનીમાં કેટલા બધા જંતુઓ છે. ઝીણા ઝીણા, મોટા જીવો એ બધાયના રૂપ જુદા જુદા આ પ્રભુની લીલા અકળ છે એવું નથી લાગતું? જો વિજ્ઞાન એમ કહેતું હોય કે પ્રભુ નથી, તો વિજ્ઞાન આ બધું સર્જન કરે નહિ? લાખો કરોડો જીવ-જંતુઓ પેદા કરી દે નહિ? કેમ નથી કરતું? પ્રભુ ઇચ્છે ત્યારે એ બધું પ્રલય થઈ જાય, લીન થઈ જાય, ઇચ્છે ત્યારે સૃષ્ટિની ઉત્પતિ થાય. એને કોઈ રોકી શકતું નથી. હવામાન બદલાય છે, પ્રલય થાય ત્યારે કોઈ રોકી શકતું નથી. વિજ્ઞાન ગમે તેટલી મહેનત કરે, પણ પ્રભુ આગળ એનું કંઈ ચાલતું નથી. ત્યારે એ એમ માનતું થયું છે કે એવી કોઈ અજબ શક્તિ છે કે જે

શક્તિ પારાવાર છે. એવી અપાર છે કે એનું સંશોધન કરતાં કોઈ પાર જ નહિ આવે, ચાલ્યા જ કરશે.

ટેલિવિઝન તો ટેલિવિઝનમાંથી વળી બસ્સો વર્ષ પહેલા મનુષ્યો જે વાણી બોલેલા તે સાંભળવાનો પણ અત્યારે પ્રયોગ ચાલે છે. કૉમ્પ્યુટરો વિચાર કરતા થઈ ગયા, પણ યાંત્રિક રીતે છતાં પણ કૉમ્પ્યુટરો કંઈ ભગવાનની પ્રાપ્તિ કરાવી શકે? ન કરાવી શકે. પ્રભુની શોધ એ ન કરી શકે. એના માટે તો સંતરૂપી કૉમ્પ્યુટર જોઈએ કે જે પ્રભુને જોઈ શકે. ત્યારે કૉમ્પ્યુટર બધું જ કરશે. વૈજ્ઞાનિકો બધી જ શોધખોળ કરશે, પણ પરમાત્માની શોખોળ, પરમાત્માને મેળવવા હોય તો સંત પાસે જવું પડશે. કારણ કે સંતે પ્રભુની પ્રાપ્તિ કરેલી છે.

## ૯૦

## મંદિરમાં શિસ્ત જાળવવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મંદિરમાં પ્રવેશ કર્યા પછી સદ્‌ગુરુના સાંનિધ્યમાં રહીને એમની વાણી સાંભળવી, પણ મંદિરમાં પ્રવેશ કર્યા પછી કોઈ પણ વ્યાવહારિક વાત જો કરવામાં આવે તો એનો અર્થ એ કે આપણે ભૂલી ગયા કે આપણે ભગવાનના મંદિરમાં આવ્યા છીએ. કલાક - બે કલાક એવો નિયમ જ રાખવો જોઈએ કે મંદિરમાં પ્રવેશ કર્યા પછી ભગવાનની

મૂર્તિ સિવાય કાંઈ જ યાદ આવવું જોઈએ નહિ. એવી શાંતિથી ભગવાનનું દરેક જણાએ ધ્યાન કરવું. મંદિરમાં આવીને અન્ય વ્યાવહારિક વાતો નહિ કરવી જોઈએ. પછી તે સત્સંગ વિષયક હોય તો પણ ન કરવી જોઈએ. મહાપ્રભુજીનું કીર્તન કરી શકાય, ભગવાનની કથા વાંચી શકાય, સદ્‌ગુરુઓની પાસે બેસીને એમની વાણી સાંભળી શકાય, ધૂન કરી શકાય, પણ સત્સંગ વિષયક કે બીજા વિષયક વાત નહિ કરવાની અને મંદિરમાંથી, મંદિરના બારણામાંથી બહાર નીકળીએ પછી વાત કરીએ તો વાંધો નહિ. આવો નિયમ રાખવો જોઈએ, તો એ મંદિરની શિસ્ત જાળવી કહેવાય. નહિતર એ વાતો કરવાનું સ્થાન થઈ જાય. અન્ય વાતો કરવાનું સ્થાન મંદિર! બીજે વખત ન મળે તો ચાલો મંદિરમાં જઈને વાતો કરીએ એવું બની જાય. મંદિરનો અર્થ એ નથી. મંદિર એટલે તો ભગવાનને રહેવાનું ધામ છે. જ્યાં ભગવાન બિરાજતા હોય, ત્યાં તો સુખ અને શાંતિ જ હોય. ત્યાં બીજી વાતો હોય નહિ. તો જ ભગવાનના સ્વરૂપને વિષે સ્થિતિ થાય. મંદિર આવ્યાનું સાર્થક ગણાય. નાના બાળકોને પણ આ વાત શીખવવી જોઈએ.

## ૯૧

## સેવા કરવી અને સેવાની તક એમાં શું ફરક છે? તેના વિશે

**પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણે પરમ કૃપાળુ શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના સાંનિધ્યમાં કટિબદ્ધ રીતે નિશ્ચય કરીએ કે કારણસત્સંગની સારાય જગતમાં ફેલાવવાની સેવાની તક આપણને આપે. સેવા કરવી અને સેવાની તક એમાં ફરક છે. સેવા કરી, મેં સેવા કરી તો એની અંદર અહ્મ છે. તક આપવી એ તો પ્રભુએ કૃપા કરીને નિમિત્ત બનાવ્યા છે. તો તક આપીને હે મહારાજ! આપે અમારા ઉપર કૃપાવર્ષા કરી છે. આપને સારાય જગતમાં ઓળખાવીશું. સારુંય જગત ઓળખે તો એનું કલ્યાણ થાય. એની અમને તક આપો અને અમને નિમિત્ત બનાવો જેથી ગુણાતીતાનંદ સ્વામીના શબ્દો સાર્થક થઈ જાય.

## ૯૨

**સીનીયર સીટીઝન એટલે કે ૬૫ વર્ષની ઉમર સુધી અને તેના પછી કેવું જીવન જીવવું જોઈએ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

એક શબ્દમાં જ વાત કે મૂર્તિમાં રાખ્યા છે તે મૂર્તિ જ જોવાની. પાંસઠ વર્ષ પછી તદ્દન એવું કરી મૂકવું જોઈએ. એ પહેલા તો બધું કામ કરવું પડે. એક મૂર્તિમાં જોડાઈને બેસી રહો તો મહારાજ ઠપકો આપે. કે હું કહું એમ કરવાનું. હું કહું છું કે તમે અમારું કાર્ય ખૂબ કરો અને તમારે સુખ જોઈએ

છે તો સુખ આપવાવાળો હું છું, આપી દઈશ. આ છેલ્લો જન્મ કર્યો એ થોડી વાત છે? જે અનંત જન્મે પાર ન આવે એ આ એક જન્મે જ કર્યું હવે શું કામ અધીરા થાવ છો? તો કામ કરીએ. પાંસઠ વર્ષ સુધી સત્સંગનું સરસ કામ કરીએ અને સાથે સાથે મૂર્તિનો સંબંધ પણ રાખીએ. આ ત્રણ કલાકમાં મૂર્તિ સિવાય કોઈ વાત થઈ? તો આપણને મૂર્તિનો સંબંધ રહે છે. જેટલો રખાય એટલો. બાકી ભગવાને અંદર રાખ્યા જ છે એ તો બરાબર કે નહિ? તો બસ પછી. આપણે મૂર્તિનો સંબંધ રાખવાનો અને દરેક કામ સરસ રીતે બજાવવાનું અને આપણું શરીર પણ સરસ રાખવાનું.

## ૯૩

## પરચા-ચમત્કાર અને રિદ્ધિ-સિદ્ધિના ઉપયોગ વિશે ગોપાળાનંદ સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

એક વખત એક જૈનમુનિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહે તમે રિદ્ધિ-સિદ્ધિનો એટલો બધો ઉપયોગ કરો છો અને જબરજસ્ત ચમત્કાર સર્જો છો. તો જે રિદ્ધિ-સિદ્ધિનો ઉપયોગ કરે એ સંત જ ન કહેવાય. બોલો બરોબર છે? જૈનમુનિ સ્વામીને અહંકારથી કહે છે. ત્યારે સ્વામી કહે કે એ રિદ્ધિ-સિદ્ધિનો ઉપયોગ કરવાનો કોઈને અધિકાર ખરો? ચોક્કસ. કોને? એક પરમાત્માને. હું કોને પરમાત્મા

માનું છું એ તો તમે જાણો છો ને? હા, ભગવાન સ્વામિનારાયણને. તો જો હું ભગવાન સ્વામિનારાયણને પરમાત્મા માનતો હોઉં, તો એમના સોગંદ ખાઈને તમને કહું છું કે એકપણ પરચો - ચમત્કાર મેં સર્જ્યો નથી, એકપણ રિદ્ધિ-સિદ્ધિનો મેં ઉપયોગ જ કર્યો નથી. ઓલા છક થઈ ગયા! હવે તમારે જે કહેવું હોય તે કહો.

## ૯૪

**God Is Only One And One Only. સર્વોપરી પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ એક જ છે તેના વિશે સદ. શ્રી ગોપાળાનંદ સ્વામી અને મહાત્મા ગાંધીજીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

જૈન મુનિ સ્વામી સામે જોઈ રહ્યા. સદ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ એની સામે દૃષ્ટિ કરી ને સમાધિ થઈ ગઈ. જૈનમુનિ સડક થઈ ગયા. સમાધિમાં ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી પરમાત્માતત્ત્વ છે એવું એણે જોયું. એમના તીર્થંકરો પણ ભગવાનના ચરણમાં નમતા હતા. એ તીર્થંકર ભગવાનને ભગવાન માનતા હતા. થોડીવાર પછી સ્વામીએ દૃષ્ટિ પાછી ખેંચી લીધી, મુનિ દેહમાં આવ્યા, સ્મૃતિ આવી, પછી સ્વામીને દંડવત્ કર્યા. કહે ખરેખર તમે સંત છો, ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે, પણ મારા મગજમાં એવી ગ્રંથિ ઘડાઈ ગઈ છે કે હવે હું તીર્થંકરને છોડી

શકું એમ નથી. સ્વામી કહે, છોડતા કેટલીવાર? કહે બાપજી! હું નથી છોડી શકું એમ, પણ હવે હું સ્વામિનારાયણ ભગવાનનું ઘસાતું નહિ બોલું, પણ તીર્થંકરને છોડી શકું એમ નથી. ત્યારે એમ કરને કે તું જે તીર્થંકરને માને છે ને! એ તો ભગવાન સર્વોપરી પરમાત્માના ચરણોમાં નમ્યા, તો એ તીર્થંકરને જે થઈ ગયેલા તીર્થંકર છે તે ન માનીશ. સર્વોપરી પરમાત્મા તરીકે તું એનું ભજન કરજે. તો તું આ જન્મે નહિ તો આવતા જન્મે એ સુખમાં પહોંચી જવાનો.

જુઓ પરમાત્મા તો એક જ છે. બે હોય તો સીમિત થઈ ગયા. તો એ પરમાત્મા કેવી રીતે હોઈ શકે? God is only one and one only. તો એ સર્વોપરી પરમાત્મા તત્ત્વનો બધાયમાં થોડો-થોડો આવિર્ભાવ થાય છે. અને થોડો આવિર્ભાવ હોય એને પૂર્ણ કેમ કહેવાય? અવતારમાં આવિર્ભાવ છે તો એ અવતારને Supreme Lord નહિ કહી શકાય. Supreme Lord ક્યારે થાય કે એમાં તમે સર્વોપરી પરમતત્ત્વની ભાવના કરો. મહાત્મા ગાંધીજીને કોઈએ પૂછ્યું કે તમે શ્વાસોશ્વાસ રામ-રામ-રામ-રામ કર્યા કરો છો. તમે એટલો અભ્યાસ કર્યો છે કે તમારા શ્વાસમાં એ શબ્દ વણાઈ ગયો છે, પણ મને નવાઈ લાગે છે કે તમારા ઓરડામાં રામચંદ્રજીની મૂર્તિ જ કેમ નથી? તો પોતે કહે છે કે ભાઈ! પૃથ્વી પર થઈ ગયેલા જે રામાવતાર છે તે મારા રામ

નથી. મારા રામ તો સર્વોપરી એવા પરાત્પર પરમાત્મા છે કે જે ઘટઘટમાં વ્યાપક છે એવા એ સર્વ કર્તાહર્તા પરમાત્મા છે. આ તો spiritual ideal king હતા. It is very difficult to reach the ideal તો રામાવતારમાં ભગવાન સર્વોપરી પરમાત્મા શ્રીહરિનો આવિર્ભાવ હતો. We have to go ahead કોઈ પણ સ્વરૂપ ભલે મળે, પણ એને તમે થઈ ગયેલાની ભાવના નહિ કરો. સર્વોપરી પરમાત્મા માનીને એ સ્વરૂપની ઉપાસના કરવી.

## ૯૫

## ખરું દાસત્વપણું કોને કહેવાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

સ્વામિનારાયણ ભગવાને આપણને ન્યાલ કર્યા છે. અનાદિમુક્ત બાપાશ્રીએ ભગવાનની કૃપાવર્ષા આપણા ઉપર કરી. એ દાસત્વ સ્વરૂપ છે. ખરું દાસત્વ કયું? નિર્માની થયા હોય છતાંય ઊંડે ઊંડે નિર્માનીપણાનું સહેજ માન રહે તો ય દાસત્વ પૂરું ન કહેવાય એવું અબજીબાપાશ્રીએ સમજાવ્યું. એનો અર્થ એ થયો કે ભગવાન અને ભક્તની વચ્ચેનું અંતર જ ન રહ્યું, અલગ અસ્તિત્વ ન રહ્યું. અલગ અસ્તિત્વ એટલે સ્વામી-સેવકભાવ ખરો, પણ ભગવાન ત્યાં અને આપણે અહીં એમ નહિ. નિષ્કુળાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ કાવ્યમાં કહ્યું કે ભગવાનના સ્વરૂપમાં રહેલા

મુક્તો જળ-તરંગવત્ એકતાની જેમ રહેલા છે, પણ સ્વામી-સેવકભાવ છે.

## ૯૬

## આપણે કેટલા ભાગ્યશાળી છીએ તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આવા પરમાત્મા મળે એને રાંકપણું દર્શાવવાની જરૂર ખરી? ભલે, વિનમ્ર દેખાવું જ જોઈએ, દાસપણું રાખવું જોઈએ, પણ અંદરથી રાંક છીએ એવું ન લાગે. અરે! સંકલ્પ-વિકલ્પ થાય એ તો દેહનો ભાવ છે તો થાય જ. અનંત કાળ સુધી બાહ્યવૃત્તિ કરી છે તે સંકલ્પ ન થાય? એ તો આ મળ્યા ત્યારે આપણને પૂર્ણકામ કરી દીધા. કેટલાં જન્મનું ભેગું થયું હોય! બહિર્વૃત્તિ થઈ હોય પછી અંતર્વૃત્તિ થતાં વાર ન લાગે? પણ સહેલી કેટલી બનાવી!

હવે એ સુખમાં આપણને રાખ્યા એનું ફળ અંતસમે અથવા તો એ પહેલા પણ આપે એ એમના હાથમાં છે બરાબર? ધણીનો ધણી કોઈ? ચપટી વગાડતાં આપી દે ને વારે ય લગાડે તો કંઈ વાંધો નહિ.

એક જ જન્મે પાર પાડી દીધો! નહિતર તો હજી અનંત જન્મો લઈને દમ નીકળી જાય. વિચાર કરો.

## ૯૭

**આપણે સર્વોપરી ભગવાનના સિંહ સેવક ક્યારે બન્યા કહેવાઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ સિવાય ક્યાંય સારપ નહિ રહેવી જોઈએ. બધા જ અવતારો, બધા જ દેવોમાં ભગવાન સ્વામિનારાયણનો પ્રેરણા દ્વારા આવિર્ભાવ છે. એટલે બધા જ પૂજનીય, આદરણીય છે. આપણે એમનું દર્શન કરીએ, પરંતુ એ કોઈ પણ ઉપાસ્યમૂર્તિ ન ગણાય. ઉપાસ્યમૂર્તિ તો એ ગણાય કે જેનો સર્વોપરી મંત્ર શ્વાસોશ્વાસ ચાલતો હોય. તે સિવાય બીજો કોઈ મંત્ર અધિક નથી. માટે આપણે એક વસ્તુ નક્કી કરવી કે કોઈ પણ જાતનું દુઃખ આવે એ તો આ જન્મ લીધો છે અને આ જગતમાં આવ્યા તો સુખ દુઃખ તો ચાલ્યા જ કરવાનું. સંપૂર્ણ વિશ્વાસ રાખીને એ સહન કરવું એ જ ભગવાનની પ્રસન્નતા છે. વિશ્વાસ જો ડગી જાય અને બીજે ક્યાંય સારપ મનાઈ જાય તો સર્વોપરી ઉપાસનામાં કચાશ કહેવાય. ગમે તેવું દુઃખ પડે, વધુમાં વધુ શું થઈ જવાનું છે? આ દેહ પડી જશે. તો સર્વોપરી ઉપાસના દઢ રાખવી. કોઈ જગ્યાએ સારપ નહિ રાખવાની. કોઈ દુઃખ મટાડે એ શું? ભગવાનની પ્રેરણાથી જ બીજા દુઃખ મટાડે છે. એ બધા દેવો મટાડે છે?

ના ના. ભગવાન સ્વામિનારાયણે આપેલા ઐશ્વર્યથી મટાડે છે. જો એ પાછું ખેંચી લે, તો કોઈ કામ કોઈ દેવથી થઈ શકે જ નહિ.

આ વાત અતિ દૃઢ કરીને આપણે એવા મજબૂત અડગ ભગવાન સ્વામિનારાયણના સિંહ-સૈનિક બની રહીએ કે જેથી બીજે ક્યાંય આપણને એ મૂર્તિ સિવાય સારપ મનાય નહિ. એ મૂર્તિ જ આનંદરૂપ લાગે. બધી જ ક્રિયા કરતાં કરતાં બાપાએ કહ્યું કે ભગવાનનું અનુસંધાન રાખીને કામ કરવું.

## ૯૮

## સંત કોને કહેવાય? શાંતિ કોણ પમાડે?

શાંતિ પમાડે તે સંત. અને એનો જોગ, સંતસમાગમ કરીએ. જેને શાંતિ પ્રાપ્ત થઈ હોય તે. શાંતિ શું? તો અંતઃશત્રુઓમાંથી મુક્ત થાય પછી શાંતિ પામે છે. ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય, ત્યારે શાંતિ પામે છે. ત્યારે જેને આવી શાંતિ, અખંડ સ્મૃતિ રાખીને ભગવાનની આજ્ઞાનું પાલન કરીને, પાત્રતા કેળવીને, જેણે સુખની પ્રાપ્તિ કરી હોય એને સાચી શાંતિ હોય એવાના સમાગમથી શાંતિ મળે. એવા સંતને મહારાજ કહે છે, સંત જાણજો મારી મૂર્તિ રે તેમાં ફેર નહિ એક રતિ રે. આટલું બધું! જળતરંગવત્ એકતા કહી દીધી નિષ્કુળાનંદ સ્વામીએ. જળતરંગવત્! દૂધ અને સાકર

જેવું નહિ? તો કહે નહિ. દૂધ અને સાકરમાં દૂધના પોલાણમાં સાકર રહેલી છે. એ રસબસ નથી. દૂધ સાથે સાકર રસબસ નથી. અણું જુદા છે. પણ આ તો જળતરંગવત્ એકતા. એટલે ત્યાગ-ભાગ નહિ. દિવ્ય સેવક દિવ્ય સ્વામી સાથે જળતરંગવત્ એકતા ભોગવે છે. એવી એકતા છે. એવા સંત તે મારી મૂર્તિ રે, તેમાં ફેર નહિ એક રતિ રે એમ કહે છે.

## ૯૯

## આચાર્ય કોને કહેવાય? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજે એટલી બધી વાતો કરી છે કે એમાંથી સંશોધન કરીને લખો તો સમજી શકાય. પણ એ ક્યાં લખવાનો પાર આવે? મહારાજ કહે, અમારી આજ્ઞા મુજબ જે ધર્મનું આચરણ કરવામાં શ્રેષ્ઠ હોય અને ધર્મનું આચરણ કરાવવામાં સાવધાન હોય તે આચાર્ય. આ અયોધ્યાપ્રસાદજી મહારાજ એવા આચાર્ય છે. પછી એક બીજો દાખલો સ્વામી વિવેકાનંદનો છે. ધર્માચાર્યોની સભામાં જે વિશ્વના ધર્મો વિશે હતી. એ વખતના જમાનામાં સડા પેસેલા. વિશ્વમાં પણ એવું હતું. ત્યારે વિવેકાનંદે ધ્યાન દોર્યું કે આ સડો શેનો છે? એ સડાના મૂળમાં શું છે? તો એમણે એમ કહ્યું કે ધર્મવહીવટ છે. ધર્માચાર્યોને એમ કહ્યું કે તમે ધર્માચાર્યો છો. તમે વહીવટાચાર્યો નથી. તમે તો બેય

ભેગું કરો છો. તો બેયમાંથી એકેય સરખું કરી શકતા નથી. અને વહીવટ તમને લજવે છે. તમે ન કરવાનું કરો છો. એટલે ધર્માચાર્યોએ વહીવટથી સદંતર અલગ થઈ જવું જોઈએ. ધર્મશાસ્ત્રમાં લખ્યું છે કે સાચા ધર્માચાર્ય ધર્મનું પાલન કરે ને કરાવે એ આચાર્ય. પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી ભગવાનની વ્યાખ્યા તો જુઓ! ત્યારે આ બધા ધર્માચાર્યો શ્રીજીમહારાજના વખતમાં ભ્રષ્ટાચારને પંથે જતા રહેલા. મહારાજે એ સડો પોતાના પ્રભાવથી કાઢી નાંખ્યો અને લોકોને જાગૃત કરી દીધા. ત્યારે એનું નામ આચાર્ય. આચાર્ય સર્વોપરી ભગવાનના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ જેવા હોવા જરૂરી છે, અનિવાર્ય છે. કારણ કે એના હાથમાં આખા સત્સંગની ધૂરા છે.

## ૧૦૦

## સાધુ-સંતોએ પોતાનું જીવન કેવી રીતે જીવવું જોઈએ?

પૂજ્યશ્રી નારાયણમામા એક સાધુને બોધ વચન આપતા કહે છે, સાધુને મહારાજે ૧૧ વસ્તુ રાખવાની કીધી છે એ પ્રમાણે રહેવું. મહારાજની આજ્ઞા પ્રમાણે રહેવાનું. મહારાજની આજ્ઞા પ્રમાણે સાદું જીવન ગાળવાનું બરોબર? એ આજ્ઞાથી વિશેષ વસ્તુઓ રાખવાની નહિ. ધનનો સ્પર્શ ન કરવો. ધનનો સ્પર્શ નહિ કરવાનો. કોઈક પાર્ષદ હરિભક્ત રાખે એ વાત જુદી, પણ ભગવા વસ્ત્રો ધારણ

કર્યા પછી ધનનો સ્પર્શ કરવો નહિ. બરોબર? કારણ કે ધન તો ન કરવાનું કરાવે. તમારે ધનનો સ્પર્શ કરવો નહિ બરાબરને? જો ધનનો સ્પર્શ થઈ જાય તો એક ઉપવાસ કરવો. અડવું જ નહિ. ભલે ગમે ત્યાં પડ્યા રહેવું. કોઈને એમ ન થાય કે સાધુ તીર્થ કરવા જાય છે. ત્યારે કોઈ પાર્ષદ સાથે ન હોય તો તમારે ન જવું. તેમાં પૈસાને અડવું પડેને? એ પાછું ન કરવું. તમારે જ્યાં મન થાય, ત્યાં જાઓ, પણ સ્ત્રીધનનો ત્યાગ સરખો રાખવો. ટી.વી. નહિ જોવાનું. આજકાલ ટી.વી. પેઠા છે. તમારે ટી.વી. ન જોવું કોઈ દિ, બરોબર? એનું કારણ ખબર છે? સાધુ છે તે પોતાની સેક્સ ઈન્સ્ટિક્ટ (Sex instinct) સંતોષવાને માટે છાનામાના ટી.વી. જુએ છે. એમાં ન જોવાનું જુએ, એ ધર્મ પાળે? એ નિષ્કામ ધર્મ ટકે ખરો? ન ટકે. તો ટી.વી. કે એવું બધું જોવું નહિ. સિનેમા ટી.વી. બધું બંધ કરો તો જ સ્વામિનારાયણના તમે ખરા સંત. નહિતર ધ્યાન-ભજન કરવું જોઈએ. સ્ત્રી-ધનનો ત્યાગ, એની ખામીનો સદંતર ત્યાગ રાખીને આગળ વધવું. એવા સંત બનો કે બીજા જોઈને શરમાય અને એ પોતાનું ટી.વી. લઈને ફેંકી દે. મહારાજ, ભગવાન સ્વામિનારાયણ મળે એને સ્ત્રી કે પુરુષ એવો ભેદભાવ છે જ નહિ. એનો અર્થ, જેમ નાનું બાળક હોય એને ખબર ન પડે કે શું વિષય કે શું ભેદ? એમ આપણે વિષય-ભેદભાવ નહિ એટલે વિષય જેવો વિચાર જ ન આવે

એનું નામ ભેદભાવ નહિ. તો એવા સાધુ બનવાનું બરોબર? એકલા જ્ઞાની નહિ. એકલા જ્ઞાની તો હેરાન હેરાન થઈ જાય. જ્ઞાનીને સુખ જ ન હોય. વૃંદાવન સ્વામી કહે - ભગવાન જ્ઞાનીથી તો પચાસ ગાઉ દૂર છે. એવા જ્ઞાની (પંડિત) નહિ બનવું જોઈએ. એવા જ્ઞાની બનવું કે જે ભગવાનની મૂર્તિમાં રહીને ભગવાનને પમાડે એવા થવું.

## ૧૦૧

## યોગ સાધના કેવી રીતે કરવી? તે વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ એક યોગીના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?

કોઈક ભાઈને પૂજ્યશ્રી નારાયણમામા પાસે લાવેલા તેમણે ખોટી યોગવિદ્યા અપનાવેલી અને મલિન તંત્રવિદ્યામાં પણ પડેલા. એને મામા સાચી સમજણ આપે છે. અને એક યોગીની વાત તેમને કહે છે.

એમને મેં કહ્યું કે જો તમને યોગનો અભ્યાસ હોય તો હું તમને પૂછું એનો જવાબ આપો. ત્યારે તે યોગી કહે, હું ઘણા વર્ષોથી યોગસાધના કરું છું, પણ મને અંતરમાં શાંતિ થતી નથી તો એનું શું કારણ હશે? પછી મેં કહ્યું તમે જે યોગસાધના કરો છો એ યોગસાધના હું નથી કરતો. તો તે કહે, તમે કઈ યોગસાધના કરો છો? મેં કહ્યું હું તો સાવ સહેલી સાધના કરું છું. તો તે કહે, શું છે તે સાધના? મેં કહ્યું, હું એમ સમજું છું કે યોગ એટલે જોડાવું. ભગવાનના

સ્વરૂપમાં જોડાવું. એ સંપૂર્ણપણે જોડાઈ શકાય ત્યારે યોગસાધના પૂરી થઈ કહેવાય. તમે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા સમાધિ એમ આઠ અષ્ટાંગ યોગના સાધનો કરી અને આગળ વધવાનું કરો છો એમાં તમે કેવી રીતે ભગવાનમાં જોડાઈ શકો? યમ, નિયમ, આસન, પ્રાણાયામ વગેરેનો સાચો અર્થ પણ તમને આવડતો નથી. એ સાધન શું કહેવાય, યમ શું કહેવાય, આસન શું કહેવાય, પ્રાણાયામ શું કહેવાય, ધ્યાન-ધારણા-સમાધિ શું કહેવાય? તમે તો જડતાપૂર્વક આ આઠેય વાતો કરો છો તો ભગવાનનું ધ્યાન ક્યાંથી થાય? મેં ભગવાનના કલ્યાણકારી ગુણો ગણાવ્યા એમાંથી કયો ગુણ વિશિષ્ટ રીતે તમારામાં કોઈ આવ્યો? તો કહે, ના. ત્યારે મેં કહ્યું તમે યાંત્રિક રીતે યોગ સાધો છો. એ સાધનામાં ક્યાંથી મઝા આવે?

હું તો આ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન કરું છું. એ મૂર્તિમાં જોડાવ છું, એ યોગ. એટલે આપોઆપ જ યોગ સધાય જાય બરોબર? પછી કહે, એમ? મેં કહ્યું, હા એમ. તમે ય જોડાવ જો તમને મારી વાત ગળે ઊતરે તો. હું તો આમ કરું છું. એ યોગે કરીને યમ, નિયમ, આસન વગેરે બધું ય આવી જાય. ખરો પ્રાણાયામ કોને કહેવાય એ તમને ક્યાં ખબર છે? તમે તો નાક ઊંચું કરો, નીચું કરો ને ઊભા રહો એ તો દેહબુદ્ધિનો પ્રાણાયામ થયો કહેવાય. એ

પ્રાણાયામ નહિ, પણ પ્રાણ ખેંચાઈને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય એ પ્રાણાયામ છે. આ તમને ખરું કહું છું. તમે શેમાં જોડાશો એ તો કહો? તમારે જોડાવાની વસ્તુ ખરી? યોગ એટલે જોડાવું. જોડાઈ જવું પડે. તમે શેમાં જોડાશો? તમે શેમાંય જોડાતા નથી ને આખો દિવસ આ ધમાલ કરો છો. એમાં શાંતિ ક્યાંથી થાય? મારું કહેવું કરો તો શાંતિ થાય. તમને એ ગળે ઊતરે તો કરો ન ઊતરે તો ન કરો. એમ યોગસાધના આ છે. અને તમે કરો છો એ યોગસાધના સાવ ખોટી છે. એ પહેલા છોડી મુકવી બરોબર? એમ તમે મહારાજનું બળ રાખશો? એમ જે રીતે યોગવિદ્યા શીખી હોય એ બધું ભૂલી જાવ. એ બધું જ ભૂલી જાવ. એક હરિભક્તે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, મને સાક્ષાત્કાર કરાવો. તો કહે, જેટલું ભણ્યો છે ને જેટલું જાણે છે, એ બધું પહેલા ભૂલી જા. પછી મારી પાસે આવજે. ત્યાર પછી ભગવાનનો સાક્ષાત્કાર કરાવીશ. તું જેટલું જાણે છે તે બધું ભૂલી જા. કારણ કે તું જેટલું જાણે છે એ બધું અજ્ઞાન છે. એ અજ્ઞાન સ્વામી પાસે શું કામનું?

એમ તમે જે યોગવિદ્યા જાણો છો એ પહેલા ભૂલી જાઓ. એ જાણે છે જ નહિ. અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરો. કરશોને? ચોક્કસ? તો મહારાજ બધું સારું કરશે.

## ૧૦૨

**આપણે ભગવાનના વચનો જેને આપણે આચરણમાં ઊતર્યા હોય તે જ બોલવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ભગવાનના વચનો જે તમે આચરણમાં ઊતારો તે જ બોલો. આપણે જ્ઞાન ઘણું ભેગું કરીએ પણ જો આચરણમાં થોડું ઊતર્યું હોય, તો ઊતર્યું હોય એટલું જ બોલવું જોઈએ. એવો નિયમ છે. શા માટે? કે વર્તન અને વાણી એ બંનેનો સુમેળ હોવો જોઈએ. વર્તન વગરની વાત એ સામાના મન પર કોઈ અસર કરતી નથી. એના જીવને સ્પર્શ કરતી નથી. સૌથી અગત્યની વાત એ કે જો આપણું વર્તન અને વાણી એક હોય તો આપણી વાણી એના ચૈતન્યને સ્પર્શે છે. એના ચૈતન્યનું ઊર્ધ્વીકરણ કરી નાંખે છે. પણ જો આપણે એકત્ર કરેલું જ્ઞાન આચરણમાં ન ઊતર્યું હોય અને કલાકો સુધી પીરસીએ તો શ્રોતાજનોને સાંભળવું ગમે, પણ એના ચૈતન્યને-તેના આત્માને ઊર્ધ્વીકરણ કરવામાં કોઈ મદદ ન કરે.

## ૧૦૩

**શ્રીજીમહારાજે સારાય ભારતમાં વિચરણ શા માટે કર્યું?**

**અને આત્યાંતિક પ્રલય ક્યારે થાય છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

શ્રીજીમહારાજે આ ભારત ભૂમિ ઉપર દર્શન આપીને સારાય વિશ્વને ન્યાલ કરી દીધું. પ્રભુએ અનેક લીલા કરી અદ્‌ભુત વન વિચરણ કર્યું. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ ચારે દિશામાં પદયાત્રા કરીને વિચરણ કર્યું. એ વિચરણ અદ્‌ભુત અને અદ્વિતીય છે. સારાય ભારતમાં કેમ વિચરણ કર્યું? એટલા માટે કે ભૂમિને મહાપ્રસાદીની કરીને એ ભૂમિ દ્વારા પોતાના દિવ્ય સંકલ્પ ચારે દિશામાં પ્રસરાવ્યા. ભારત ભૂમિના ચારે ખૂણા ઉપર અવકાશમાં ઊંચે જઈને જો કોઈ દૃષ્ટિ કરે તો સા....રા ય વિશ્વના જે દેશો છે તે એકી સાથે જોઈ શકે. ભગવાને એવી દૃષ્ટિ કરી કે સા...રી ભૂમિને પ્રસાદીની બનાવી દીધી. એ પ્રસાદીની ભૂમિમાં કોઈ જીવને બાકી રાખ્યો નથી. બધામાં એ દૃષ્ટિ પડતાં બીજબળ તો વવાઈ ગયું, પણ જેવી ભૂમિ ફળદ્રુપ હોય તેવી રીતે એ બીજબળ ઊગે. બહુ સારી ફળદ્રુપ ભૂમિ હોય તો જલદી બીજબળ ઊગે અને જો ફળદ્રુપ વધારે ન હોય તો એ બીજબળ અંદર પડ્યું રહે. વખત આવ્યે સંતપુરુષો દ્વારા જ્યારે ભગવાન એ બીજબળને વધારે બળવત્તર બનાવે અને પોતાની દિવ્ય વાણી કે પોતાની કૃપા વરસાવે એ રૂપી જે દિવ્ય ખાતર એ ચૈતન્યમાં પડે ત્યારે પાછું એ બીજબળ વધવા માંડે.

ઉત્ક્રાંતિની ક્રિયા કરવા માટે શ્રીજીમહારાજે ત્રણ પ્રક્રિયાઓ ઊભી કરી દીધીઃ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય. આ ત્રણ સ્થિતિ દ્વારા ઉત્ક્રાંતિ કરતાં કરતાં જીવને છેક પ્રભુના સુખમાં પહોંચાડી દે છે. મૂર્તિમાં પહોંચી ગયા એટલે આત્યંતિક પ્રલય થઈ ચૂક્યો આ વાણી -આત્યંતિક કલ્યાણની વાણી અત્યાર સુધી કોઈ જગ્યાએ કોઈ શાસ્ત્રમાં લખી છે?

## ૧૦૪

**અનાદિમુક્તનું પ્રાગટ્ય, જીવન અને તેમનું વિચરણ શેના માટે હોય છે? અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના દિવ્ય જીવન અને વિચરણ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ભગવાન સ્વામિનારાયણે પોતાના સંકલ્પથી જેમને આ બ્રહ્માંડમાં દૃષ્ટિગોચર કર્યા એવા પરમ પૂજ્ય બાપાશ્રીએ ભગવાન સ્વામિનારાયણનું કાર્ય કર્યું. સ્વામિનારાયણ ભગવાનનું કાર્ય એ કે શ્રીજીમહારાજની મૂર્તિમાં યેનકેન પ્રકારેણ જીવોને જોડી દેવા અને ભગવાનના સુખે સુખિયા કરવા. બાપાશ્રીએ એમના જીવન દ્વારા ધાર્મિક અને સામાજિક બંને કાર્યો કર્યાં. માત્ર સત્સંગી જ નહિ, પણ અન્યધર્મી તમામમાં એમણે પોતાના જીવનથી પરિવર્તન આણી દીધું.

જ્યારે બાપાશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે એમની સાથે સંતવૃંદ હતું. હરિભક્તો પણ ઝાંઝ વગાડી કીર્તન ગાતા ચાલતા હતા; પણ શી ખબર કેમ આખા ગામને ખબર પડી ગઈ કે એવા એક જ પુરુષ અત્યારે છે કે જે ભગવાનની દિવ્ય મૂર્તિમાં રમે છે, કિલ્લોલ કરે છે. ભગવાનના અન્ય બધા ભક્તો છે, ધર્મપરાયણ છે, અનન્યનિષ્ઠાવાળા છે, ઉચ્ચ સાધનદશાવાળા છે, પણ આ પુરુષની જોડ જોવા મળે એવું નથી. એ પુરુષ આવ્યા છે એવા સમાચાર સાંભળતા છાપરા ઉપર લોકો ચડી ગયા. સરસપુરની નજીકની સરસ્વતી વિદ્યાલય છે તેની અંદર જે બાળકો ભણતા હતા તેમને પણ છોડી મૂક્યા જોવા માટે. અને બધા જ બાપાશ્રીના દર્શન કરે, છાપરા ઉપરથી ફૂલની વૃષ્ટિ કરે, કુમકુમ નાખે અને કેટલાંક બાળકો કોર્ડન તોડીને અંદર ઘૂસી જાય ને કહે કે બાપા! ચાંદલો કરો! તો હાથમાં કંકુ રાખ્યું હોય તેનાથી બાપા ચાંદલો કરે. કંકુ ખૂટી ગયું. તો કેટલાક બાળકો આવે ને કહે કે કાંઈ નહિ ધૂળની ચપટીથી ધૂળનો ચાંદલો કરશો તો ય ચાલશે. બાપાશ્રીને તો કાંઈ ખબર નહિ. એ તો મહારાજની મૂર્તિની લક્ષસ્થિતિમાં હોય અને ધૂળનો ચાંદલો કરે ત્યાં કંકુનો ચાંદલો થઈ જાય! આ કોનો પ્રતાપ? ભગવાન સ્વામિનારાયણનો. આવા હતા ભગવાન સ્વામિનારાયણના અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી કે જેમનામાં સ્વામિનારાયણ ભગવાન પોતે પ્રકાશી રહ્યા હતા અને

આશીર્વાદ આપતા હતા. બાપાશ્રી તો મૂર્તિના સુખે સુખિયા હતા અને એ ભગવાનની મૂર્તિમાં સંલગ્ન રહેતા. એ આગળ ચાલતા જાય. સરસપુરથી કાળુપુર મંદિર આવતા દરમિયાન બેથી અઢી કલાક જેટલું ચાલ્યા. બાપાશ્રીને ગાડામાં બેસવા કહ્યું તો ય ન બેઠા. ગાડીમાં બેસવાનું કહ્યું તો ય ન બેઠા. એ તો પદયાત્રાથી ચાલવા લાગ્યા. અને ચાલતા ચાલતા એમનો દિવ્ય પ્રભાવ એવો કે લોકો જોઈ જ રહે. બધાને એમ થાય કે વાત તો સાચી છે કે આ પુરુષના દર્શન કરતાં અંતરમાં ટાઢું થઈ જાય. આ કંઈ થોડી વાત? ભગવાનના મુક્ત જેમાં સ્વામિનારાયણ ભગવાન પ્રકાશતા હોય ત્યારે એ ભગવાનની દિવ્યતા ચારેકોર પ્રસરી રહે એમાં શું નવાઈ? જો સૂર્યનો પ્રકાશ બધે પ્રસરતો હોય - સૂર્ય એક ભૌતિક પદાર્થ છે, ધગધગતો એક પ્રકાશિત ગોળો છે, તો પણ આખા વિશ્વ-આખી પૃથ્વીને પ્રકાશે છે - તો જેમાં ભગવાન સ્વામિનારાયણરૂપી દિવ્ય સૂર્ય પ્રકાશતો હોય એની દિવ્યતા સર્વત્ર પ્રસરી રહે એમાં શું નવાઈ? એ દિવ્યતા પ્રસરવામાં નાત્ય, જાત-કુજાત, નાના-મોટા એવું કાંઈ જોવાનો કોઈ સવાલ જ ક્યાં રહે? બધે એકલી દિવ્યતા પ્રસરી રહી હતી. આખું અમદાવાદ ધન્ય બની ગયું. આ એમનું દિવ્ય વિચરણ. ત્યારે એ દિવ્ય  વિચરણ દરમિયાન એમણે આંતરિક પરિવર્તન કરી નાખ્યું એના ઘણા દાખલા છે. એવી જ રીતે સામાજિક પરિવર્તન કર્યું કે પોતાના જીવન

દરમિયાન સ્વામિનારાયણ ભગવાનની પ્રણાલિકા અનુસાર એમણે બધાની રહેણીકરણી શુદ્ધ કરી. બધા મહારાજની પ્રણાલિકા મુજબ વર્તતા હતા, પણ જે કંઈ કચાશ હતી એ કચાશ બાપાશ્રીના દર્શન કરતાં નીકળી ગઈ. એવી રહેણીકરણી બતાવી. અને આંતરિક અને બાહ્ય રીતે પણ બધાને શુદ્ધ કરી મૂક્યા. કચ્છ પ્રદેશના આ હરિભક્તો અહીં બેઠા છે એ જાણે છે કે તેમની જો આર્થિક સ્થિતિ અને આંતરિક જબરજસ્ત પરિવર્તન કર્યું હોય તો કોણે કર્યું તે અહીં બેઠેલા વિદેશી મહાનુભાવોને પૂછો. અને પૂછો કે તમને વિદેશ કોણે મોકલ્યા? બાપાશ્રીએ મોકલ્યા. બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા તો અત્યારે તમે જુઓ છો કે એક ફૂટ અદ્ધર ચાલે એવા દિવ્ય પ્રભાવથી આ બધા હરિભક્તો ચાલે છે. એમને ભગવાન સ્વામિનારાયણનું બળ છે. અને એ બળ કોણે આપ્યું? પરમ પૂજ્ય જીવનપ્રાણ બાપાશ્રીએ આપ્યું. જીવનપ્રાણ કોને કહેવાય? કે જે અનાદિમુક્તમાં ભગવાન સ્વામિનારાયણ પ્રકાશે તે આપણા જીવનપ્રાણ. એનો અર્થ એ કે ભગવાન જીવનપ્રાણ. મહારાજ અને તેમના મુક્તો એ આપણા જીવનપ્રાણ. આપણો શ્વાસોશ્વાસ, આપણું આખું જીવન એ આ જીવનપ્રાણને આધારે ચાલે છે. મહારાજ અને મુક્તોના પ્રતાપે.

ત્યારે બાપાશ્રીએ જે સામાજિક, ધાર્મિક અને

આધ્યાત્મિક ઊર્ધ્વગમન કરીને લોકોને મહારાજની મૂર્તિના સુખે સુખિયા કરી સર્વોપરી પરમાત્મતત્ત્વમાં જોડી અને જે કામ કર્યું તે પગલે ચાલી અને આપણે એ કામ-એ સેવા બજાવવાની છે ભગવાન સ્વામિનારાયણની પ્રસન્નતા અર્થે.

## ૧૦૫

### અનાદિમુક્તની જન્મ જયંતી ઉજવવાનો શો મહિમા છે?

ભગવાનના મુક્તની સાર્ધ શતાબ્દી ઉજવવા માટેનો કોઈ ઉલ્લેખ નથી એમ છે જ નહિ. તે સમજ્યા વગરની વાત છે. મહારાજ તો એમ કહે છે કે મારી જન્મ-જયંતી તો સૌ કોઈ ઉજવે, પણ મારા અનાદિમુક્તોની જન્મ-જયંતી સૌ ઉજવે ત્યારે જ મારી ખરી મહાનતા ખબર પડે. ભગવાન પોતાના અનાદિમુક્તને શું કહે છે? સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે. કેટલું બધું કહી નાખે છે! તે શું બતાવે છે? પ્રસન્નતા બતાવે છે કે મારા મુક્ત મારું સર્વોપરી તત્ત્વજ્ઞાન સમજાવવા માટેના શ્રેષ્ઠ માધ્યમો છે. અને એ માધ્યમ દ્વારા એ પરમાત્મા છેવટે કામ કરે છે. કામ કરનાર ભગવાન સ્વામિનારાયણ જ છે. કર્તા એ છે, કરે છે એ, પણ પોતાના મુક્ત દ્વારા કરે છે. મુક્તોને પોતાનું દ્વાર બનાવે છે. ભગવાન સ્વામિનારાયણ એમ સૂચવે છે કે મારા મહાન અનાદિમુક્તો ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ

સ્વામી જેવા મહાન સંતોની જન્મ-જયંતી પ્રસંગે પણ આપણે આવા ઉત્સવો યોજવા જોઈએ કે જેમાં ભગવાન સ્વામિનારાયણની નરી પ્રસન્નતા વરસે છે. અને આપણે એવા મહાન અનાદિ મુક્તરાજ પરમપૂજ્ય બાપાશ્રીની જન્મ જયંતિ ઉજવીએ છીએ.

## ૧૦૬

**અનાદિમુક્તનો મહોત્સવ ઉજવવાનું મહત્ત્વ શું છે? અને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી મહોત્સવની દિવ્યતા અને મહત્ત્વ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું કહે છે?**

સાર્ધ શતાબ્દી મહોત્સવના આ દિવ્ય પ્રસંગે સ્વામિનારાયણ ભગવાન અને તેમના અનાદિ મુક્તરાજ બાપાશ્રીના આશીર્વાદ અને સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાવર્ષા સતત ચાલી રહી છે. આશીર્વાદ આપવા કે માગવાનો હવે કોઈ પ્રશ્ન જ રહેતો નથી. કૃપાવર્ષા ચાલુ ને ચાલુ જ છે. અત્યારે આ મહોત્સવ કેટલી સરળતાથી શીતળતા પાથરીને અને કોઈ પણ જાતના પ્રયાસ વગર ચાલી રહ્યો છે! It is running very smoothly. તમે જુઓ છો કે ખુશનુમા વાતાવરણ કેવું છવાઈ રહ્યું છે! ભગવાન સ્વામિનારાયણના અનાદિ મહામુક્તરાજના આ સાર્ધ શતાબ્દી મહોત્સવે આવું દિવ્ય વાતાવરણ થઈ રહ્યું છે.

ગામોગામથી સંતો પણ ખેંચાઈ આવ્યા. કોણે ખેંચ્યા? ભગવાન સ્વામિનારાયણે ખેંચ્યા. શા માટે? કે મારા મુક્તનો મહોત્સવ મારે ઉજવવો જોઈએ જીવોના સર્વોત્તમ ઉદ્ધારને માટે. તમે જોઈ શકો છો કે આટલા સંતો છે. બ્રહ્મનિષ્ઠ સંતો. એમની વાણી કેટલી સરસ હતી! તેમણે ખરેખર મને જે ખબર નહોતી તેવી માહિતી, તેવું બાપાશ્રીનું જીવનદર્શન આ સંતોએ કરાવ્યું. હું તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયો કે આ શું! આ ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ. પોતાના અનાદિ મુક્તરાજના આ સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉપર કેટલો રાજીપો! કેટલી કૃપાવર્ષા! ગામોગામથી બધાને પ્રેરણા થઈ ચૂકી, બધા આવી ગયા. પ્લેગ પણ એવો રોગ કે સંવત ૧૯૫૮ થી ૧૯૬૪ એમ છ વર્ષ સુધી પ્લેગ ભારતમાં ચાલ્યો હતો. એ એવો પ્લેગ કે ઘડીકમાં ઊંઘી જાય, ઘડીકમાં જાગે. તો મહોત્સવ પહેલાં સ્વામિનારાયણ ભગવાને જોયું કે જો આવો પ્લેગ મહોત્સવ પહેલાં જતો નહિ રહે તો સર્વોત્તમ ઉદ્ધારનું જે મારું કામ આ મહોત્સવ પ્રસંગે મારે કરવાનું છે એ રહી જશે. એટલે મહારાજે પ્લેગને રજા આપી દીધી અને વિશ્વની આરોગ્ય સંસ્થાએ જાહેર કર્યું કે ભારતમાં કોઈ પણ જગ્યાએ, કોઈ પણ ગામમાં પ્લેગનું નામ-નિશાન નથી રહ્યું એવી વર્તમાનપત્રમાં જાહેરાત કરી દીધી. અને બધા તૈયાર થઈ ગયા કે પ્લેગ ગયો... પ્લેગ ગયો. ત્યારે

ભગવાન સ્વામિનારાયણનો સંકલ્પ અને તેમના અનાદિ મહામુક્તરાજ દિવ્યસ્વરૂપ બાપાશ્રીનો મહોત્સવ. એમાં શું કહેવાનું હોય? અરે! કેટલો વરસાદ વરસ્યો! આવો વરસો પહેલાં થયેલો, પણ એ વરસાદે આ વરસાદ જેવું પરિણામ આણ્યું નહોતું. આ વરસાદે દુકાળ કાઢી મૂક્યો. ત્રણ વરસ સુધી દુકાળ ન થાય એટલું પાણી ભરી દીધું. ચારેકોર ગામોગામ કૂવા ઊભરાઈ ગયા હતા. પાતાળ સુધી બધા ભરાઈ ગયા. છેક સુધી. પૂછો આ ગામોગામથી પધારેલા હરિભક્તોની સાક્ષી. કે તમારા ગામમાં કૂવાઓ ભરાઈ નથી ગયા એવું બન્યું છે? પાણીથી છલકાય છે? તમારા ગામમાં ઓણ પાક પાક્યો છે અને તમે નિર્વિઘ્ને અહીં આવી પહોંચ્યા છો? ભગવાન સ્વામિનારાયણ આ મહોત્સવ ઉજવી રહ્યા છે. અને પોતાના સંત-હરિભક્તોને અહીં ખેંચી રહ્યા છે. હજી તો આ સભામંડપ ટૂંકો પડશે મને તો એવું લાગે છે. કારણ કે આ તો નવ દિવસનો પ્રોગ્રામ. અને કેટલા માઈલો સુધી કચ્છની સૂકી રણભૂમિ તેમાં આ રળિયામણો દેશ, રળિયામણી જગ્યા, નૈમિષારણ્યક્ષેત્રરૂપ જગ્યા. જુઓ તો ખરા બાપાશ્રીનો પ્રતાપ! આ પ્રતાપ કોનો? અરે! જેની મૂર્તિમાં સંત અખંડ સુખમાં રહ્યા તો આશીર્વાદ આપનારા ભગવાન પોતે જ થયાને? શું ખામી? ત્યારે ભગવાન કહે છે કે મારા મહોત્સવ કરતાં મારા મુક્તનો મહોત્સવ હું વધારે સારી રીતે ઉજવું. કારણ કે એણે

મને વશ કરી લીધા છે. ભગવાન એટલા રાજી છે. એટલા બધા રાજી કે સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે. આટલો બધો રાજીપો. એક રતીનોય ફેર નહિ. આ કંઈ થોડી વાત? બાપાશ્રીનું એક વચન છે કે ઉત્સવ-મહોત્સવ તો થયો પણ મહારાજની મૂર્તિ સામે નજર રહી ખરી? આ મહોત્સવની ફળશ્રુતિ એ કે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું સતત અનુસંધાન રહે. મૂર્તિમાં રહીને ક્રિયા થાય એવી રીતે આ મહોત્સવ માણીએ. તો જ આ મહોત્સવમાં આવ્યાની સાર્થકતા. અને ભગવાનના આશીર્વાદ તો વરસે જ છે પછી ક્યાં આપવાની કે માગવાની એવી કોઈ જરૂરિયાત? છતાં પણ આપણે ભગવાનની એક સેવક તરીકે એક પ્રાર્થના બધા કરીએ કે આવી ને આવી કૃપાવર્ષા મહાપથારી સુધી કરજો.

## ૧૦૭

**અનાદિમુક્તના મહોત્સવમાં (અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી મહોત્સવના સંદર્ભમાં) દિવ્ય અનુભવ અને પ્રાપ્તિ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ પોતાના પ્રસંગ દ્વારા શું સમજાવે છે?**

ગઈ કાલે હું અહીંથી પસાર થતો હતો ત્યાં એક સ્વયંસેવકભાઈ ઊભા હતા. એમને મેં પૂછ્યું કે તમે આટલા બધા આનંદમાં કેમ છો? તો કહે આ મહોત્સવનો આનંદ

આવે છે. મેં કહ્યું કેમ તમને આવો આનંદ આવે છે? એનું શું કારણ? એ કહે શી ખબર કેમ આ મહોત્સવમાં દિવ્યતા ભરી ન હોય! અને એ દિવ્યતા એવી છે કે મને મહારાજની મૂર્તિ સાંભર્યા કરે છે! વિચારીએ! કે જો એ ભાઈએ જેવું હતું તેવું એણે કહ્યું. તો જેના મહોત્સવથી આટલું બધું થતું હોય, તો એ પ્રત્યક્ષ બિરાજતા હશે ત્યારે કેટલી ભવ્ય દિવ્યતા મનુષ્યો અનુભવતા હશે! વિચાર કરીએ! પછી બીજા હરિભક્ત એક હતા. પ્રતિષ્ઠિત. એ મળ્યા. કેમ છો? મજામાં છો? તો કહે હા, મજામાં છું. આ મહોત્સવ તમને કેવો લાગ્યો? તો કહે મને તો ખૂબ ગમ્યો. કેમ ગમ્યો? શું કારણ? આ બધી વસ્તુઓ નવીન-નવીન દેખાય છે એટલા માટે ગમ્યો? તો કહે, ના રે ના. આવી વસ્તુઓથી હું અંજાયો નથી, પણ આ મહોત્સવમાં આવ્યા પછી મારા ઘાટ-સંકલ્પો બંધ થઈ ગયા! અને હું ઘાટ-સંકલ્પ કરું છું તો ય થતા નથી ને બધી શીતળતા જ લાગે છે, ઠંડક જ લાગે છે! મેં કહ્યું આનું શું કારણ તમને લાગે છે? તો કહે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો આ પ્રાગટ્ય મહોત્સવ છે.

તો સ્વામિનારાયણ ભગવાને આ ઉત્સવ કેટલો સરસ રીતે ઉજવ્યો! This festival is going on very smoothly! સરળતાથી ચાલ્યો જાય છેને? બધાને આનંદ પડે છે કે નહિ? હૈયામાં પૂછી જુઓ. જો ન પડતો હોત તો આટલી મેદની હોત ખરી? ત્યારે ભગવાન સ્વામિનારાયણ

પોતાના અનાદિમુક્ત ઉપર કેટલા રાજી હોય? સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે. કેવું કહી દીધું? કે મારી સંતમૂર્તિને વિષે જો આત્મબુદ્ધિ કરશો તો ય મારા દિવ્ય સુખને પામશો. એ ભગવાનના પ્રગટ મુક્ત અથવા તો જે થઈ ગયેલા બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા મુક્તોને મનોમન યાદ કરીને, સ્મૃતિ કરીને પ્રાર્થના કરીએ તો આપણને આપોઆપ અંતરજ્ઞાન થાય. પણ ભગવાન કે ભગવાનના મુક્તોનો અંતરવૃત્તિએ કે બીજી રીતે જોગ કર્યા વગર પાર આવશે નહિ. આપ સૌ અહીં પધાર્યા. આ બાપા તમને લાવ્યા. એ દિવ્ય આકર્ષણ એવું થયું કે તમને એમ થયું કે લાવો જઈ આવીએ. જાવું તો ખરું. કોઈને સગવડતા કરી દીધી, કોઈને કંઈ કરી દીધું. અને સૌને કહી દીધું કે આ મહોત્સવમાં આવશે એનો છેલ્લો જન્મ હું કરીશ એમ ભગવાન સ્વામિનારાયણ બોલે છે. એની સાક્ષી જ છેને? કે આટલી બધી મેદની અહીંયા આવી અને આ મહોત્સવ માણે છે. તો એ કોનો દિવ્ય પ્રભાવ? અનાદિ મુક્તરાજ અબજીબાપાનો. એ પ્રભાવમાં કોનો પ્રભાવ? ભગવાન સ્વામિનારાયણનો. અનંત અનાદિમુક્તો સેવકભાવે જે મૂર્તિના સુખમાં રહે છે એ સુખમાં ભગવાન સ્વામિનારાયણે આપણને રાખ્યા. અને મહારાજ ખરા ટાણે આવીને ઊભા રહેશે અને બધા આવરણો દૂર કરી અને અનાદિમુક્તની પંક્તિમાં રાખીને આપણને એ દિવ્ય

સુખનો અનુભવ કરાવશે.

## ૧૦૮

## શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તના મહોત્સવમાં શું ફરક હોય છે? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

મહારાજ સ્વામિનારાયણ ભગવાનનો મહોત્સવ અને એમના અનાદિમુક્તોનો મહોત્સવ એમાં કોઈ ફરક નથી. શા માટે કે એ મહોત્સવ અંતે તો શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો જ મહોત્સવ છે. અનાદિમુક્ત તો સુખમાં ગરકાવ થઈને રસબસ થઈને સુખ લીધા જ કરે છે. ત્યારે કરનારા કોણ? મહારાજ પોતે. પોતાના અનાદિમુક્તનો બ્રહ્મયજ્ઞ કોણ કરે છે? પોતે. હવે જો પોતે જ કર્તા હોય તો આશીર્વાદ પણ એ જ આપે છેને કે તમને મૂર્તિમાં રાખ્યા! તો ગોપાળાનંદ સ્વામીનો બ્રહ્મયજ્ઞ કરો તો પણ એવા આશીર્વાદ મળે, પર્વતભાઈનો બ્રહ્મયજ્ઞ કરો તો પણ મહારાજ એવા આશીર્વાદ આપે. એટલે એમ નહિ સમજવાનું કે કોઈ એક મુક્તનું છે. એને અજ્ઞાન કહેવાય. એ અજ્ઞાન આપણે ટાળી દેવું જોઈએ. ગમે તે મુક્તનો પ્રસંગ કોઈ ઉજવે, પણ એ મહારાજનો જ છે એમ સમજવાનું. એમાં ફરક નથી. આપણા વંશ-વારસો બીજા અનાદિમુક્તો પ્રગટ થાય એના જોગ-સમાગમમાં આવે તો

એ એનો મહિમા ગાય. પણ એનો મહિમા એટલે મહારાજનો મહિમા. અનાદિમુક્તનો મહિમા ને મહારાજનો મહિમા એમાં કંઈ ફરક ખરો? અનાદિમુક્તના ગુણગાનમાં મહારાજના ગુણગાન જ થાય છે. અરે ભાઈ! મુક્તની દૃષ્ટિ તો મહારાજ સમક્ષ છે. આ અનાદિમુક્તે કોઈ દિવસ પોતાનામાં જોડ્યા? મહારાજની મૂર્તિમાં જ સૌને જોડ્યા. પણ એ કામ કેમ કર્યું? તે સેવક હતા ભગવાન સ્વામિનારાયણના. ભગવાન તો અનંત મુક્તોના સ્વામી છે. અનંત સેવકરૂપ અનાદિમુક્તો એ મૂર્તિનું સુખ લે છે. અનંત અનાદિમુક્તને પોતાની હથેળીમાં ઉછાળે, અનંત અપાર અંતર સુધી મૂકે, પાછા લાવે એવી અનંત શક્તિ-સામર્થ્ય ધરાવનારા એ ભગવાન સ્વામિનારાયણ. પણ અનાદિમુક્તનો મહિમા ઓછો નહિ. સત્સંગ ઘણો કરીએ, પણ મહારાજના અનાદિમુક્ત મળ્યા વગર મહારાજની મૂર્તિરૂપી કામ ન થાય. આ હકીકત છે. ગમે તેટલાં પ્રસન્નતાનાં સાધન કરો, પણ મહારાજ કે મહારાજના અનાદિમુક્ત મળ્યા વગર મહારાજની મૂર્તિરૂપી ફળશ્રુતિ થવી બહુ જ કઠણ.

## ૧૦૯

**ભગવાન એમના અનાદિમુક્તના મહોત્સવમાં ખૂબ કૃપાવર્ષા કરે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું**

**સમજાવે છે?**

બાપાશ્રીના સાર્ધ શતાબ્દી મહોત્સવ વખતે મહારાજે આશીર્વાદ આપ્યા કે અહીં જે ઉપસ્થિત થયા છે એ બધાને હું અક્ષરધામમાં લઈ જઈશ. બરાબર? તો મહારાજે પોતાનું બિરદ તો વાપરવું પડે ને? એટલે જ્યારે ધામમાં લઈ જાય ત્યારે પોતે આવરણ રાખી અને એને જે જે દેવ-દેવતાઓ જોયા હોય એ બધાને દેખાડે કે જો આ રાંક છે મારી પાસે. તું રાંકમાં લઈ મંડ્યો હતો. જો હવે હું એ આવરણ દૂર કરી નાખું છું. એમ આવરણ દૂર કરીને પોતાનું દિવ્ય દર્શન કરાવે. કેટલું બધું કૃપાસાધ્યપણું! થયું કે નહિ? આવું કૃપાસાધ્યપણું ક્યારે વાપરે? કે આવા અનાદિમુક્તના મહોત્સવ હોય કે ભગવાન સ્વામિનારાયણનો પોતાનો મહોત્સવ હોય ત્યારે પ્રભુ આવું કૃપાસાધ્યપણું વાપરે છે. અને મને તો એમ લાગે છે કે મહારાજ પોતાના મહોત્સવ કરતાં પણ અનાદિમુક્તના મહોત્સવમાં વધુ કૃપાવર્ષા કરે છે. તથા એમ કહે છે કે મને તો સૌ પૂજ્યે, પણ મને પામવા માટે તો બધાય સારી રીતે મારા અનાદિમુક્તનો મહિમા સમજશે ત્યારે હું એને દિવ્ય સુખમાં લઈ જઈશ! આટલો બધો રાજીપો!

## ૧૧૦

**મહોત્સવમાં પધારેલા અને જેમને મહોત્સવમાં આવવાની ખૂબ ઈચ્છા હતી પણ કોઈ કારણવશ ન આવી શક્યા તે સર્વેને પૂજ્યશ્રી નારાયણભાઈએ કેવા આશીર્વાદ આપ્યા છે?**

અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીનો સાર્ધ શતાબ્દી મહોત્સવ જીવોના સર્વોત્તમ ઉદ્ધારને માટે મહારાજે પોતે આપણા સૌ દ્વારા ઉજવાવ્યો અને તે પ્રસંગે જે કોઈ સંતો, હરિભક્તો, ભાઈ-બહેનો અહીં પધાર્યા છે તે બધાયનો મહારાજ સ્વામિનારાયણ ભગવાન છેલ્લો જન્મ કરી, ખરી વેળાએ આવી અને ઊભા રહી પોતાની મૂર્તિના સુખમાં ઝીલાવશે. જય સ્વામિનારાયણ! બાપાશ્રીની જય! ભગવાન સ્વામિનારાયણની જય!

## ૧૧૧

**શ્રીજીમહારાજ અને એમના અનાદિમુક્તો અવાર નવાર દિવ્ય બ્રહ્મયજ્ઞો- મહોત્સવોનું આયોજન શા માટે કરતા હોય છે?**

દિવ્ય સુખને પમાડે તે ઉત્સવ કૃપા-અમૃતોત્સવ. એ ઉત્સવ ક્યારે દિવ્ય આનંદને પમાડે? કે જ્યારે એના ઉપર ભગવાન સ્વામિનારાયણની કૃપાવર્ષા થાય. ભગવાન એ કૃપાવર્ષા ક્યારે કરે? આવી દિવ્ય સભા એમના દિવ્ય સાન્નિધ્યમાં પોતાના સંકલ્પથી એકત્રિત કરે ત્યારે એ

કૃપાવર્ષા થાય. કૃપાવર્ષા તો સમગ્ર વિશ્વ ઉપર વરસી રહી છે. ભગવાન સ્વામિનારાયણ એ કૃપાસાગર છે, એમાંથી તો કૃપા વરસ્યા જ કરે છે, પણ લોકોને એનો અનુભવ- એનો સ્પર્શ થતો નથી. શા માટે? એ પાત્ર નથી. ત્યારે આવી દિવ્ય સભામાં એ કૃપાવર્ષાનો આપણને અનુભવ થાય છે- સીધી રીતે કે આડકતરી રીતે. એ માટે ભગવાન સ્વામિનારાયણ કંઈ ને કંઈ નિમિત્ત ઊભું કરીને આવી દિવ્ય સભાઓ- બ્રહ્મયજ્ઞો સમગ્ર સત્સંગમાં યોજાવે છે. એ એટલા જ માટે યોજાવે છે કે ગમે તેમ કરીને આપણને પાત્ર બનાવીને પોતાના સુખમાં રાખી દેવા છે. આ એમનો ધ્યેય છે. ભગવાન ને ભગવાનના મુક્તને બીજો કોઈ આશય નથી. ભગવાનની મૂર્તિનું સુખ પરબાર્યું મળતું નથી. ભગવાનને પામેલા મુક્તો દ્વારા જ એ સુખ મળે છે, એ સિવાય કોટી સાધને પણ મળે નહિ. એવા આ સ્વયં શ્રીજીમહારાજના શબ્દો છે.

## ૧૧૨

### શ્રીજીમહારાજે પોતાના સંકલ્પ સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના સાર્ધ શતાબ્દી મહોત્સવને નિમિત્તે સારાય જગતને કેવી પ્રતીતિ કરાવી?

ભારતે કેટલાં વર્ષ દુકાળ ભોગવ્યો? પરંતુ તમે જોઈ શકો છો કે આ વર્ષે એટલો અનહદ વરસાદ વરસાવ્યો કે હવે

બે-ત્રણ વર્ષ સુધી પણ દુકાળની ભીતિ નહિ રહે એટલું પાણી વરસાવ્યું. તે અમુક જ ભાગમાં નહિ, પણ સર્વત્ર સમસ્ત ભારત ઉપર વરસાવી બધાને ભીના કરી મૂક્યા; તે માત્ર વરસાદથી ભીના નહિ, પણ બ્રહ્મભીના પણ કરી દીધા.

પ્લેગ આવ્યો, શું કામ આવ્યો? કે ભારત ગંદુ હતું. એ ગંદકી દૂર કરવાને માટે પ્લેગ મૂક્યો, એ સિવાય કોઈ રસ્તો જ નહિ. અને ગામો ગામ બધાય ગંદકી ઉપાડવા માંડ્યા, દરેકે પ્લેગની બીકને લીધે પોતાના ઘર સ્વચ્છ કરી નાખ્યા. અને જેવું વાતાવરણ શુદ્ધ થયું કે તરત જ પ્લેગ જતો રહ્યો. જુઓ, કેટલી ઝડપથી જતો રહ્યો? આ મહોત્સવ આવ્યા પહેલાં જતો રહ્યો? બધા વિચાર કરતા હતા કે આ પ્લેગને લીધે મહોત્સવમાં કેવી રીતે જઈશું? મને કોઈએ પૂછ્યું કે તમે જશો? મેં કીધું હા, હું તો પહેલો જઈશ, અને જે કોઈ અહીં આવશે એને શ્રીજીમહારાજ પ્લેગ નહિ થવા દે અને આ લાભ ચૂકવો નહિ. ત્યાર પછી જુઓ અત્યારે કચ્છમાં માખીઓ અને મચ્છરનો ત્રાસ હોય, તો અત્યારે અહીં માખી-મચ્છર એકેય જોવા મળે છે? એ માખી મચ્છર ક્યાં ગયા? અહીં ક્યાં દવાઓ છાંટી છે? આ મહોત્સવને લીધે બાપાએ આવડા મોટા આખાય જગતને પ્રતીતિ કરાવવા એવું કર્યું.

## ૧૧૩

### શ્રીજીમહારાજની આજ્ઞા પાલન વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

બાપાશ્રી અને શ્રીજીમહારાજની આજ્ઞાઓમાં રહેવું. આજ્ઞાઓ તો સહેજે પાળવી પડે. એ પાળીએ તો જ આનંદ આવે. આજ્ઞા ન પાળીએ તો જીવાય જ ક્યાંથી? એ તો જીવનનું અંગ છે. એના વગર તો ચાલે જ નહિ. એ તો રોજ સુખરૂપ વાનગી જમવા જેવું છે. એવો આજ્ઞા પાળવામાં આનંદ છે. બાપા કહે છે, આજ્ઞાઓનું પાલન એ તો સાંસા ગોટીલા કરવા જેવું છે. (છોકરાએ મહારાજને પપૈયું ધરાવ્યું હતું એ વાતના સંદર્ભમાં) પપૈયું અર્પણ કરેને એ પપૈયાનું ફળ એટલું છે. માટે મહારાજની આજ્ઞાનું પાલન કરીએ. આજ્ઞાનું પાલન કરીએ તો મહારાજ પોતે પણ કરાવે.

## ૧૧૪

### શ્રીજીમહારાજની આજ્ઞાની હદ ક્યાં સુધી?

શ્રીજીમહારાજ કહે, મારી આજ્ઞાની હદ મૂર્તિ ભૂલાય નહિ ત્યાં સુધી. મૂર્તિ ભૂલાય ત્યાં સુધી આજ્ઞા લોપી કહેવાય.

## ૧૧૫

**ભગવાનની આજ્ઞા પાળવી સહેલી છે કે અઘરી?**

આપણે મહારાજના મુક્તોએ મહારાજની આજ્ઞાઓ બરોબર પાળવી. એ એવી સહેલી છે કે જેમાં કાંઈ મહેનત પડે એવું નથી. એક આજ્ઞા તો બતાવો જેમાં કાંઈ મહેનત પડે? બધું આપણા હાથમાં છે. એક ગોળ મોટો પથ્થર હોય મોટી બધી શીલા, એ આપણે ઊંચકી શકીએ? ન ઊંચકી શકીએ. એ શક્ય નથી. પરંતુ ક્રોધ ન કરવો એ આપણા હાથમાં. ખરું કે નહિ? નથી કરવો. ક્રોધ કરીએ છીએ માટે ક્રોધ થાય છે. હવે જુઓ બહારનું ન ખાવું હાથની વાત. નથી ખાવું. ચોરી ન કરવી તો હાથની વાત નહિ? એમાં ક્યાં પચીસ મણનો પથ્થર ઉપાડવાનો હતો? કોઈ જાતની ચોરી નથી કરવી બસ. ગૃહસ્થાશ્રમીને ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળવાનો અને ત્યાગીને ત્યાગીનો ધર્મ, નિષ્કામ વ્રત પાળવાના એમાં ક્યાં મહેનત છે?

## ૧૧૬

**સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની સર્વોપરી ઉપાસના કેવી રીતે પ્રવર્તાવી છે? અને પરિપક્વ ઉપાસના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

મહારાજ પ્રગટ થયા ત્યારે વેદ ઉપર પણ સર્વોપરી વેદ એ વચનામૃત ગ્રંથ રચ્યો અને વચનામૃતમાં પોતાની સર્વોપરી ઉપાસના સમજાવી. એ સર્વોપરી ઉપાસનામાં બધા જ અવતારો દ્વારા જે-જે ચરિત્રો કર્યાં એ ભગવાન સ્વામિનારાયણે કર્યાં એ વાત બરાબર. એ ચરિત્રો આપણામાં ધર્મ અને ભક્તિ ઉદય થાય એ અર્થે હતા. પણ આત્યંતિક મોક્ષ માર્ગ બાકી રહ્યો હતો. હવે આત્યંતિક મોક્ષ કરવાને માટે ભગવાન સ્વામિનારાયણના ચરિત્રોનું જ સ્મરણ થાય. ભગવાન સ્વામિનારાયણના વખતમાં પણ ઘણા વખત સુધી જુદા-જુદા અવતારોનું નામ લઈને બધા ભજન કરતા હતા. ત્યાર પછી ભગવાનને એમ થયું કે જ્યારે પોતે સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ ભગવાન પોતે પ્રગટ થયા છે, ત્યારે હું જો એવો ભગવાન પ્રગટ થયો છું તો જો હું બધાને નહિ કહું તો એમને નહિ સમજાય. મારી ગતિને પામવાને માટે બધા સમજી શકશે નહિ. ત્યારે પોતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, કે હવે તમારે બીજા કોઈ નામ લઈને ભજન કરવાની જરૂર નથી. જેમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું બધા ધર્મનો ત્યાગ કરીને મારા શરણે આવ. જ્યાં સુધી એ અવતાર પ્રગટ રહ્યો, ત્યાં સુધી પોતે એમ કર્યું એ વાત બરાબર છે. એમ જ્યારે પોતે અવતારી ભગવાન પ્રગટ થયા ત્યારે પોતે એમ કહ્યું કે બધા જ નામોનો સમાવેશ મારા નામ, મારા મંત્રમાં થઈ જાય છે. માટે આજથી તમે હવે કોઈ

નામનું ભજન કરવું રહેવા દઈને મારા જ નામનું ભજન કરો. જ શબ્દ વાપર્યો. મારા જ નામનું ભજન કરો. મારું જ ભજન કરો. મારું જ ચિંતન કરો. મારું જ સ્મરણ કરો. મારું જ ધ્યાન કરો. મારી જ ઉપાસના કરો. મારું જ કીર્તન કરો. અને મારી જ માળા ફેરવો. બધું જ મારી મૂર્તિને ધારીને કરો. હું તમને સર્વ દોષોથી રહિત કરીને, બધામાંથી મુક્ત કરીને, હું મારા સર્વોપરી દિવ્ય સુખને પમાડીશ. આ ભગવાન સ્વામિનારાયણના શબ્દો છે. બધા જ અવતારોને પોતાનામાં લીન કરી દેખાડીને કહ્યું, કોઈ અવતાર મારા સ્વરૂપને લીન કરી શકતા નથી, પણ હું બધા સ્વરૂપોને લીન કરી નાખું છું. ભગવાન કહે છે કે મૂળપુરુષ શ્રીકૃષ્ણ ભગવાનને લઈને તો વ્યાસજીને પણ ભગવાન કહેવામાં આવ્યા. બાપાએ સર્વોપરી ઉપાસનાનો ઝંડો બરાબર ફરકાવ્યો. કે ભગવાન સ્વામિનારાયણ મૂળપુરુષની ભૂમિકાથી અતિ પર છે. એ એમણે જોઈને સ્પષ્ટ કરી દીધુ. આ સર્વોપરી ઉપાસના ભગવાને કહી. બધા અવતારો દ્વારા થયેલા ચરિત્રોનું હવે મનન કરવાની જરૂર રહેતી નથી. ભગવાન સ્વામિનારાયણના આ શબ્દો ઉપરાંત એનું ચિંતન મનન કરવું. દર્શન, કથા બધું જ કરીએ, પણ ચિંતન-મનન-નિદિધ્યાસ એક સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું. બધા જ ચરિત્રો લીન કરી દેવા. આનું નામ સર્વોપરી ઉપાસના. જ્યાં સુધી બધા ચરિત્રો લીન ન થાય, ત્યાં સુધી

એક ઉપાસના પરિપક્વ નથી. અને ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજી કોઈ પણ જાતનું ચિંતન થાય ત્યાં સુધી સર્વોપરી ઉપાસના એ માત્ર શબ્દોમાં છે. ત્યારે ઉપાસના બરાબર સિદ્ધ થઈ ત્યારે જ કહેવાય, જ્યારે ભગવાન સ્વામિનારાયણમય બની જાય.

## ૧૧૭

**પંચવર્તમાન પાળતો હોય પણ ઉપાસનામાં કચાશ હોય તો તેની શી ગતિ થાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

બાપાએ પોતે કહ્યું છે કે ભગવાન સ્વામિનારાયણ જે બ્રહ્માંડમાં પ્રગટ હોય અને અનાદિમુક્ત વિચરતા હોય તે જોગમાં એને મૂકે અને એના લીધે એનું અજ્ઞાન ટળી અને ઉપાસના પરિપક્વ થઈને ભગવાનના સુખમાં પહોંચે.

## ૧૧૮

**ભારતીય સંસ્કૃતિના અર્થ વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

આપણે જીવન ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવવું જોઈએ. વાત તો બરોબર છે. પણ જેવો ભગવાન સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિનો અર્થ કર્યો છે એ

સમજતા થોડો વધુ સમય લાગશે. ભારતીય સંસ્કૃતિ એટલે સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે મહાભારત, રામાયણ, વેદ અને અવતારો તેમણે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે જીવવું. એ વાત બરાબર છે. પરંતુ તે પ્રમાણે જીવવા માટે ઘણા બધા સાધન કરવા પડે. ત્યારે ભગવાન સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિનો અર્થ એ કર્યો કે ભારતમાં પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી પરમાત્મા પ્રગટ થાય છે ત્યારથી ભારતીય સંસ્કૃતિ શરૂ થાય છે. એ ભારતીય સંસ્કૃતિ શું કે ભગવાનના સ્વરૂપમાં જોડાવારૂપ સેવા કરતા આવડે તે પરાકાષ્ઠારૂપ ભારતીય સંસ્કૃતિ. જેને આ સંસ્કૃતિ સમજાય તેને સાચું જીવન જીવતાં આવડ્યું કહેવાય. તો આખા વિશ્વના મનુષ્યોએ ભગવાન સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિની કરેલી આ વ્યાખ્યા પ્રમાણે જીવવું જોઈએ. મહારાજની ભારતીય સંસ્કૃતિ એમની શિક્ષાપત્રી અને વચનામૃત આ બેમાં સમાઈ જાય. આ બે સમજવા માટે મહાન તત્ત્વચિંતક કૃષ્ણમૂર્તિના એક હજાર માથા ભેગા થાય તો ય સમજાય એવું નથી. એટલી બધી ગહન વાત એ બેમાં છે. સરળમાં સરળ અને કઠિનમાં કઠિન. ત્યારે આવું કઠિન આદર્શ તત્ત્વજ્ઞાન શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા બહુ સરળ ભાષામાં સમજાવી દીધું. ગોપાળાનંદ સ્વામીએ પણ સમજાવ્યું છે.

## ૧૧૯

## વિશ્વ બંધુત્વની ભાવના કેવી રીતે કેળવાય? અને દિવ્યભાવમાં વર્તવું એટલે શું? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

અત્યારે જગતમાં એવું કહેવાય છે કે International understanding એટલે આંતરરાષ્ટ્રિય સમજણ એટલે કે વિશ્વબંધુત્વની ભાવના કેળવવી. એ બરાબર છે. અરે! એ વિશ્વબંધુત્વની ભાવના ઘરમાં-કુટુંબમાં છે ખરી? ભાઈઓ-ભાઈઓ વચ્ચે બને નહિ, સાસુ-વહુને બને નહિ. તો આ કંઈ વિશ્વબંધુત્વની ભાવના કહેવાય? પણ જો દિવ્યભાવ કેળવીએ તો વિશ્વબંધુત્વની ભાવના આપોઆપ કેળવાઈ જાય. જો સારા ય સત્સંગ વિશે અથવા ક્યાંય પણ જો કોઈ ચૈતન્યને વિશે મનુષ્યભાવ ન આવે તો એ જીતી ગયો. માટે મહારાજે કહ્યું કે દિવ્યભાવમાં વર્તવું. દિવ્યભાવમાં વર્તવું એટલે? કોઈના પ્રત્યે તિરસ્કાર ન થાય, વેરબુદ્ધિ ન થાય, ઈર્ષ્યા ન થાય, દ્વેષ ન થાય અને એકસરખો પ્રેમ રહે એનું નામ દિવ્યભાવ.

## ૧૨૦

## સ્વામિનારાયણ ધર્મ એ વિશ્વ ધર્મ છે તે વિશે પૂજ્યશ્રી

## નારાયણભાઈ શું સમજાવે છે?

આ વિશ્વમાં સંપ્રદાયો ઘણા છે, પરંતુ એ સંપ્રદાયોમાંનો આ એક સંપ્રદાય નથી. આ તો વિશ્વધર્મ છે કે જેની અંદર બધા જ સંપ્રદાયોનો સમાવેશ થઈ જાય છે. અન્ય બધા જ સંપ્રદાયો તો અપૂર્ણ જેવા છે. વિશ્વધર્મ એનું નામ કે જે સર્વમાન્ય હોય. ભગવાન જુદા જુદા વાદો અને સંપ્રદાયોથી જગતને સર્વમાન્ય થાય એવા છે જ નહિ. અલબત્ત, જુદા જુદા સંપ્રદાયોના સ્થાપકોને આધ્યાત્મિક રીતે સારા એવા અનુભવો થયા છે, પરંતુ તે અનુભવો અપૂર્ણ છે. અને હજી પણ જેમણે જેમણે એ સંપ્રદાયો સ્થાપ્યા છે તેમના પ્રણેતાઓ પણ ફરીથી પૃથ્વી ઉપર પ્રગટ થઈને ભગવાન સ્વામિનારાયણને ઓળખશે ત્યારે જ પૂર્ણતાનો એવો વાદ એ સમજી શકશે. આ પૂર્ણવાદ છે. બાકીના બધા અપૂર્ણવાદ છે એ સત્ય ઘટના છે. આપણા કોઈ પણ સંતોએ કે હરિભક્તોએ કદી પણ આ સંપ્રદાયને બધા સંપ્રદાયોમાંનો એક નહિ સમજવો જોઈએ. ભલે વિશ્વનો ગમે તે દેશ હોય, પણ તે સ્વામિનારાયણ ભગવાનના આદર્શો સર્વ રીતે સ્વીકારશે. પણ આપણને એ આદર્શો જગત પાસે મૂકવાની આવડત આવી નથી. ભગવાન સ્વામિનારાયણનું સ્મરણ કરીને એવી આવડત કેળવીએ કે કોઈ પણ દેશનો કોઈ પણ માનવી હોય એને આપણે વૈજ્ઞાનિક રીતે સમજાવી અને ગળે ઊતારી શકીએ કે

આ આદર્શો સમગ્ર માનવકુળને માટે છે કે નહિ તે કહો. તેઓએ હા જ પાડવી પડશે. એક સમય એવો આવશે કે સ્વામિનારાયણ ભગવાનના મહાન સમર્થ સંતો-મહાન અનાદિમુક્તો- પૃથ્વી ઉપર પ્રગટ થશે અને એ ભગવાનના મહાન સંતો એમ સમજાવશે કે સર્વોપરી પરમાત્મા એ શું છે, એ કઈ દિવ્યતા છે, એ કઈ દિવ્ય વિભૂતિ છે. એ કેવી દિવ્ય વસ્તુ છે એ હજી જગત સમજી શક્યું નથી, માટે આ ભગવાનનો વિશ્વધર્મ છે તે જોઈએ તેવો પ્રચાર પામ્યો નથી. એમાં આપણો પણ વાંક છે. આપણે ખૂબ ફાળો આપવો જોઈએ. અને ફરીથી એકવાર કહું છું કે આપણો સંપ્રદાય એ સંપ્રદાય નથી. દરેક સંપ્રદાયનો એ વિશ્વધર્મ છે.

ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતાના મુખ્ય પ્રણેતા અબજીબાપાશ્રી જ છે. એમાં કોઈ અન્ય વિકલ્પ મને જણાતો નથી. અને બાપાશ્રીએ માત્ર સત્સંગ ઉપર નહિ, પણ સમગ્ર માનવકુળ ઉપર ઉપકાર કર્યો છે. બાપાશ્રી દ્વારા ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા સત્સંગમાં પણ ગાજતી થઈ ગઈ. અત્યાર સુધી તો લોકો સ્વામિનારાયણ ભગવાનને અન્ય અવતારો સાથે ગણતા હતા. ક્યાં અવતાર ને ક્યાં અવતારી એવા સ્વામિનારાયણ ભગવાન! વિચારીએ તો ખરા! એમાંથી એ બધા જ અવતારો પ્રગટ થયા અને એ અવતારોએ પણ આ પૂર્ણતાને પામવાનું છે. ત્યારે એ ભગવાન સ્વામિનારાયણના આપણે મહાન

હરિભક્તો ને સંતોએ આપણા ધર્મને વિશ્વ-ધર્મ બનાવવો જોઈએ. વિશ્વ-ધર્મ એટલે બધાને માટે. એ બધા માટે ખુલ્લો. કોઈ પણ પાળી શકે. તેમાં હરિજન ન પાળી શકે કે મોચી ન પાળી શકે કે વૈશ્ય ન પાળી શકે એવું છે જ નહિ. બધા જ માટે છે.

## ૧૨૧

## ૫૦ ટકા વર્તમાન પાળે તો પણ એને સ્વામિનારાયણનો કહી શકાય? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

દારૂ, માટી, ચોરી, અવેરી અને વટલવું નહિ અને વટલાવવું નહિ. આ ભગવાનના પંચશીલ કીધા. આ પંચ વર્તમાન આખા બ્રહ્માંડમાં જો પાળે તો જગતમાં કોઈ પોલીસ કે કાંઈ રાખવી જ ન પડે. બધો ખર્ચ બચી જાય. બધા મોટરમાં ફરે તો ય વાંધો ન આવે. લહેર કરે લહેર, આ પંચ વર્તમાન આખા જગતને લાગુ પડે છે. માટે આ વિશ્વધર્મ છે. આ પંચ વર્તમાન પાળે તો જગતમાં એકેય જગ્યાએ દુ:ખ ન રહે. ભગવાન સ્વામિનારાયણ વરદાન આપે છે કે, મારા આ પંચ વર્તમાન પાળે તો આખા જગતમાં દુ:ખ ન આવે. રહે ખરું? માટે આ વિશ્વધર્મ છે નહિ કે મારો. દરેક જણ પાળી શકે. અમુક જણ જ પાળે એવું નથી. કોઈ પણ આ પાંચ વસ્તુ પાળે એ

સ્વામિનારાયણ ભગવાનનો. અરે! કોઈ પણ ૫૦ ટકા પણ પંચ વર્તમાન પાળેને તો પણ તે ૫૦ ટકા સ્વામિનારાયણ કહેવાય. ત્યારે સ્વામિનારાયણના કહેવા માટે તો આખું વિશ્વ લાયક છે. વિશ્વને આ વાત સમજાવવી જોઈએ. કે ભાઈ, મનુષ્ય તરીકે જન્મેલા કોઈ પણ મનુષ્યને સ્વામિનારાયણના બન્યા વગર ચાલવાનું નથી.

## ૧૨૨

### સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે કયા ધર્મની સ્થાપના કરી છે? તે ધર્મ કેવો છે? અને તે ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય શ્રીજીમહારાજે કેવી રીતે કર્યું છે?

શ્રીજીમહારાજે કૃપા કરીને વચનામૃતમાં જણાવ્યું કે અમે સ્થાપેલ એકાંતિક ધર્મ તથા અમે બતાવેલ આત્યંતિક કલ્યાણનો માર્ગ આ બ્રહ્માંડમાં સર્વજનોનો હિત કરનારો છે. શા માટે? એ માર્ગ સર્વ ધર્મોના સારરૂપ છે. એમાં વિશાળ ઔદાર્ય સાથે સમન્વય કરેલો છે. શ્રીજીમહારાજ કહે છે કે અમે સ્થાપેલ ધર્મ એ સંકુચિત નથી, થોડા મનુષ્યોને માટે નથી, પરંતુ સર્વ મનુષ્યોને અનુસરવા યોગ્ય એવો ધર્મ છે. આવો ધર્મ જો વિશ્વમાં બધે પ્રસરે તો સર્વ જનોનું કલ્યાણ થાય. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે શા માટે માત્ર ગુજરાત અને ભારતનો થોડો વિભાગ પસંદ કર્યો? વિશ્વના બીજા દેશોને કેમ એ વખતે

બાદ રાખ્યા? ભગવાન જાણતા હતા કે જો હું સારાય વિશ્વમાં આ તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવાની ઉતાવળ કરીશ તો સર્વ મનુષ્યો સમજી શકશે નહિ. એના કરતાં થોડો વિસ્તાર પસંદ કરીને આ તત્ત્વજ્ઞાન પચાવી શકે, આ માર્ગનો પ્રચાર કરી શકે, ફેલાવી શકે એવા મહાન સંતો અને મુક્તોને તૈયાર કરું. શ્રીહરિજીએ આ કામ બરાબર કર્યું અને પછી અંતર્ધાન થયા. શ્રીહરિજીએ મુક્તાનંદ સ્વામી આદિક મહાન સંતો દ્વારા આ સર્વોપરી તત્ત્વજ્ઞાનનું વિવેચન કરતા ગ્રંથો રચાવ્યા. પોતે પણ મહાગ્રંથ વચનામૃત રચ્યું.

## ૧૨૩

### કાર્ય સત્સંગ એટલે શું?

જ્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિકની વાતો થતી હોય અને મહારાજની મૂર્તિનું મુખ્યપણું ન આવે તો એટલી ખામી કહેવાય. સત્સંગ ખરો, પણ મહારાજની મૂર્તિની વાતો અંદર ના આવે તો તે કાર્ય સત્સંગ થઈ જાય. બરાબર? કાર્ય સત્સંગમાં બહારથી આનંદ ખૂબ આવે; પણ એ કાર્ય ચાલતું હોય ત્યાં સુધી આનંદ આવે. પણ કાર્ય પૂરું થાય પછી એનો આનંદ રહેતો નથી. ક્ષણજીવી હોય એ આનંદ.

# ૧૨૪

## કારણ સત્સંગ એટલે શું?

કારણ સત્સંગ એટલે મહારાજની મૂર્તિમાં રહીને કાર્ય કરવાનો સત્સંગ. બરાબર? એનું નામ કારણ સત્સંગ. કોઈ કહેશે કારણ સત્સંગ એટલે શું? કારણ એટલે મૂર્તિ. જે સત્સંગ કરતાં મહારાજની મૂર્તિ હાથ આવે તેનું નામ કારણ સત્સંગ. કોઈ પૂછે કે કારણ સત્સંગ અને કાર્ય સત્સંગ એ શું છે? તો આ એનો એક જ વાતમાં જવાબ. બરાબર? એ રીતે બધાયને મૂર્તિ સાથે જોડો. મૂર્તિ સાથે જોડાશે એટલે એવો આનંદ આવશેને! કાર્ય પણ સારું થશે. મૂર્તિ સાથે જોડાઈને કાર્ય કરીએ તો કાર્ય બહુ સરસ થાય. અભ્યાસે ય સારો થાય. હોશિયારે ય થવાય. બધું જ્ઞાન સ્વયં પ્રગટે. બરાબર?

# ૧૨૫

## કારણ સત્સંગ ખૂબ વધારવા માટે અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી શું સમજાવે છે?

બાપાએ કહ્યું કોઈને તુંકારો કરીને બોલાવવો નહિ. બધાએ એક થઈને રહેવાનું. નાની મોટી વસ્તુ બહુ નહિ જોવાની. બરોબર! અને બધાએ સાથે મળીને કામ કરવાનું. શબ્દો અને વાણી તો એવી વાપરવી કે અંદર જીવમાં

ઊતરી જાય અને બાપા વિશે એમને સદ્‌ભાવ પણ થઈ જાય. તો આવી એકતા રાખી બાપાનો કારણસત્સંગ ખૂબ વધારવો. કાર્યસત્સંગ તો ખૂબ વધ્યો છે, કારણસત્સંગ વધતા વાર લાગે છે. પીએચ.ડી. થતાં તો વાર લાગેને! બાળપોથી, એકડીયા, પ્રાથમિક શિક્ષણ એ બધું વધારે પ્રમાણમાં હોય એ સ્વાભાવિક છે, પણ આ કારણસત્સંગ. કારણ એટલે મૂર્તિ. મૂર્તિનો આ સંબંધ ઓળખાવવો સહેલો છે? કારણસત્સંગ વધતા થોડી વાર લાગે છે, પણ એની મર્યાદા નહિ રહે, વધતો જ જશે, ઘટતો નહિ રહે. કારણ કે ભગવાને કૃપા વરસાવવા (રહસ્યાર્થ વચનામૃત) બનાવ્યું છે, તો કૃપા તો કોઈ દહાડો ઘટે ખરી? ધીમે - ધીમે - ધીમે બહુ જ મક્કમતાથી (કારણ સત્સંગ) વધતો જશે. બળ રાખવું. કોઈ દિવસ કોઈની શેહમાં દબાવું નહિ. અનાદિમુક્તની સ્થિતિ સામે કોઈ ટકી શકતા જ નથી. કારણ કે એ સત્ય છે.

## ૧૨૬

### કારણ સત્સંગમાં એકબીજા પ્રત્યે સુમેળ-સંપ-એકતા રાખવા વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ આપણને તેમના સર્વોપરી દિવ્યસ્વરૂપમાં મૂકી દીધા એ કંઈ થોડી વાત? તેનું અનુસંધાન કેમ ભુલાય? દેહનું અનુસંધાન જો ભુલાતું નથી

તો મૂર્તિનું અનુસંધાન કેમ ભુલાય? મૂર્તિ ભુલીએ તો આપણું અપમૃત્શું થયું કહેવાય. એવા પુરુષ આપણને મળ્યા ત્યારે આપણે એમ વાતો કરીએ કે આપણા વચ્ચે કાંઈ એકબીજામાં મેળ નથી, એકબીજામાં જોઈએ એવો સંપ નથી, અવગુણ લેવાની થોડી-ઘણી પ્રકૃત્તિ છે. આવી વાતો સાંભળવી એ ખરેખર આપણને બધાયને ખૂબ જ દુઃખરૂપ થાય. એ તો ન જ જોઈએને?

જો કોઈ પણ વસ્તુ એવી જોવા મળે કે સુમેળ નથી કે એકતા નથી તો એનો અર્થ એવો થાય કે મૂર્તિમાં રાખ્યા છે એ વચન એમણે અદ્ધરથી ઝીલ્યું નથી. એ ન દેખાવું જોઈએ. એની જરૂર ક્યાં? એટલે એ વાત તો જીવમાંથી તદ્દન કાઢી નાંખીએ. ભગવાન મળ્યા એનું જ અનુસંધાન રાખીએ.

મહારાજના અનાદિમુક્તનું જીવન સારાય માનવકુળને ઉપયોગી છે. તો સારુંય માનવકુળ બાપાશ્રીને જેમ છે તેમ ઓળખે, એમના જીવનને જાણે, ચારેકોર સત્સંગમાં તેમ જ વિશ્વમાં એમના દિવ્ય જીવનની જાણકારી થાય એવો પ્રસંગ યોજવો જોઈએને? એવો ત્યારે જ યોજાય કે જ્યારે આપણે બધા આપણને મૂર્તિમાં રાખ્યા છે એવી એકતા પરસ્પર અવરભાવમાં પણ દેખાઈ આવે, ત્યારે અવરભાવ અને પરભાવની એકતા છે એમ જણાઈ આવે અને જોનારને એમ લાગે કે આ વ્યક્તિ બાપાશ્રીની હેતભાવવાળી વ્યક્તિ છે એ જણાઈ આવવું જોઈએ. જ્યારે

બહારની વ્યક્તિ આપણને એકતાનો ઉપદેશ કરે એ મને તો પસંદ નથી. એ એમ કહે કે આહાહા! સત્સંગમાં આવી એકતા! આવો સુમેળ, આવો રસબસભાવ ક્યાંય જોવા મળ્યો નથી. એવો જ સૂર વ્યક્તિના મુખમાંથી સરી પડે, ત્યારે આપણી છાતી ગજગજ ફૂલી કહેવાય અને આપણે એ કરી બતાવવું છે. ખરેખર આપણે બધા મૂર્તિમાં છીએ. આ સભા અક્ષરધામની છે. આવાને આવા મનુષ્યરૂપે છીએ એવા જ દિવ્ય સાકાર મહારાજના સ્વરૂપે આપણે મૂર્તિમાં રહ્યા છીએ અને સદાય એમાં છીએ, જવું-આવવું, બાકી કોઈ ઉધારો બાપાએ રાખ્યો નથી. આ વાત આપણે બતાવવી પડે. અને અત્યારથી જ એક અનુસંધાન કે મૂર્તિમાં રાખ્યા છે. એનું સભાનપણું એવું જાગૃત કરી દઈએ કે હવે કોઈ અન્ય નવો શબ્દ ઉચ્ચારવો પડે નહિ.

## ૧૨૭

**સત્સંગ કોને કહેવાય? અધ્યાત્મિક વાતો કરતા અનાદિમુક્તનું વર્તન વધુ સમાસ કરે છે તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

સત્ કહેતા ભગવાન અને તેમના અનાદિમુક્તો એનો વાસ્તવિક સંગ થઈ જાય તેનું નામ સત્સંગ. મૂર્તિ સાથે સીધું જોડાણ થાય એટલે ભગવાન અને ભક્ત વચ્ચે તદ્દન ઢૂંકડું થઈ જાય, જરા પણ અંતર રહે નહિ. ત્યારે અંતર કોને ન

રહે? અનાદિમુક્તને અંતર રહેતું નથી.

આજકાલ આધ્યાત્મિક વાતો, ઉચ્ચ વાતો કરનારનો તોટો નથી. દુનિયાનો one third થી વધારે ભાગ આવો છે કે જે કેવળ વાતો જ કરતા હોય. ત્યારે ભગવાન ને ભગવાનના અનાદિમુક્તો બોલે છે થોડું ને કામ ઝાઝું કરે છે. એનું નામ ભાગવત સંત. બોલે નહિ, કામ કરે. ભગવાન સ્વામિનારાયણના વખતમાં યમ-નિયમ, ત્યાગ-વૈરાગ્ય અને ભગવાનની સ્મૃતિ અખંડ રાખનારા બિલકુલ ભણેલા નહિ એવા સંત હતા. એનું મંડળ બનાવ્યું અને મહારાજે કહ્યું કે જાવ અમને ઓળખાવો. અરે! મહારાજ! અમને કંઈ બોલતા આવડતું નથી. અમને કંઈ ખબર પડતી નથી તો આ બધાને અમે જઈને વાતો કઈ રીતે કરશું? મહારાજ કહે કે તમે આ યમ-નિયમ-ધર્મ શીખ્યા એ તો ખબર છેને? અમારી સ્મૃતિ રાખો છો એ તો ખબર છેને? અને તમે આવા સંત કેવી રીતે બન્યા એ તમને ખબર છે? સંતો કહે કે મહારાજ! તમે બનાવ્યા. મહારાજ કહે કે તો એમ કહેજો. પછી તમારે બોલવું નહિ પડે. તમારું વર્તન વાતો કરશે. તમે જઈને ઊભા રહેજો. કાંઈ બોલશો નહિ. જુઓ કે વર્તનનો ચમત્કાર કેવો છે! પછી બધા સંતો જાય. તેમને જોઈ બધા પ્રભાવિત થાય કે અહાહા! આવા સંત! બોલે નહિ! લોકો કહે કે સ્વામી, તમારે કંઈ જોઈએ? કંઈ રસોઈ જોઈએ? સંતો કહે કે અરે! અમારે તો ભગવાન

સિવાય કાંઈ જોતું નથી. અમને ભગવાન પ્રગટ મળ્યા છે, અમે એનું ભજન કરીએ છીએ અને તમને પણ એ જ કહેવા આવ્યા છીએ કે એમને ઓળખો. લોકો કહે કે તે ભગવાન કોણ કે તમને આવા સંત બનાવી દીધા? સંતો કહે કે અરે! ભગવાન સ્વામિનારાયણ. તેઓ કહે કે લોકો આવી વાતો કરતા હતા પણ અમે માનતા નહોતા પણ અમે પ્રત્યક્ષ જોઈએ છીએ કે જેના આવા સંત છે અને જેણે આવા સંત તમને બનાવ્યા, એ ખરેખર જ પ્રભુ હોવા જોઈએ. ત્યારે જુઓ, વર્તન વાતો વધુ કરે. વાણી એટલી વાતો નથી કરતી.

## ૧૨૮

**સત્સંગમાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસનામાં, આજ્ઞા પાળવામાં, અને વહીવટશુદ્ધિમાં કચાશ હોય તો તેની સામે લડત આપવા વિશે સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના પ્રસંગ દ્વારા પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?**

ઈશ્વરચરણદાસજી સ્વામીએ કહ્યું કે ઉપાસના સમજાવવા માટે આ દેહ ધર્યો છે. એ લડત સામાન્ય લડત નથી. એ લડત તો આજ્ઞાની કાચપ અને ઉપાસનાની કસર સામે છે. એ લડત તો અક્ષરધામ સુધી પહોંચાડે એવી કહેવાય. શા માટે? કે જો આજ્ઞાલોપ સામે લડત કરીને

આજ્ઞાનું શુદ્ધિકરણ સમાજમાં થઈ જાય, ઉપાસનાનું શુદ્ધિકરણ થઈ જાય તો એ લડત તો અહિંસામય છે. અહિંસા અને સત્ય એ બે તો ભગવાનનું સ્વરૂપ છે. તો એવી લડત એમણે ઉપાડી કે જેથી સત્સંગમાંથી આજ્ઞાનો લોપ જતો રહે. વહીવટશુદ્ધિની અંદર ધર્મશુદ્ધિ ટકી રહે એનો જે અભાવ એની સામે લડત. પરમાત્માને ગમે એવી એ લડત. એ લડત કોણે કરાવી? ભગવાન સ્વામિનારાયણે કરી, નહિ કે ઈશ્વરચરણદાસજી સ્વામીએ. ઈશ્વરચરણદાસજી સ્વામી એ તો નિમિત્ત સદ્ગુરુ હતા. ભગવાન સ્વામિનારાયણના મહાન સંત હતા અને આજ્ઞા અને ઉપાસના આ બે ચોખ્ખી થઈ ત્યાં સુધી લડત ચાલુ રાખી. હજી પણ એ લડત ચાલ્યા જ કરે છે. આજ્ઞા શું કહેવાય? એની પણ પૂરી ખબર નથી. જો આજ્ઞા બરોબર સમજીને પળાય તો ઉપાસનાની કાચપ પણ જતી રહે. સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના મેં કહ્યું તેમ, ટ્યુબલાઈટ ને કોડીયું એમ સરખામણી એ ય ઓછી છે.

## ૧૨૯

## આપણા સ્વામિનારાયણ સત્સંગમાં અલગ-અલગ ફાંટા છે તેના સંદર્ભમાં પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

આપણે બધા એક જ શિક્ષાપત્રી વાંચીએ, એક જ વચનામૃત વાંચીએ અને એક જ ભગવાન સ્વામિનારાયણનું

રટણ કરીએ અને એમાં જાત-જાતના ફાંટાઓ થયા તે ફાંટા ન થવા જોઈએ. મંડળો થવા જોઈએ. અને એકબીજાનો વિરોધ ન કરવો જોઈએ અને એક સૂરમાં ભગવાન સ્વામિનારાયણને સમગ્ર વિશ્વમાં જો ગાજતા કરીએ તો કેટલાય જીવોનું સારું થઈ જાય. માટે એક સૂર; કોઈ વિરોધ નહિ. અમદાવાદ, વડતાલ, ભુજ તેમ જ ગુરુકુળ આ બધા એક જ ભગવાનના મંડળો છે. કોઈ બે-પાંચ સ્વામિનારાયણ ભગવાન અલગ અલગ છે અને અમે આ સ્વામિનારાયણને માનીએ છીએ, તમે પેલા સ્વામિનારાયણને માનો છો એવું તો કોઈ બોલતા નથી. જો એકબીજા મંડળો વચ્ચે વિરોધ હોય તો એ બતાવે છે કે આપણે મહારાજને બરાબર સમજ્યા નથી. જો બરાબર સમજ્યા હોઈએ તો વિરોધ જેવી વસ્તુ રહે નહિ. બાપાશ્રીએ તો એમ કહ્યું કે જે પંચ વર્તમાન પાળે, ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પાળે અને ભગવાનને જેવા છે તેવા ઓળખે એ બધા એક મંડળ છે. એ જુદા જુદા મંડળ નથી. અને જુદા જુદા મંડળ સમજે તો ભગવાનનો અપરાધ થાય. આ બાપાશ્રીની જે વાણી તે જીવનમાં ઉતારવા જેવી છે. અને એવો સુલેહ સાધવો જોઈએ કે સંઘર્ષ કે ઝઘડા જેવું કંઈ રહે જ નહિ. અદેખાઈ, ઈર્ષ્યા, દ્વેષ આ શું? બાપાશ્રીને આ ગમતું જ નહિ. કદી પણ નહિ.

# ૧૩૦

## આ સત્સંગમાં બધા એમ કહે છે કે ફલાણાને ત્યાં ભગવાન આવીને થાળ જમી ગયા. ભગવાન પગલાં પાડી ગયા. કંકુ આવી ગયું. તો આ વાતમાં શું સમજવું?

એના માટે એક વસ્તુ સમજવા જેવી છે. અબજીબાપાશ્રીનાં માતુશ્રી દેવુબાએ ૧૩ વર્ષ સુધી તપ કર્યું. ૩ વાગે ઊઠીને સ્નાન કરીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરે. અને આજ્ઞા અણિશુદ્ધ પાળે. ૧૩ વર્ષ સુધી મહારાજે દર્શન ન આપ્યાં. અંતરવૃત્તિએ સુખી રાખે. એ સાક્ષાત્કાર બાપાએ કહ્યો હોં? પણ સુખ ન આવે. તો ૧૩ વર્ષ સુધી તપ કરાવીને અખંડ સ્મૃતિનું તપ કરાવ્યું. અખંડવૃત્તિનું સાધન એ તપથી વળી મોટું તપ કયું? એમ કરતાં કરતાં ૧૩ વર્ષે ભગવાન પ્રસન્ન થયા અને દર્શન આપ્યાં કે માગો. તો એમણે મહારાજને રૂપાળા જોઈને માગી લીધું કે મહારાજ! તમ જેવા પુત્ર ખપે. તમે મળો એમ ન બોલ્યા. મહારાજ તમ જેવા પુત્ર ખપે. મહારાજ રાજી થયા ને કહ્યું, તમારે ત્યાં અમારા અનાદિમુક્ત જે અમારા જેવા જ કહેવાય એ પ્રગટ થશે ને અનેકના કલ્યાણ કરશે. તો ભગવાનના અનાદિમુક્ત પ્રગટ થયા. ભગવાન જ્યારે મનુષ્યરૂપે પ્રગટ ન હોય અને પ્રગટરૂપે દર્શન થાય તેના માટે કેટલું તપ જરૂરી? ગુણાતીતાનંદ સ્વામીની માતાએ ચૌદ વર્ષ સુધી

આવું તપ કર્યું ત્યારે ગુણાતીતાનંદ સ્વામી પ્રગટ થયા.

આવા દર્શન થાય એમાં મોટા ભાગે એવું પણ હોય પ્રસિદ્ધિનો રાગ! જીવનમાં કંઈક નિરાશા આવે તો આવું મન થઈ જાય. એવું પણ બને. થયું ન હોય તો ય કહી દે કે આમ થયું. કોણે જોયું કે ભગવાન આવ્યા છે કે નહિ? બરોબર? ત્યારે એક વસ્તુ એમાંથી શીખીએ કે, કેટલીક વાર પ્રેમી ભક્તો હોય તો એવું પ્રેમનું અંગ હોય એક ક્ષણિક પ્રીતિ આવતાં એનો પ્રેમ ઊભરાઈ જાય તો પ્રભુને સાકાર સ્વરૂપે એકદમ ભાળે. એવું બને, પણ એ સાકાર સ્વરૂપના દર્શન થાય અને એને અતિ આનંદ થાય. એ આનંદ થાય એટલે જીવ એવો છે કે એ બધાને કહેવા લાગે. કહેવા માંડવું એ પ્રસિદ્ધિનો રાગ નહિ તો બીજું શું છે? મહારાજને એમ પૂછવું જોઈએ કે હું બીજાને બોલાવું? બરોબર? તો મહારાજ કહે હા, બોલાવો. નહિ તો બેસી રહેવું. એટલે પ્રત્યક્ષ અપ્રત્યક્ષ એનો આ રીતે આપણે વિચાર કરી લઈએ તો કાંઈ વાંધો નહિ. પણ આવા દર્શન એ ક્ષણિક છે. એથી શું વિશેષ? એક વાર થઈ ગયા પછી કોઈ દી ન થાય. હવે એ દર્શન નથી થતાં એટલે ઓલી મૂર્તિ (પ્રતિમા) પ્રત્યક્ષ છે ને એમાંથી ચિત્રામણનો ભાવ નથી ગયો એ નક્કી થઈ ગયું ને?

# ૧૩૧

## સત્સંગમાં કોઈ સંત-હરિભક્તના સ્વભાવ-વર્તન બરાબર ન હોય ત્યારે આપણે શું સમજવું જોઈએ? તેના વિશે પૂજ્યશ્રી નારાયણભાઈ શું સમજાવે છે?

દિવ્યસભામાં મહારાજ પોતાના અનાદિમુક્ત સહિત બિરાજે છે. વ્યાસપીઠ ઉપર આવીને જે વક્તા બોલે છે તેમાં મહારાજ ભેળા હોય. મહારાજ કોઈવાર ગુસ્સો પણ બતાવે, કોઈવાર ગરમા ગરમ સ્વભાવ પણ દર્શાવે, પણ જો આપણે બરાબર એનું હાર્દ સમજીએ તો એમાંથી સાર વસ્તુ આપણને જોવા મળશે. કારણ કે મેં જોયું કે બધા જ વક્તાઓમાં રહીને મહારાજે તત્ત્વજ્ઞાનની અને મૂર્તિની નવીન નવીન વાતો કરી. સારી વાતો થઈ.

હંમેશાં એક વસ્તુ યાદ રાખીએ, કે આ સાધુ આવો, આમ કરે છે ને આ ફલાણા સ્વામી આમ કરે છે તે વાત પડી મૂકીને મહારાજના સ્વરૂપમાં રહીને સુખ લેવું. વાત બરોબર છે. આપણે વ્યક્તિ સામે નજર નહિ રાખવાની, પણ વર્તન બરાબર ન હોય એની સામે મહારાજની નજર છે. મહારાજને ખરાબ વર્તન દૂર કરી દેવું છે અને સારું વર્તન પ્રસ્થાપિત કરવું છે. એટલે જેમ હમણાં એક ભાઈએ કહ્યુંને કે મહારાજ કળિયા, બળિયા ને છળિયા છે. એમાં એમણે કળિયાની વાત બરાબર સમજાવીને? મહારાજ આ બધી લીલા કરે છે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્ત ન વિચરતા હોય ત્યારે
તેમણે કહેલી વાણી સાંભળવી
એ પણ એમનો સાક્ષાત્ સમાગમ છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com